# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

CDO PRAKASH SAMIKSHA

FORTNIGHTLY

Since 1925...

સળંગ વર્ષ ૯૩મું

VOLUME : 21 • ISSUE : 15 • PAGES : 36 • MUMBAI • DATE : 5TH MARCH 2019 • YEARLY SUBSCRIPTION RS. 50/-

Visit us at : www.prakashsamiksha.com • Email : kdoprakash@gmail.com


## ક.દ.ઓ. જ્ઞાતિનું ગૌરવ CA કમલેશ શીવજી વિકમશી

### યુનીસેફની ઓડિટ એડવાઈઝરી કમિટીના પ્રમુખ તરીકે નિયુક્ત થનારા સર્વ પ્રથમ ભારતીય



યુનાઈટેડ નેશન્સ ચિલ્ડ્રન ફંડ (UNICEF) ન્યુયોર્કની ઓડિટ એડવાઈઝરી કમિટીના પ્રમુખ
તરીકે નિયુક્ત થનારા સર્વ પ્રથમ ભારતીય તથા
વર્લ્ડ મેટોલોજિકલ ઓર્ગેનાઈઝેશન (W.M.O.) જીનીવાના ઓડિટ કમિટીના સભ્ય
તરીકે નિમણુંક પામી જ્ઞાતિને તથા સમગ્ર ભારત દેશને ગૌરવ અપાવનારા
**'કમલેશભા'** ને ખૂબ ખૂબ અભિનંદન...

– પ્રકાશ સમીક્ષા સમિતિ

|| શ્રી ગણેશાય નમઃ || || શ્રી ધૃતકલ્લોલ પાર્શ્વનાથાય નમઃ || || શ્રી અંબે માતાય નમઃ ||

# શ્રી અંબેમાઁ ધરમશી પરિવાર

સ્થાન : સુથરી તીર્થ, તા. અબડાસા, જી. કચ્છ – ૩૭૦ ૪૯૦.

**મુંબઈ નગરે શ્રી ધરમશી પરિવારનાં કુળદેવી શ્રી અંબેમાઁની એકવીસમી પહેડી પ્રસાદ નિમિત્તે**

## ભાવભર્યું આમંત્રણ

શ્રી અંબેમાઁ ધરમશી પરિવારના કુટુંબીજનો તથા સ્નેહીઓ, સહર્ષ જણાવવાનું કે કુળદેવી શ્રી અંબેમાઁની અસીમ કૃપાથી અને આપ સૌનાં સાથ સહકારથી મુંબઈ નગરે શ્રી માતાજી ની **૨૧મી** પહેડી પ્રસાદના આયોજન પ્રસંગે આપ સૌને ભાવભર્યું આમંત્રણ છે.

**શુભ દિવસ :**
સંવત ૨૦૭૫ ફાલ્ગુન વદ ચોથ
રવિવાર, તા. ૨૪/૦૩/૨૦૧૯ ના સવારે ૯ કલાકે

**શુભ સ્થળ :**
ક.વી.ઓ. દેરાવાસી જૈન મહાજન વાડી,
ચિંચબંદર, કેશવજી નાયક રોડ, મુંબઈ.

**પહેડીના દાતા : અ.સૌ. પિંકીબેન કમલેશભાઈ ધરમશી (જશાપર - ભાંડુપ)**

**અન્ય કાર્યક્રમોની રૂપરેખા** સંવત ૨૦૭૫ ફાલ્ગુન વદ ચોથ રવિવાર, તા. ૨૪/૦૩/૨૦૧૯

- સવારે ૦૮.૦૦ કલાકે શ્રી માતાજીની વિશેષ પૂજા અને અર્ચના
- સવારે ૦૯.૦૦ કલાકે કુંભ અને દીપક સ્થાપના
- સવારે ૧૦.૦૦ કલાકે શ્રી માતાજીને પહેડી પધરાવવાની
- સવારે ૧૧.૦૦ કલાકે વિવિધ આદેશોની ઉછામણી તથા જાહેરાતો અને રાસ ગરબા
- બપોરે ૦૧.૦૦ કલાકે શ્રી માતાજીની મહાઆરતી

માતાજીના ભક્તિગીતો, રાસગરબા તથા આરતી થાળની સૂરાવલીનો ત્રિવેણી સંગમ કરાવશે. T- Series ના પ્રખ્યાત ગાયક – 'દાસ' પવનકુમાર શર્મા તથા સાથી કલાકારો

**આ પ્રસંગે આપ સર્વે ભાવિકોને તથા નિયાણી બહેનોને સહપરિવાર પધારવા ભાવભર્યું આમંત્રણ છે.**

**નિમંત્રક : અ.સૌ. પિંકીબેન કમલેશભાઈ ધરમશી (જશાપર - ભાંડુપ)**
**તથા શ્રી અંબેમાઁ ધરમશી પરિવારના જય અંબે...**




## શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન મુંબઈ આયોજિત ૭૯ મો સમૂહ લગ્ન...





**તા.૨૭-૧-૨૦૧૯ને રવિવાર**ના સમૂહ લગ્ન દિવસે વહેલી સવારે સમૂહ લગ્નમાં જોડાયેલ (૬) છ યુવતીઓને શણગાર સજાવટ (બ્રાઈડલ મેઈકઅપ) માટે કિંજલબેને સાથી કાર્યકરોની સાથે સમયસર તૈયાર કરી પોતાની કસબ કળાની સેવા આપેલ. છેલ્લા ૪ (ચાર) વર્ષોથી સળંગ માનદ સેવા આપતાં **કિંજલ બ્યુટી પાર્લર**ના જ્ઞાતિ નિયાણી **કિંજલબેન આશર** જેઓ **માતુશ્રી ગોમાબાઈ હેમરાજ લોડાયા**ની પૌત્રી તથા **અ.સૌ. જયશ્રીબેન ઉત્તમ હેમરાજ લોડાયા**, મોટી ખાવડી-ઘાટકોપરના સુપુત્રી છે.

કિંજલબેન પોતાના વ્યવસાયમાં ઉત્તરોત્તર પ્રગતિ કરે તથા સત્તત રિદ્ધિ, વૃદ્ધિ અને સિદ્ધિ પ્રાપ્ત કરી ભવિષ્યમાં એમના દ્વારા સમાજોપયોગી પ્રવૃત્તિઓમાં માનદ સેવા મળતી રહે એવી પ્રભુ પરમેશ્વરને પ્રાર્થના.

મુંબઈ મહાજનશ્રી દ્વારા કિંજલબેનની માનદ સેવા બદલ **ભૂરી ભૂરી અનુમોદના....**

આદ્યતંત્રીઓ
''પ્રકાશ''
ડૉ. વેલજી પાશ્વીર ગોસર
''સમીક્ષા''
સનત્ શાહ અને
ગોવિંદજી જીવરાજ લોડાયા
''પ્રકાશ સમીક્ષા''
સનત્ શાહ

: તંત્રી :
હિરાચંદ દામજી દંડ
: તંત્રી મંડળ :
કેશરસિંહ આણંદજી ખોના
ઉદયન લાલજી લોડાયા
મુકેશ ભવાનજી લોડાયા

ટ્રસ્ટ રજી. નં : F - 69260
પ્રમુખ : હીરાચંદ દામજી દંડ
માનદ્મંત્રી : ઉદયન લાલજી લોડાયા
કોષાધ્યક્ષ : કિરીટ ખેતસી મુનવર
અન્ય ટ્રસ્ટીઓ
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
રાયચંદ રતનશી નાગડા
શરદ કાંતિલાલ શાહ (નાગડા)
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
પંકજ પ્રતાપ શાહ
શૈલેશ સનત્ શાહ
જયંત વિશનજી છેડા
મુકેશ ભવાનજી લોડાયા
અન્વેષક
CA મણિકાંત વસનજી નાગડા

અંક નં. ૧૫
Date : 05-03-2019

: કાર્યાલય :
પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું
C/o. Shri R. R. Nagda,
Advocate High Court
29/41, Tamarind Lane,
Behind Poornima Rest.,
Rajabahadur Comp,
Nr. Stock Exchange Bldg.
Fort, Mumbai - 400 001
E-mail : kdoprakash@gmail.com

સમય : બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

: જાહેરાત સંપર્ક :
મુકેશ ભવાનજી લોડાયા
022-2508 4463/64/65
Mob.: 98211 54326

પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....
www.prakashsamiksha.com

**તંત્રી સ્થાનેથી**

# ઉચ્ચ શિક્ષણના પડકારો

ફેબ્રુઆરી-માર્ચ મહિનો શરૂ થતાં જ વિદ્યાર્થીઓના વાલીઓનું બ્લડ પ્રેશર વધી થાય છે. સંતાનો સારા માર્કસથી ઉત્તીર્ણ થાય એ માટે વધુ મહેનત કરી લક્ષ્યપૂર્તિ કરે એ માટે વાલીઓ ખૂબજ તાણ અનુભવે છે.

વર્તમાન સમયમાં મોટા ભાગના વાલીઓ શિક્ષિત છે અને તેઓ શિક્ષણ અને લક્ષ્ય પ્રાપ્તિ અંગે જાગૃત છે એટલે ભવિષ્યની યોજનાઓ બનાવી રાખે છે છતા પણ વર્ષાંત પરીક્ષાઓ આવે છે ત્યારે વિદ્યાર્થીઓની સાથે સાથે વાલીઓ પણ તાણ અનુભવે છે.

ઉચ્ચ અભ્યાસક્રમની પરીક્ષાઓ સિવાય પણ માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓના વાલીઓને ઉચ્ચ અભ્યાસ માટે લાગનારા ખર્ચની ચિંતા સતાવે છે. આજે સારી નોકરી માટે ફક્ત ગ્રેજ્યુએશન પુરતું નથી. વિદ્યાર્થીઓએ કોઈ વિશેષ યોગ્યતા પ્રાપ્ત કરવી પડે છે અને આવા અભ્યાસક્રમો માટે ખૂબજ મોટી ફી ભરવી પડતી હોય છે જે ઘણા બધા વાલીઓને પોષાતી નથી. વાલીઓએ પોતાના બાળકોને 'કેરીઅર ગાઈડન્સ કોર્સીસ'માં મોકલવા જોઈએ જે તેમને યોગ્ય અભ્યાસક્રમ પસંદ કરવા મદદરૂપ બને છે. આપણી જ્ઞાતિમાં પણ આવા આયોજનો હાથ ધરાય છે જેનો લાભ જ્ઞાતિના વિદ્યાર્થીઓ વાલીઓ લઈ શકે છે.

વાલીઓએ પોતાના સંતાનો સાથે સંવાદ સાધીને તેમના રસ-રૂચિ અને વિશેષતાઓને સમજવા જરૂરી છે. વાલીઓએ સેવેલાં સપના પ્રમાણે સંતાનો અભ્યાસક્રમ પસંદ કરે એ આવશ્યક નથી. આજે અનેકવિધ અભ્યાસક્રમો ઉપલબ્ધ છે તેમાંથી વિદ્યાર્થી પોતાની પસંદગીનો અભ્યાસક્રમ પસંદ કરી શકે છે.

સારી ગુણવતા ધરાવતા વિદ્યાર્થીઓ માટે આર્થિક સહાયતા મળી શકે છે તે અંગે વાલીઓએ આગોતરા માહિતી મેળવી રાખવી જોઈએ. આપણે નસીબદાર છીએ કે આપણી ક.દ.ઓ. જ્ઞાતિની અનેક સંસ્થાઓ ક.દ.ઓ. વિદ્યાર્થીઓ માટે સહાયતા આપી રહી છે. છતા પણ કદાચ તે સહાયતા અપૂરતી છે. આજે લઘુમતી વિભાગ માટે સરકાર દ્વારા પણ સહાયતા મળે છે જેનો આપણે જૈન તરીકે લાભ લઈ શકીએ છીએ. વધુમાં 'જીતો' જેવી મોટી જૈન સંસ્થાઓ વિદેશના ખર્ચાળ અભ્યાસક્રમો તથા કેટલાક મહત્વપૂર્ણ અભ્યાસક્રમો માટે સહાયતા આપી રહ્યા છે.

આ અંગેની વિસ્તૃત માહિતી વાલીઓ મેળવી લે તો છેલ્લે છેલ્લે થતી દોડધામથી બચી શકાય અને શૈક્ષણિક આર્થીક સહાયતા માટે સમયસર અરજી કરી શકાય.

ઘણી બધી બેંકો તથા આર્થિક સંગઠનો પણ ઉચ્ચ અભ્યાસ માટે ઓછા વ્યાજથી લોન આપે છે. વર્ષાંત પરીક્ષાના પરિણામો આવે એ પહેલાં વાલીઓએ આ અંગેની સઘળી માહિતી મેળવી લેવી જોઈએ.

વર્ષાંત પરિક્ષાઓ આપનારા સૌ વિદ્યાર્થીમિત્રોને પરીક્ષામાં સફળતા માટે ખૂબ ખૂબ શુભેચ્છાઓ....

**- હિરાચંદ દામજી દંડ**

hirachanddand@gmail.com, Mob.: 7738508150

## Whatsapp પ્રકાશ સમીક્ષા - જ્ઞાતિને સાંકળતી કડી

અગાઉ વખતોવખત જાહેર કર્યું છે તેમ ૨૦૧૮ થી પ્રકાશ-સમીક્ષાએ પ્રાયોગિક સ્તરે તેની ઓનલાઇન આવૃતિનો પ્રારંભ કર્યો હતો જેના ૨૦૦ જેટલા અંકો પ્રકાશિત થઇ ચુક્યા છે જે ખૂબજ નોંધનીય છે. આમાં આપ પણ જોડાઇને જ્ઞાતિને લગતા સમાચારો દરરોજ જાણી શકો છે. **સંપર્ક : શ્રી તિલકભાઇ કુંવરજી લોડાયા** - 99406 36646

**- તંત્રી મંડળ**

### જાહેરાત/લવાજમ ભરવા અમારી બેંક એકાઉન્ટની વિગત નીચે મુજબની છે.

For NEFT Transfer
Type of Account : Saving
Account Number : 004003000002
Name of the Bank : Shri Arihant Co-op Bank Ltd.
Branch : Chinch Bunder, Mumbai - 400 009.
IFSC Code : ICIC00ARIHT (after ICIC it is zero zero)
MICR Code : 400800005
Name of the Account: Shri C D O Prakash Samiksha Samiti
For Mobile App Transfer
Our MMID Code : 8359011
You must write/mail separate letter giving payment reference number, amount and date of transfer.
For old subscribers-Just give your Subscription Number.
For New Subscribers - Give full residence address with native village (Kutch Halar).

જાહેરાત / લવાજમ મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.
જુના ગ્રાહકોએ ફક્ત ગ્રાહક નંબર મોકલવો.
નવા ગ્રાહકોએ હાલનું પૂરું સરનામું પોતાના (કચ્છ-હાલાર)ના ગામ સાથે લખી મોકલવું.

For Cheque Payment
Draw your cheque in the name of **"Shri C D O Prakash Samiksha Samiti"** and payable at par at Mumbai.
ચેકથી જાહેરાત/ લવાજમ ભરનારાઓને ચેક Shri C D O Prakash Samiksha Samiti નાં નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવો જોઈએ.




### પ્રકાશ-સમીક્ષાના જાહેરાત દર ૩૧ માર્ચ ૨૦૧૯ સુધી

**કલર પાનાની જાહેરાત**

| પ્રકાર | સાઈઝ | કલર | GST 5% | ટોટલ |
|---|---|---|---|---|
| મુખપૃષ્ઠ | 167 x 190 mm | 10,000/- | 500/- | 10,500/- |
| આખું પાનું | 167 x 233 mm | 9,000/- | 450/- | 9,450/- |
| અડધું પાનું | 167 x 114 mm | 5,000/- | 250/- | 5,250/- |
| પા પાનું | 82 x 114 mm | 3,000/- | 150/- | 3,150/- |

**બ્લેક એન્ડ વ્હાઈટ પાનાની જાહેરાત**

| પ્રકાર | સાઈઝ | B/W | GST 5% | ટોટલ |
|---|---|---|---|---|
| આખું પાનું | 160 x 225 mm | 5,000/- | 250/- | 5,250/- |
| અડધું પાનું | 160 x 111 mm | 2,700/- | 135/- | 2,835/- |
| પા પાનું | 77 x 111 mm | 1,500/- | 75/- | 1,575/- |
| ૧/૮ પાનું | 77 x 54 mm | 800/- | 40/- | 840/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | 450/- | 23/- | 473/- |

ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા

### પ્રકાશ-સમીક્ષાના જાહેરાત દર ૧ એપ્રિલ ૨૦૧૯ થી

**કલર પાનાની જાહેરાત**

| પ્રકાર | સાઈઝ | કલર | GST 5% | ટોટલ |
|---|---|---|---|---|
| મુખપૃષ્ઠ | 167 x 190 mm | 11,000/- | 550/- | 11,550/- |
| આખું પાનું | 167 x 233 mm | 10,000/- | 500/- | 10,500/- |
| અડધું પાનું | 167 x 114 mm | 6,000/- | 300/- | 6,300/- |
| પા પાનું | 82 x 114 mm | 4,000/- | 200/- | 4200/- |

**બ્લેક એન્ડ વ્હાઈટ પાનાની જાહેરાત**

| પ્રકાર | સાઈઝ | B/W | GST 5% | ટોટલ |
|---|---|---|---|---|
| આખું પાનું | 160 x 225 mm | 6,000/- | 300/- | 6,300/- |
| અડધું પાનું | 160 x 111 mm | 3,500/- | 175/- | 3,675/- |
| પા પાનું | 77 x 111 mm | 2,000/- | 100/- | 2,100/- |
| ૧/૮ પાનું | 77 x 54 mm | 1100/- | 55/- | 1155/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | 600/- | 30/- | 630/- |

ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા

**RR*ની કલમે***

## જ્ઞાતિ સંમેલનના બે મહીના પછી...

ગત ડિસેમ્બર અંતમાં કચ્છ-નલીયામાં યોજાયેલ ચુતર્થ જ્ઞાતિ સંમેલન આમ ભલે ત્યાં દેખીતા ઉત્સાહ-ઉમંગ અને ઉત્સવી માહોલથી ભરપૂર રહ્યું હતું પરંતુ તે પહેલાના મુંબઇ (૧૯૪૭), હુબલી (૧૯૭૯) અને મુંબઇ (૧૯૯૧)માં યોજાયેલ જ્ઞાતિ સંમેલનોમાં જે રીતે તે તે વખતના જ્ઞાતિ પ્રશ્નો વિશે સ્વતંત્ર, મૌલિક અને નિષ્પક્ષ ચિંતન-મનન કરવા દેશભરના લગભગ તમામે તમામ પ્રથમ પંક્તિના જ્ઞાતિ અગ્રણીઓ, યુવા કાર્યકરો અને મહિલા-માનુનીઓની સ્વયંસ્ફૂરિત ઉપસ્થિતિ રહી હતી અને તેમની વચ્ચે નિખાલસ મંતવ્યો-પ્રતિમંતવ્યોના અર્થસભર આદાન પ્રદાન થયા હતા તેમજ તેને લીધે, તે તે સંમેલનો પહેલાં એકબીજાથી અપરિચિત કે અલ્પપરિચિત જ્ઞાતિ કાર્યકરોમાં સંમેલન પછી હેતુપૂર્ણ રચનાત્મક સંવાદ સેતુ રચાયા હતા તે પ્રકારની સ્વયંસ્કુરિત અને ગુણવત્તાસભર હાજરી અને વિચાર વિનિમયની ભૂમિકા આ સંમેલનમાં ઘણા ઓછા પ્રમાણમાં દેખાયા હતા કે રચાઇ હતી તે કડવી વાસ્તવિકતાએ જ આ બે મહિના પછી પણ જાણે જ્ઞાતિમાં એક પ્રકારનો સોપો પડી ગયો હોય એવું વાતાવરણ સર્જાયું છે.

અલબત્ત, સંમેલન પછી સમસ્ત મહાજનના ટ્રસ્ટીઓ અને ત્યાં નિમાયેલ વિવિધ સમિતિઓની કેટલીક બેઠકો મળી રહી છે અને સંમેલનના નિર્ણયો તથા ઠરાવોના અમલીકરણ માટે થોડી ઘણી કાર્યવાહીઓ થઇ રહી છે પરંતુ તે સમસ્ત મહાજનના આંતરિક સ્તરે જ મર્યાદિત રહી છે, જ્ઞાતિના બૃહદ કે બાહ્ય તખ્તા પર તેના પ્રચાર-પ્રસાર કે સંચાર બિલકુલ અનુભવાતા નથી તે પણ એક વરવી હકીકત છે.

આમાં પણ ૭૨ વર્ષ પહેલાના મુંબઇના પ્રથમ સંમેલન પછી તરતજ અસ્તિત્વમાં આવેલ મધ્યસ્થ મહાજનના પગલે તેમજ ૪૦ વર્ષ પહેલાના હુબલીના સંમેલનના અરસામાં નવનિર્મિત પામેલ કચ્છ, મુંબઇ, ઉત્તર, દક્ષિણ, પૂર્વ, પશ્ચિમના રાજ્યોના સ્વતંત્ર એકમોના પગલે જ્ઞાતિમાં જે રીતે સક્રિયતાના ચક્રો ગતિમાન થયા હતા તેની તુલનામાં ૨૮ વર્ષ પહેલા મુંબઇમાં યોજાયેલ તૃતિય જ્ઞાતિ સંમેલનની ફળશ્રુતિ તો શુન્યથી પણ ઉલટી દિશામાં પરિણમી હતી અને સમસ્ત મહાજનનું આખું માળખુ ધરાશાયી થયુ હતું. જેને ચૌદેક વર્ષ પહેલા ખાસ કરીને તિલોકચંદભાઇ દંડ, ચીમનભાઇ મોતા, અને સ્વ. વિનોદ ધુલ્લા જેવા સંનિષ્ઠ અગ્રણીઓના સાતત્યપૂર્વકના સંયુક્ત પ્રયાસોએ ફરીથી ઉભું કરાયું હતું. અને તે પછી જ સમસ્ત મહાજનનો પુર્નજન્મ થઇ શકયો હતો, જે દરમ્યાન પહેલાની નાની ન્યાતનું મુખ્ય જ્ઞાતિમાં વિલીનીકરણ શક્ય બન્યું હતું.

જે રીતે છેલ્લા ચતુર્થ સંમેલનમાં ચીમનભાઇની સૂચક સંપૂર્ણ ગેરહાજરીને સાહજિકતાથી સ્વીકારવામાં કે નજર અંદાજ કરવામાં આવી હતી અને તિલોકચંદભાઇને તદ્દન ઔપચારિક પ્રકારનું મહત્વ અપાયું હતું તેવી જ રીતે સંમેલનમાં 'જ્ઞાતિરત્ન' જેવા બહુમાન મેળવવા માટે હઠાગ્રહ કરાયો હતો અને અન્ય ટ્રસ્ટીઓને વિવશ બનવા ફરજ પડાઇ હતી. સુપાત્ર જ્ઞાતિ શ્રેષ્ઠીઓને વિસારે પાડીને જે રીતે સંમેલનમાં માન- અકરામો આપવામાં વિવેકભાન જળવાયું ન હતું, તે સર્વ ચેષ્ટાઓ અને ઉપક્રમો આ સંમેલનના હર્ષોલ્લાસ વચ્ચે ભલે ધરબાઇ ગયેલાં લાગતા હોય પરંતુ તે પરત્વે સમસ્ત જ્ઞાતિએ ધીરગંભીરપણે આત્મ નિરીક્ષણ કરવાની તાતી જરૂર છે અને તે સભાનતા ખાસ કરીને સમસ્ત મહાજનના ટ્રસ્ટીઓએ હવે અપનાવવી જ પડશે અને સમગ્ર જ્ઞાતિના વિચારશીલ અગ્રણીઓને સાથે રાખીને નક્કર પગલાં લેવા પડશે, અન્યથા આ ચુતર્થ સંમેલન ગુંજારવ અને ગોકીરાના નકરા ગણગણાટમાં શમી જશે અને તૃતીય સંમેલનની ભૂલી જવા યોગ્ય સ્મૃતિઓની પુનરાવૃતિ સપાટી પર પ્રગટ થશે.

* * *

### 'પ્રકાશ સમિક્ષા'ના વોટ્સએપ દૈનિક પ્રકાશનમાં જોડાઇ જવા વિનંતી

અગાઉ વખતોવખત જાહેર કર્યું છે તેમ ૨૦૧૮ થી પ્રકાશ-સમીક્ષાએ પ્રાયોગિક સ્તરે તેની ઓનલાઇન આવૃતિનો પ્રારંભ કર્યો હતો જેના ૨૦૦ જેટલા અંકો પ્રકાશિત થઇ ચુકયા છે જે ખૂબજ નોંધનીય છે. આ વોટ્સએપ દૈનિકમાં કોઇ વિવાદાસ્પદ કે ચર્ચાત્મક પ્રશ્નો લેવામાં આવતા નથી અને અત્યારસુધી તેમાં કોઇ પણ દિવસે વિક્ષેપ વગર તેના એડમીનીસ્ટ શ્રી તિલકભાઇ કુંવરજી લોડાયા (ચેન્નાઇ), (ભૂતપૂર્વ ઇન્કમટેક્ષ કમીશ્નર) દ્વારા જ્ઞાતિની યુવા અને અન્ય પ્રતિભાઓ, તેમની સિધ્ધિઓ અને ઉપલબ્ધિઓ સહિતની કેવળ સકારાત્મક અને પ્રેરક માહિતી દરરોજ વોટ્સએપ પર અપાઇ રહી છે, આમાં આપ પણ જોડાઇને જ્ઞાતિને લગતા સમાચારો દરરોજ જાણી શકો છે.

**સંપર્ક : શ્રી તિલકભાઇ કુંવરજી લોડાયા – 99406 36646**

॥ જય જય શ્રી આદિનાથ ॥

# શ્રી વારાપધ્ધર ક.દ.ઓ. જૈન મહાજન

તથા

# શ્રી વારાપધ્ધર જૈન યુવક મંડળ

KDO દશાઓની નવી દિશા

## પધારશો... પધારશો... પધારશો...

*અબડાસાની નુતન પંચતીર્થી 'વાવાલાપરા' ના વારાપધ્ધર તીર્થે*

*'' પર્યુષણ મહાપર્વની આરાધના કરવા, પધારો માદરે વતન વારાપધ્ધર...''*

**પર્વ પર્યુષણ આવિયાને એનો રંગ ગયો ઘેર ઘેર રે...**

**ધર્મનો રંગ લાગ્યો...**

ધર્મનો રંગ લગાડવા, પર્વાધિરાજ પર્યુષણ મહાપર્વની આરાધના કરવા શ્રી આદિનાથ દાદાની છત્ર છાયામાં **આરાધક-વિધિકાર શ્રી કેવલભાઈ સાવલા** ની સંગાથે સર્વે ગામવાસી તેમજ નિયાણી બહેનોને સહપરિવાર પધારવા *ભાવભર્યુ આમંત્રણ...*

**મુંબઈ થી શુભ પ્રસ્થાન**
તા. ૨૫/૦૮/૨૦૧૯, રવિવાર
સયાજીનગરી એકસ.

**ભુજ થી મુંબઈ આગમન**
તા. ૦૫/૦૯/૨૦૧૯, ગુરૂવાર
કચ્છ એકસ.

**મુંબઈ-વારાપધર-મુંબઈ નો ચાર્જ વ્યકિત દીઠ રૂ.૧૦૦૦/-(નોન રીફંડેબલ)**

પર્વાધિરાજ પર્યુષણ મહાપર્વની આરાધના **તા. ૨૭/૦૮/૨૦૧૯, મંગળવાર** થી **તા. ૦૪/૦૯/૨૦૧૯, બુધવાર** દરમ્યાન આનંદ-ઉલ્લાસ ભેર ઉજવવામાં આવશે. આપ સર્વે ગામવાસી અને નિયાણી બહેનોને બહોળી સંખ્યામાં પધારી આરાધનામાં જોડાવવા નમ્ર વિનંતી. મહાપર્વનાં દિવસો દરમ્યાન સાધર્મિક ભકિત શ્રી મહાજનના રસોડે રહેશે. સ્થાનિકે ઉતારાની વ્યવસ્થા મહાજનશ્રી દ્વારા સમુહમાં કરવામાં આવશે. જે કોઈ સ્થાનિકે પધારવાના હોય તેમણે અગાઉ થી જાણ કરવા વિનંતી જેથી રસોડાની તથા ઉતારાની વ્યવસ્થા સુચારૂ રૂપે થઈ શકશે.

**નામ નોંધાવવાની અંતિમ તા. ૨૦/૦૪/૨૦૧૯**

**પર્વાધિરાજ પર્વ દરમ્યાન સાધર્મિક ભકિત તથા નીચે મુજબના વિવિધ નકરાઓમાં લાભ સવાયા લેવા નમ્ર વિનંતી.**

| સંપૂર્ણ દિવસની સાધર્મિક ભકિત | નવકારશી | મધ્યાહ્ન ભોજન | બપોરની ચા |
|---|---|---|---|
| રૂા. ૧૬,૦૦૦/-(બીજ/છઠ રૂા.૨૦,૦૦૦/-) | રૂા.૪૫૦૦/-(બીજ/છઠ રૂા.૫૦૦૦/-) | રૂા. ૭૦૦૦/-(બીજ/છઠ રૂા.૯૦૦૦/-) | રૂા. ૧૫૦૦/- |

| ચૌવિહાર | નવકાર જાપનું અનુષ્ઠાન | શ્રી સંઘ પુજન | શ્રી ભકતામર લકકી ડ્રો | પ્રભાવના ફંડ |
|---|---|---|---|---|
| રૂા.૫૦૦૦/-(બીજ/છઠ રૂા.૬૦૦૦/-) | રૂા. ૩૩,૩૩૩/- | ૧ આની રૂા. ૧૦૦૦/- | રૂા. ૧૫૦૦/- | રૂા. ૨૫૦૦/- |

**-: સંપર્ક :-**

**ભદ્રેશ છેડા :** ૯૯૨૦૮૯૦૯૪૧, **ચેતન લોડાયા :** ૯૮૨૦૪૪૪૧૬૩, **જયેશ લાલકા :** ૯૦૦૪૦૩૯૨૧૯,
**ભુપેન્દ્ર લોડાયા :** ૯૪૨૬૯૨૧૯૧૨

**લી. શ્રી વારાપધ્ધર ક.દ.ઓ. જૈન મહાજન વતી ટ્રષ્ટી ગણ.**

## સુપાત્ર દાન તથા સાધર્મિક ભકિતનો કોઈ મોલ નથી...

માદરે વતન વારાપધર ગામમાં કાયમી ભોજનશાળાની વ્યવસ્થા છે જેમાં ગામમાં રહેતા વડીલો આદિને રોજ ભોજન વ્યવસ્થા થઈ શકે તેમજ ગામમાં પધારતા ગુરૂ ભગવંતો માટે પણ ગોચરી પાણીની વ્યવસ્થા થઈ શકે... જેનો નકરો રૂ. ૧૦,૦૦૦/- પ્રતિ વર્ષના.

## શૈક્ષણીક - વૈધકીય સહાય યોજના

છેલ્લા કેટલાક વર્ષોથી કાર્યરત એવી શૈક્ષણીક તથા વૈધકીય સહાય યોજના અંતર્ગત આપણા ગામના જરૂરીયાત મંદ પરિવારોને શિક્ષણાર્થે તેમજ મેડીકલ સહાય અર્થે અનુદાન આપવામાં આવે છે. જેનો નકરો રૂ.૧૦,૦૦૦/- પ્રતિ વર્ષના.

**નોંધઃ-** શૈક્ષણીક ફોર્મ - વૈધકીય(મેડીકલ) સહાયના ફોર્મ કાર્યકર્તાઓ પાસેથી મળી શકશે.

**મુંબઈ :-** ભદ્રેશ છેડા : ૯૯૨૦૮૯૦૯૪૧ ચેતન લોડાયા : ૯૮૨૦૪૪૪૧૬૩ જયેશ લાલકા : ૯૦૦૪૦૩૯૨૧૯
**કચ્છ :-** ભુપેન્દ્ર લોડાયા : ૯૪૨૬૯૨૧૯૧૨

## છેલ્લાં ૯૪ વર્ષથી જ્ઞાતિની પાંચ પેઢીઓ સાથે સંલગ્ન
## 'પ્રકાશ-સમીક્ષા'નું સ્વૈચ્છિક વાર્ષિક લવાજમ રૂા. ૨૫૦/-

'પ્રકાશ સમીક્ષા' પહેલાં માસિક સ્વરૂપે, તે પછી સાપ્તાહિક રૂપે અને હવે પાક્ષિક તરિકે મહીનામાં બે વખત પ્રગટ થાય છે. આ અનુસાર દર મહીનાની તા. ૫ અને તા. ૨૦ ના પ્રકાશિત થતા અંકની ૭૦૦૦ જેટલી નકલો મુંબઇ જી.પી.ઓ.માં અનુક્રમે તા. ૮ અથવા ૯ અને તા. ૨૩ અથવા ૨૪ના પોસ્ટ કરવામાં આવે છે. અલબત્ત, 'વસતીપત્રક સમિતિ' દ્વારા પ્રકાશ-સમીક્ષાના દરેક અંક પ્રકાશન તારીખોએ અથવા બીજા દિવસે વેબસાઇટ ઉપર અપલોડ કરવામાં આવે છે.

- તાજેતરમાં પ્રકાશ-સમીક્ષા સમિતિ ટ્રસ્ટની મળેલી સભામાં 'પ્રકાશ-સમીક્ષા'નું આગામી વર્ષ ૨૦૧૯-૨૦નું અંદાજપત્ર પસાર થયું છે. જેની મુખ્ય વિગતો આ અંકમાં અન્યત્ર પ્રગટ કરી છે.
- આમ, આપ જોશો કે દર મહીને જાવકની રકમ આવક કરતાં ઘણી વધારે છે તેને અનુલક્ષીને આવકના એક સ્ત્રોત તરિકે વાર્ષિક (સ્વૈચ્છિક) લવાજમ તા. ૧ એપ્રિલ ૨૦૧૯થી હાલના રૂા. ૫૦/-ને બદલે રૂા. ૨૫૦/- કરવાનું નક્કી થયેલ છે.
- આમ છતાં, દર પખવાડીએ ૭૨૦૦ કુટુંબોને અંકો ટપાલમાં મોકલવાની હાલની જે પ્રણાલિકા છે તે સમિતિ હવે પછી જ્યારે પણ અન્ય નિર્ણય ન લે ત્યાં સુધી ચાલુ રહેશે.
- ચારેક દાયકા અગાઉ જ્યારે 'પ્રકાશ-સમીક્ષા' માસિક સ્વરૂપે પ્રગટ થતું હતું તે વખતે જેમણે આજીવન લવાજમના રૂા. ૫૦૦/- ભર્યા છે તેમને અમે આ પહેલાં પણ સૂચવ્યું હતું તેમ ફરીથી સૂચવીએ છીએ કે તેઓ ૩૦ જુન ૨૦૧૯ પહેલાં અમને તે રકમ પરત કરવાનું જણાવશે તો તે વીસેક દિવસમાં તે રકમ પાછી મોકલવા અમે વ્યવસ્થા કરીશું અન્યથા તે રકમ હવે નક્કી થયેલા સુધારિત વાર્ષિક લવાજમના બે વર્ષ (૨૦૧૯-૨૦ અને ૨૦૨૦-૨૧)ના લવાજમો તરિકે સરભર થયેલી ગણાશે.
- અગર કોઇ કિસ્સામાં ઉપરોક્ત આજીવન લવાજમના રૂા. ૫૦૦/- ભરનાર જ્ઞાતિજનો નવું સુધારિત લવાજમ પણ ભરશે તો તે છતાં પણ તેઓ ૧ જુલાઇ પછી તે રકમ (રૂા. ૫૦૦/-) પરત માગી શકશે નહીં.
- જેઓ સ્વૈચ્છિક લવાજમ ભરવા ઇચ્છુક હશે તેઓ તે રકમ મની ઓર્ડરથી અથવા 'અરિહંત બેંક'માં પ્રકાશ-સમીક્ષાના ખાતામાં A/c No. Details સીધે સીધા ટ્રાન્સફર કરી શકશે અને તેની જાણ અમને જુદા પત્ર-પોસ્ટ કાર્ડ-ઇમેલ દ્વારા કરવાની રહેશે જે માટે હાલ આપને મળતા દરેક અંકના છેલ્લા પાના પર આપના સરનામાના સ્ટીકર ઉપર જે PS નંબર દર્શાવેલ છે તે અચૂકપણે લખવા વિનંતિ છે. આ PS નંબર પ્રકાશ-સમીક્ષાએ આપને કાયમી ધોરણે ફાળવેલ છે જેમાં આપનું રહેઠાણ બદલાશે તો પણ તેમાં ફેરફાર થશે નહીં અથવા અન્ય કોઇને પણ ભવિષ્યમાં ફાળવશે નહીં.
- વોટ્સએપ નં. **9372300236** ઉપર આપનો પ્રકાશ સમીક્ષાને ફક્ત મેસેજ મોકલી શકશો.
- દેશભરમાં પ્રગટ થતા સર્વ વિવિધ સામયિકોના સંચાલકોનો ટપાલ ખાતાનો જે સર્વસામાન્ય અનુભવ છે કે તેમના ગ્રાહકોને અંકો અનિયમિત મળે છે અથવા બિલકુલ મળતા નથી.

'પ્રકાશ-સમીક્ષા'ના અંકો બાબત પણ વાચકો દ્વારા આ ફરિયાદો થતી રહી છે તેથી લવાજમ ભરનાર જ્ઞાતિજનોએ પણ આ પરિસ્થિતિનો સ્વીકાર કર્યો છે તેમ ગણાશે.

### લવાજમ ભરવા માટે બેંક એકાઉન્ટન્ટની વિગત

| | |
|---|---|
| Type of Account | : Saving |
| Account Number | : 004003000002 |
| Name of the Bank | : Shri Arihant Co-op Bank Ltd. |
| Branch | : Chinch Bunder, Mumbai - 400 009. |
| IFSC Code | : ICIC00ARIHT (after ICIC it is zero zero) |
| MICR Code | : 400800005 |
| Name of the Account | : Shri C D O Prakash Samiksha Samiti |

### વિગતવાર સમાચાર મોકલવામાં ઔચિત્ય - મર્યાદા

જ્ઞાતિ સંસ્થાની પ્રવૃત્તિઓ અને કાર્યક્રમોના સમાચારો સમાચાર વિભાગમાં પ્રકાશિત કરવા મોકલતી વખતે મુખ્ય વિગતો જ જણાવવા વિનંતિ છે. દીપ પ્રાગટ્ય, નવકાર મંત્ર પઠન, કોણે કોનું સન્માન કર્યું, ઇનામો-પારિતોષિકો મેળવનારનાં નામો, પર્યુષણમાં કયું સપનું કોણે પધરાવ્યું, ક્યા ક્યા વિશિષ્ટ મહાનુભાવો હાજર રહ્યા હતા જેવી વિગતો સમાચારમાં લઇ શકાતી નથી. આ માટે જાહેરખબરના માધ્યમનો જ ઉપયોગ કરી શકાશે.



# શ્રી જખૌ પાંજરાપોળ ટ્રસ્ટ અને ગૌશાળા

**Trust Reg. No. E-302 (Kutch) Dated 28/09/1966 • જખૌ, કચ્છ - ૩૭૦૬૪૦.**

## જીવદયા સહાય માટે વિજ્ઞપ્તિ

દુષ્કાળની પરિસ્થિતિમાં જીવદયા સહાય માટેની જખૌ પાંજરાપોળની વિજ્ઞપ્તિ ને દાતાઓનો ખૂબ ઉદાર પ્રતિસાદ મળ્યો છે. તા. ૨૦-૨-૨૦૧૯ બાદ નીચે મૂજબ ના દાન/સહાય પ્રાપ્ત થયા છે.

૧) રૂા. ૧,૧૧,૦૦૦/- શેઠ શ્રી રાકેશકુમાર કાન્તિલાલ જોબનપુત્રા (વેરાવળ), ૨) રૂા. ૫૫,૦૦૦/- વર્ધમાન જીવદયા કેન્દ્ર મુંબઇ, ૩) રૂા. ૬૦,૦૦૦/- શેઠ વર્ધમાન કલ્યાણજી ટ્રસ્ટ શ્રી વસઇ જૈન તીર્થ (ભદ્રેસર), ૪) રૂા. ૨૫,૦૦૦/- શ્રી મણીકાન્ત ઠાકરશી નાગસી લોડાયા (જખૌ, મુલુંડ) - (ગયા અંકનો સુધારો), ૫) રૂા. ૨૫,૦૦૦/- શ્રી કચ્છી જૈન સંઘ (કલકત્તા), ૬) રૂા. ૨૫,૦૦૦/- શેઠ જીવણદાસ ગોડીદાસ શંખેશ્વર પાર્શ્વનાથજી જૈન દેરાસર ટ્રસ્ટ (અમદાવાદ), ૭) રૂા. ૧૨,૦૦૦/- કચ્છી દશા ઓશવાળના છેડા ગોત્રના અંબે મા ની પહેડીના, ૮) રૂા. ૧૧,૦૦૦/- શ્રી વીર જૈન સેવા મંડળ (સોલાપુર), ૯) રૂા. ૫,૦૦૦/- શ્રી મહાવીર નગર શ્વે. મૂર્તિ પૂજક જૈન સંઘ (કાન્દીવલી, મુંબઇ), ૧૦) રૂા. ૨,૬૦૬/- શ્રી ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજન ધુલીઆ, ૧૧-૧૨-૧૩) રૂા. ૨,૫૦૦/- દરેકના - માતુશ્રી ચોથબાઇ સુંદરજી ભીમજી દામા, વાલજી સુન્દરજી ભીમજી દામા, માતુશ્રી હંસાબેન ભાણજી સુંદરજી દામા (જખૌ), ૧૪) રૂા. ૨,૫૦૦/- શ્રી સુલભ સાઈનીંગ ગ્રુપ (બોરીવલી, મુંબઇ), ૧૫) રૂા. ૨,૧૦૦/- શ્રી નવીન વેલજી સોની (જખૌ), ૧૬-૧૭-૧૮-૧૯) દરેકના રૂા. ૨,૦૦૦/- શ્રી મણિલાલ હંશરાજ ગાલા (દેવપુર) - શ્રી ભોગીલાલ લહેરચંદ ફાઉન્ડેશન, (મુંબઇ) - શ્રીમતિ મનલક્ષ્મીબેન શાંતિલાલ લોડાયા (સાયરા-થાણા) - શ્રી શ્વેતાંબર સ્થાનકવાસી જૈન સંઘ, (માણેકપુર), ૨૦) ૧,૧૧૧/- શ્રી મનન મુકેશ પુનશી લોડાયા (જખૌ, બેંગલોર), ૨૧ થી ૨૭) રૂા. ૧,૦૦૦/- દરેકના - શ્રી પ્રશાંત અજીત શાહ (તેરા, મુંબઇ), શ્રી થોભણ ચાપશી લોડાયા (કલીકટ),મોહીત અને શૌર્ય સીયાડ (જખૌ, ઘાટકોપર), શ્રીમતી ગીતાબેન પદમસી મોમાયા (વરાડીયા-સાન્તાક્રુઝ) - દિપેશ ચંદ્રકાન્ત શાહ (નાગલપુર, હીન્દમાતા), મુંબઇ, શ્રી ગોલપદેવ અચલગચ્છ જૈન સંઘ, મુંબઇ, શ્રી દામજી ઊમરશી ઘેલાભાઈ, મુંબઇ.

**ભેટ સહાય :** રંજકો મણ - ૧૬૭, નીલકંઠ ટેલર, હ. શીવજી કુવરજી ગોરસીયા, સુખપુર, ભૂજ.

## વાર્ષિક સહાય યોજના ૨૦૧૯

વર્ષ ૨૦૧૮માં દાનની આ યોજનાને દાતાઓનો ખૂબ ઉત્સાહ પ્રેરક સહકાર મળેલ છે. ચાલુ વર્ષ ૨૦૧૯માં મહિનાના રૂા. ૧,૦૦૦/- લેખે રૂા. ૧૨,૦૦૦/-નું દાન દાતા ની અનુકૂળતા મૂજબ એક સાથે/હપ્તામાં આપી શકાય છે. દાતાઓનો ઉદાર સહયોગ અપેક્ષિત છે. ૧૧ દાતાઓના નામ ૫-૧-૨૦૧૯ના પ્રકાશ સમીક્ષાના અંકમાં પ્રસિધ્ધ કર્યા છે. ત્યારબાદ નીચેના દાતાઓનું યોગદાન મળેલ છે.

સુચના : ઓડીટ રીમાર્ક અને સુચન ના કારણે શ્રી અરીહંત બેંકમાં ખાતું બંધ કરેલ છે.

**દાન ઈન્કમ ટેક્સ કલમ ૮૦ જી (I.TAX 80 G) મુજબ રાહત પાત્ર છે.** **સર્વે દાતાઓની અનુમોદનાસહ ખૂબ ખૂબ આભાર**

**Banking Details :** **Name :** Sri Jakhau Panjrapol Trust

**Dena Bank**, Mulund (W) Branch,
M.G. Road, Mulund West. Mumbai : 400080.
A/C # SB – 00 94 100 30 652
IFSC Code: BKDN 046 00 94.

Naliya - Kutch :
**Dena Bank**, Naliya Branch. Kutch
A/c # 107110001096
IFSC - BKDN 0331071

**લિ. શ્રી જખૌ પાંજરાપોળ ટ્રસ્ટના ટ્રસ્ટીઓ વતી**

મેનેજીંગ ટ્રસ્ટી : **મહેન્દ્ર દેવજી ખોના** (મુંબઈ - થાણા) • મો.: 93239 17075 • ઈમેલ : mdkhona@hotmail.com

## ભૂલ સુધાર :

અંક નં. ૧૪માં છપાયેલ શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન, મુંબઇ આયોજીત ૭૯મો સમૂહ લગ્નના અહેવાલમાં સમૂહ લગ્નમાં આવેલ ભેટ-સોગાદના દાતાશ્રીઓની નામાવલીમાં નીચે મુજબ વાંચવું. પાના નં. ૧૩ પર આઇટમ નં. ૧૪ અ.સૌ. બિનાબેન પદમકુમાર પોલડિયા (ડુમરા-ઘાટકોપર) અને પાના નં. ૧૪ પર આઇટમ નં. ૭૦માં માતુશ્રી નવલબેન મણીલાલ દંડ પરિવાર (સેવક ભરૂડિયા-મુલુંડ), માતુશ્રી બાંયાબાઇ ગોવિંદજી લોડાયા પરિવાર (મોટી ખાવડી-થાણે), માતુશ્રી જયાબેન મોતીલાલ લોડાયા પરિવાર (મોટી ખાવડી-ઘાટકોપર)

### કલર પાનાંની મેટરો

પ્રકાશ-સમીક્ષાના કલર પાનાં ૪ના ગુણાંકમાં છપાતા હોવાથી અમને ૪,૮,૧૨,૧૬, જેવી પૂરેપૂરી સંખ્યામાં મેટરો મળી હશે તેટલી જ જાહેરાતો પ્રગટ કરવાનું અમારા માટે શક્ય બને છે. આ ગુણાંકો ઉપરાંતની વધારાની મેટરો, આર્થિક કારણોસર લઇ શકાતી નથી.

## ઓનલાઇન 'પ્રકાશ-સમીક્ષા' "Whatsapp PS" (દૈનિક)માં જાહેરાતો આપવા અંગે

ઓગસ્ટ ૨૦૧૮થી નિયમિત દૈનિક પ્રકાશન Whatsapp PS માં જાહેરાત આપનાર ઇચ્છુકોએ નીચેના મુખ્ય નિયમોની નોંધ લેવા વિનંતિ છે.

(૧) સામાન્ય રીતે, પાક્ષિક (મુદ્રિત) પ્રકાશ-સમીક્ષામાં રંગીન પાનાની જાહેરાત આપનાર સંસ્થા, મંડળ, વ્યક્તિ, Whatsapp આવૃત્તિમાં પણ જાહેરાત આપી શકશે, જે કલરમાં પ્રગટ થશે.

(૨) આમ સંયુક્ત જાહેરાતો આપતા ઇચ્છુકોને પાક્ષિકના પ્રત્યેક રંગીન પૃષ્ઠની જાહેરખબર સામે Whatsappમાં ૧/૪ (ક્વાર્ટર) પાનાની ઓછામાં ઓછી બે જાહેરાતોના રૂા. ૮૦૦/- વધારાના (પાક્ષિકના દર ઉપરાંત) આગોતરા ચૂકવવાના રહેશે.

(૩) આ રીતે, સંયુક્ત જાહેરાતોના દરોની કુલ્લ રકમ પ્રકાશ-સમીક્ષાના અરિહંત બેંકમાં Name of the Bank : Shri Arihant Co-op Bank Ltd., Branch : Chinch Bunder, Mumbai - 400 009, A/c No.: 004003000002, IFSC Code : ICIC00ARIHT (After ICIC it is Zero Zero), MICR Code : 400800005, Name of the Account: Shri C D O Prakash Samiksha Samiti માં જમા કરાવ્યા બાદ જ Whatsappમાં જાહેરાત ઉપરોક્ત સાઇઝમાં પ્રગટ થશે.

(૪) પાક્ષિક (મુદ્રિત) આવૃત્તિમાં બ્લેક એન્ડ વ્હાઇટમાં જાહેરાત આપનાર સંસ્થા, મંડળ, વ્યક્તિઓ આ સંયુક્ત જાહેરાતોની યોજનાનો લાભ લઇ શકશે નહીં.

(૫) ફક્ત પાક્ષિકમાં જ કલર પાનાની જાહેરાત આપનાર ઇચ્છુકોને આ સંયુક્ત જાહેરાત યોજનામાં લાભ લેવાનું બંધનકર્તા નથી.

(૬) Whatsappમાં સ્વતંત્ર રીતે જાહેરાતો આપી શકાશે નહીં, સિવાય કે કોઇ તાત્કાલિક કે અસાધારણ તાકીદના સંજોગોમાં (જેમ કે કોઇ મહાજન કે સંસ્થાની સભા મુલત્વી રાખવાની કે તાત્કાલિક બોલાવવાની હોય) જ તે જાહેરાત આપી શકાશે, કોઇ વ્યક્તિગત કે શ્રધ્ધાંજલિ કે અભિનંદનની જાહેરાતો Whatsappમાં સ્વતંત્રપણે છપાશે નહીં. તેમજ કઇ મેટર તાત્કાલિક કે તાકીદની છે તે વિષેનો નિર્ણય Whatsapp PSના એડ્મીન શ્રી તિલકભાઇ લોડાયા લઇ શકશે જે આખરી ગણાશે.

(૭) આ યોજના પ્રાયોગિક ધોરણે શરૂ કરાઇ છે તેથી તેમાં વખતોવખત જે વિવિધ પરિસ્થિતિઓ ઉદ્‌ભવશે તેને અનુલક્ષીને આ યોજના સદંતર બંધ કરવાનો કે તેમાં ઉચિત ફેરફાર કરવાનો અબાધિત હક પ્રકાશ સમીક્ષા સમિતિને રહેશે.

---


।। શ્રી મોમાઇ માતાજી નમઃ ।।

# શ્રી મોમાઈ માતાજી મોમાયા પરિવાર - સાંયરા

સહર્ષ જણાવવાનું કે શ્રી મોમાઇ માતાજીની અસીમ કૃપાથી સાંયરા મધે સંવત ૨૦૭૫ ચૈત્ર સુદ ૧ ને **શનિવાર તા. ૦૬-૦૪-૨૦૧૯**ના સવારના ૮.૩૦ કલાકથી **માતાજીની સમુહ પહેડી, ધ્વજા, તથા ચંડીપાઠ** અને ચૈત્ર સુદ ૨ ને **રવિવાર તા. ૦૭-૦૪-૨૦૧૯ના શ્રી ભોઇમા ની ગંધી બદલવાના કાર્યક્રમ**નું આયોજન કરવામાં આવેલ છે.

**''સ્થાનિકમાં વ્યવસ્થા સાચવવા અગાઉથી જણાવવા મહેરબાની કરશોજી''.**

ખુશાલીના ઉમેરારૂપે જણાવવાનું કે **મુંબઇ મધે** શ્રી મોમાઇ માતાજીની **નવમી સમુહ પહેડી સંવત ૨૦૭૫ને વૈશાખ સુદ ૮ને રવિવાર, તા. ૧૨-૦૫-૨૦૧૯**ના શુભ દિવસે લાભાર્થી દાતા **શ્રી મેઘણબાપા પરિવાર** (સાંયરા) અને **માતુશ્રી જયાબેન મધુકર મોમાયા પરિવાર** (સાંયરા-મુંબઇ) દ્વારા સંગીતકાર **શ્રી નિખીલ સંગોઇ** અને સાથી કલાકારો સંગાથે, **નારાણજી શામજી વાડી, ૪૫૨, ભાઉદાજી રોડ, માટુંગા (સે.રે.) મુંબઇ** સવારના ૯ કલાકથી કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે.

બન્ને પ્રસંગે સાંયરામાં બિરાજમાન શ્રી મોમાઇ માતાજીને નમતા ભાવિકો સહપરિવાર તથા નિયાણી બહેનો/દીકરીઓ સહપરિવાર તેમજ આમંત્રિત મહેમાનોને પધારવા વિનંતી સહ સ્નેહરૂપી આગ્રહે ભાવભર્યું આમંત્રણ છે.

**સંપર્ક :** **(નોંધ : બન્ને અવસરે કાળા વસ્ત્રો પહેરીને નહી આવવા કાળજી લેશોજી)**

**શ્રી હીરાચંદભાઇ મોમાયા – 09370336826**
**શ્રી દિનેશભાઇ મોમાયા – 09820678051**
**શ્રી ભદ્રેશભાઇ મોમાયા – 09833131359**
**શ્રી પ્રવિણભાઇ મોમાયા – 09425089966**
**શ્રી શ્રેણીકભાઇ મોમાયા – 09323785320**

**લિ. ભોઇમાં જયાબાઇ મોમાયા તથા મોમાઇ માતાજી મોમાયા પરિવારના જય માતાજી**

## 'કચ્છમાં અબડાસા તાલુકામાં જમીનોના કૌભાંડ અંગે'




'પ્રકાશ સમીક્ષા'ના અંક ૧૩, તા. ૫ ફેબ્રુઆરી ૨૦૧૯ના અંકમાં મુંબઇના શ્રી હંસકુમાર હિરાચંદભાઇ દોલતનો એક પત્ર 'ચર્ચાનાં ચોતરે' વિભાગમાં પ્રકાશિત થયો છે.

ઉપરોક્ત સંદર્ભમાં વધુ જણાવવાનું કે આ વિષયના અનુસંધાનમાં મારા અનેક ચર્ચા-પત્રો 'કચ્છ-મિત્ર'માં પ્રસિધ્ધ થયા છે. એટલું જ નહીં પરંતુ અબડાસા તથા કચ્છના અન્ય વિસ્તારના રાજકીય, સામાજિક કાર્યકરો સમક્ષ આ બાબતે વિગતવાર ચર્ચા કરીને સરકારી તંત્રમાં યોગ્ય કાર્યવાહી કરવા જણાવ્યું છે પરંતુ તેઓ કોઇના તરફથી આ સંબંધી કોઇ કાર્યવાહી થઇ નથી.

આશ્ચર્યની વાત એ છે કે સ્થાનિકે આપણા સમાજની જ બે-ત્રણ વ્યક્તિઓ આ પ્રકારના કૌભાંડો કચ્છમાં અને ખાસ કરીને અબડાસા તાલુકામાં કરાવે છે. તેઓ પાસે બધી વિગતો છે. તેઓને જાણ છે કે અબડાસામાં કઇ જમીનના માલિકો કચ્છ બહાર ક્યાં છે. આ વિગતથી તેઓ ખોટા દસ્તાવેજો કરાવીને ત્યાંના અજ્ઞાત લોકોના સહી-સીક્કા મેળવીને પ્રથમ તેઓના નામે જમીન કરાવી લે છે. ત્યારબાદ બીજાઓને વેંચીને તેની રકમ પોતે મેળવી લેતા હોય છે. આ રીતે તેઓએ લાખો નહીં પરંતુ કરોડોની જમીનના ખોટા દસ્તાવેજો તૈયાર કરીને મોટા કૌભાંડો આચર્યા છે. આ અંગે અમોએ ત્યાંના કલેક્ટર તથા રેવેન્યુ ખાતામાં પણ અનેક રજૂઆતો કરી છે. પરંતુ આવી ફરિયાદો તરફ તેઓ પણ લક્ષ આપતા નથી. તેથી માનવાને કારણ રહે છે કે આ પ્રકારના કૌભાંડોમાં સરકારી તંત્રના સ્થાનિક લોકો પણ સામેલ છે. તેમને પણ આવા કૌભાંડીઓ તરફથી મોટી રકમના હપ્તાઓ નિયમિત મળતા હોઇ શકે.

આ પ્રકારના કિસ્સાઓમાં અગર લિટીગેશનમાં જઇએ તો કોર્ટમાં કેસનો ફેંસલો આવતા અનેક વર્ષો પસાર થઇ જાય છે. એટલે ના છૂટકે તેવા કેસો પરત ખેંચી લેવાની નોબત આવે છે.

ઉપરોક્ત સંજોગોમાં એક માત્ર સીધો રસ્તો એ છે કે જેઓ આ પ્રકારના કૌભાંડોના ભોગ બન્યા છે તેઓ બધાએ સંગઠિત થઇને સ્થાનિકે મહાજનમાં રજૂઆત કરીને તેમના માધ્યમથી કલેક્ટર તથા ગાંધીનગરમાં રેવેન્યુ તથા ગૃહ મંત્રાલયમાં વ્યવસ્થિત રીતે સીધી ફરિયાદ કરવી જોઇએ. આ રીતે ઉપરોક્ત કૌભાંડોનો પર્દાફાસ કરવામાં આવશે તો જ સ્થાનિકના માફિયાઓની આંખ ખુલશે અને તેમના દ્વારા આચરવામાં આવતા કૌભાંડોને રોકી શકાશે.

અબડાસા તાલુકામાં જે લોકો આ પ્રકારે જમીન હડપ કરવાના કૌભાંડોના ભોગ બન્યા છે. તેઓ આ પત્રનો પ્રતિભાવ આપીને વધુ કાર્યવાહી કરવા આગળ આવશે તેવી અપેક્ષા છે.

**- ચંદ્રકાન્ત દામજી શાહ**, અમદાવાદ,
મો. 9427390007

**શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન સાર્વજનિક ટ્રસ્ટ તેરા**
તેરા-કચ્છ, તા. અબડાસા, પીન નં. ૩૭૦૬૬૦.
ફોન નંબર : (૦૨૮૩૧) ૩૮૯૨૨૪

### -: ફોટા સ્કીમ :-

**તેરા તીર્થ સાધર્મિક ભક્તિ ભવન** (ભોજનશાળા હૉલ)માં વડીલોનાં ૨૦ ફોટા લેમીનેશનવાળા જેની સાઇઝ (૧૬×૨૦) લાગી શકે છે. ૧ ફોટોનો નકરો રૂા. ૨૫,૦૦૦/- (પચીસ હજાર પુરા) રાખવામાં આવેલ છે.

તેવીજ રીતે આંયબીલ શાળા હૉલમાં વડીલોનાં ૨૦ ફોટા લેમીનેશનવાળા જેની સાઇઝ (૧૨×૧૬) લાગી શકે છે. ૧ ફોટાનો નકરો રૂા. ૨૧૦૦૦/- (એકવીસ હજાર પુરા) રાખવામાં આવેલ છે.

જે ભાગ્યશાળીશ્રીને આ ફોટા સ્કીમનો લાભ લેવાની ભાવના હોય તેમને વહેલા તે પહેલાનાં ધોરણે લાભ આપવામાં આવશે. એની જાણ તેરા પેઢીએ કરવા વિનંતી છે.

રકમનો ચેક શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન સાર્વજનિક ટ્રસ્ટ તેરાના નામનો લખવો.

**બેંક વિગત :**
**સ્ટેટ બેંક ઓફ ઇન્ડીયા નલીયા શાખા**
Bank A/c No. : 10933790254
IFSC Code : 0000438
**લિ. શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન સાર્વજનિક ટ્રસ્ટ તેરા ટ્રસ્ટીશ્રીઓ**

રીયલ હેન્ડ એમ્બ્રોઇડરી, રીઅલ જરી,
ચોકબંધ ઘરચોળા, ડિઝાઇનર સાડી, પ્યોર સિલ્ક સાડી
તેમજ એક્સક્લુઝીવ ડ્રેસ માટે
Since 1982...
**Lagna Deep**

બી-૧૩, જલારામ આશિષ દેવીદયાલ રોડ,
મુલુન્ડ (વેસ્ટ), મુંબઇ-૪૦૦ ૦૮૦.
ફોન : ૨૫૬૮૦૮૦૭ (૦૨૨)
Mob.: 7666688881 / 7666622229

## સંસાર અસાર નથી

- પ્રવીણ લોડાયા, વડોદરા

પુનાથી મારા મિત્રે એક લેખ મોકલ્યો છે. જેના લેખકનું નામ નથી. પણ મને આ લેખ ખૂબ ગમ્યો કદાચ આપને પણ ગમશે એ અપેક્ષાએ....

આ જગતની સૌથી મોટી અજાયબી શરીર છે. શરીર ખાઇ શકે છે, પચાવી શકે છે, જોઇ શકે છે, દોડી શકે છે, થોભી શકે છે, વિકસી શકે છે અને નષ્ટ પણ થઇ શકે છે. એક શરીરમાંથી બીજું શરીર પ્રસવી શકે છે.

શરીરને સમજ્યા વગર આત્માને સમજવાની કસરત કરવી જાઇએ ખરી ? આત્માનું કલ્યાણ કરવા માટે શરીરને કષ્ટ આપવું જરૂરી ખરૂં ? શરીરનો વાંક શો છે એ તો કહો !

જે શરીર આપણા તથાકથીત આત્માને રહેવા માટે જગ્યા આપે છે, જે શરીર આત્મા પાસેથી કદીયે ભાંડુ-રેન્ટ કે કિરાયા માગતું નથી એ શરીર પર આત્માના કલ્યાણ માટે જુલમ ગુજારવો એ બેવકુફી નથી લાગતી ?

શરીરનો કોઇ વાંક નથી, તો પણ એને ભુખ્યું રાખો. શરીરનો કોઇ જુર્મ નથી, છતાં, એને ત્રાસ આપ્યા કરો. એની પાસે બ્રહ્મચર્ય પળાવો, એને ઉઘાડા પગે દોડાવો, એના વાળ ખેંચી કાઢો, આવું કરો તો તમે મહાત્મા ?

એક મહાશય મને કહેવા હતા, 'તમે માત્ર બે જ દિવસ માટે સાધુજીવન જીવી બતાવો તો તમને ખબર પડશે કે એમાં કેટલું કષ્ટ છે અને એ જીવન કેટલું અઘરું છે ?

મેં તેમને કહ્યું કે પ્રથમ વાત તો એ છે કે એવું કશુંય કરવાની જરૂર જ શી છે ? બીજી વાત એ છે કે કોઇ કામ અઘરૂં અને કષ્ટદાયક હોય એટલા જ કારણે એને પવિત્ર કેમ માની શકાય ? પર્વતની ટોચ પર જઇને ખીણમાં કુદકો મારવો એ અઘરું છે, એટલે એને આપણે , પવિત્ર કહેવાનું ? એમ તો તમે સાપની જેમ એક દિવસ માટે શરીરને ઘસડી-ઢસડીને ચાલી બતાવો.

તમે બે દિવસ સાધુજીવન જીવવાની મને ચેલેન્જ કેમ કરો છો ? ખરી વાત તો એ છે કે મને સાધુજીવનમાં કશુંય અઘરૂં દેખાતું નથી. લાખો લોકો એવું જીવન જીવે છે. અઘરૂં કામ તો પ્રામાણિક પણે જીવનમાં સંઘર્ષો સામે ઝઝુમવાનું છે.

વંહેલા પતિનો ત્રાસ વેઠીનેય પારિવારિક જવાબદારીઓ નિભાવતી સ્ત્રીની પવિત્રતા તમે જોઇ છે ખરી ? વહેમીલી અને ડંખીલી પત્નીની પજવણી મુંગા મોંએ વેઠી લઇને સંતાનોનાં હિત માટે ઓવરટાઇમ કરતાં પતિનું દુઃખ તમે કદી મહેસુસ કર્યું છે ખરૂં ?

અડધી રાત્રે પડોશમાં કોઇ બીમાર પડે તો ઉજાગરો વેઠીને તેની સાથે રહેનાર સ્વજનની સંવેદનાના સાક્ષી તમે કદી થયા છો ખરા ? પાડોશી માટે પોતાની નિદ્રાનો ત્યાગ કરવો, એને તમે ત્યાગ કેમ નથી માનતા ? તમને પવિત્રતા અને મહાનતા ચોક્કસ વેશભુષામાં જ જોવાનું વ્યસન પડી ગયું છે એટલે બીજે બધે પાપ જ પાપ દેખાય છે !

ઘણા લોકોને પશુ-પંખીઓ અને જંતુઓ માટેની જીવદયામાં જ ધર્મ દેખાય છે. એવી જીવદયાનો વિરોધ નથી, પરંતુ બીજા માનવીની લાચારી પ્રત્યે હમદર્દી ન જાગે તો પેલી જીવદયા શોભતી નથી.

'જીવદયાના કેન્દ્રમાં માણસ જ રહેવો જોઇએ'.

પશુ-પંખીઓ કુદરતી રીતે જીવવા-મરવા ટેવાયેલા હોય છે, પણ માણસે સામાજીક રીતે જીવવાનું છે અને એ માટે તેને 'મદદ' કરવી એ 'ધર્મ' છે. કોઇ દરિદ્ર સ્ત્રીને તન ઢાંકવા વસ્ત્ર આપવા એ પણ 'જીવદયા' છે.

મને ઉપવાસ કરવામાં કદીયે તપ દેખાતું નથી. તપ તો બીજાનું પેટ ભરવામાં છે. પોતાના જીવનમાં સામે ચાલીને કષ્ટો વેઠવા એ ત્યાગ નથી. બીજાના કષ્ટો દૂર કરવા પ્રયત્ન કરવો એ તપ છે.

હું ઉઘાડા પગે ચાલું એથી જગતને કે મને શો લાભ થાય ? એના કરતા એક ગરીબ મજૂરના ઉઘડા પગ માટે તેને ચંપલ લાવી આપું તો તેની તકલીફ જરૂર ઓછી થાય.

પૈસાને અડવાથી પાપ લાગે એ વાત મારા મગજમાં બેસતી નથી. પ્રામાણિક પુરૂષાર્થ કરીને વધુમાં વધુ પૈસા કમાઇને, એ દ્વારા બીજાઓના જીવનની યાતનાઓ ટાળી શકાય એને હું ધર્મ માનું છું.

આવી પડેલા કષ્ટો ખુમારીપૂર્વક અને પુરી ખાનદાનીથી વેઠવા જીવનધર્મ છે. કષ્ટોને સામે કંકોત્રી મોકલવી એ તો મુર્ખામી છે.

એક અવળ ચંડાઇ પ્રત્યે પણ તમારૂં ધ્યાન દોરી દંઉ. જે લોકો શરીરને ભાતભાતના કષ્ટ આપીને મહાત્મા બની બેસે

MEDI-CLAIM EXPERT
CLAIMS SETTLEMENT
• REJECTED / DELAYED CLAIMS
• POLICY FROM ALL COMPANIES COVERED
CONTACT EXPERT : 98208 53112

છે, એજ લોકોને જ્યારે કોઇ રોગ કે દરદ થાય છે. ત્યારે સારામાં સારા ડોક્ટર અને શ્રેષ્ઠ હૉસ્પિટલમાં સારવાર કરાવે છે. વાહનનો ઉપયોગ નહીં કરનારાઓને પણ વિમાનમાં તાત્કાલિક સારવાર માટે લઇ જવાય છે. કેમ ભાઇ ? આમ તો તમે કહો છો કે શરીર નાશવંત છે અને શરીરને કષ્ટ આપવું એ ધર્મ છે. ત્યારે બીમારીનું કષ્ટ વેઠવાની ત્રેવડ કેમ નથી બતાવતા ?

આવી પડેલાં કષ્ટોના ઉપાય માટે પ્રયત્ને કરવાના અને ન હોય એવાં કષ્ટોને આમંત્રણ આપવાનો ઢોંગ કરવાનો – આવું શા માટે ? અધ્યાત્મના નામે સંસારને સળગાવી મારવામાં કશું ડહાપણ નથી. સંસારનો ધર્મ નિભાવતા આવડે તો અધ્યાત્મની ગલીઓમાં ભટકવાનું જરૂર અટકી જાય.

સંસારમાં રહીને આપણે અનેક ધર્મો નિભાવીએ છીએ, જેમકે પતિધર્મ, પુત્રધર્મ, પિતાધર્મ, માતૃધર્મ, શિક્ષકધર્મ, વેપારીધર્મ, ગ્રાહકધર્મ, વડીલધર્મ, પાડોશી ધર્મ, વગેરે સેંકડો ધર્મ નિભાવી શકાય છે. સંસારમાં સુખો ભોગવતાં – ભોગવતાં મોક્ષનું માધુર્ય માણતાં આવડતું હોય તેણે કાલ્પનિક મોક્ષસુખ માટે ફાંફાં મારવાં પડતાં નથી.

**હોમિયોપેથિક મેડીકલ કેમ્પ**

શ્રી રાયચંદ હંસરાજ ધરમશી ચેરીટેબલ ટ્રસ્ટ અને શ્રી કીરીટભાઈ લક્ષ્મીચંદ લાપસીયા પરિવાર અને શ્રી અનંત સમર્પણ – ઘાટકોપરના સથવારે નીચે મુજબ હોમિયોપેથીક મેડીકલ કેમ્પ અનંત છાયા, રૂમ નં. ૧૦૪, આર. બી. મહેતા માર્ગ, (૬૦ ફીટ રોડ), ઘાટકોપર (ઈસ્ટ), મુંબઈ–૪૦૦ ૦૭૭ ખાતે યોજાયેલ છે.

હાડકા તપાસણી માટેનો કેમ્પ શનિવાર, તા. ૩૦-૦૩-૨૦૧૯ના સવારના ૧૦ વાગ્યાથી બપોરના ૨ વાગ્યા સુધી યોજાયેલ છે. રજીસ્ટ્રેશનના રૂા. ૫૦/- ત્યાં આવીને ભરવાના રહેશે.

કિડની, લીવર, સ્કિન, હેર, થાઈરોઈડ તથા અન્ય રોગની તપાસણી માટે શનિવાર તા. ૩૦-૦૩-૨૦૧૯ના બપોરના ૨ વાગ્યાથી સાંજના ૫ વાગ્યા સુધી તથા રવિવાર તા. ૩૧-૦૩-૨૦૧૯ના સવારના ૧૦ વાગ્યાથી બપોરના ૨ વાગ્યા સુધી યોજાયેલ છે. રજીસ્ટ્રેશનના રૂા. ૧૦૦/- ત્યાં આવીને ભરવાના રહેશે.

ઈચ્છુક જ્ઞાતિજનોએ લાભ લેવા સંપર્ક શ્રીમતી શ્વેતા મિતેશ શાહ પાસે મોબાઈલ નંબર : 9619270430 પર રજીસ્ટ્રેશન કરાવવું જરૂરી છે.


।। શ્રી પુડશા દાદા નમઃ ।। ।। જય શ્રી અંબે માતાજી નમઃ ।। ।। શ્રી ખેતરપાર દાદા નમઃ ।।

**કચ્છ નલિયા ગામમાં મોતા ફરીયામાં બિરાજમાન ધરમશી ગોત્રના કુળદેવી શ્રી અંબે માતાજીને નમતા નલિયા/જખૌ, સાંચરા તથા છાદુરા ગામના પરિવાર જોગ**

સહર્ષ સાથે જણાવવાનું કે શ્રી અંબે માતાજીની અસીમ કૃપાથી નલિયા (કચ્છ) મધ્યે **ધરમશી પરિવારના શ્રી અંબે માતાજીના નૂતન ભૂવાશ્રી** તથા **શ્રી અંબે માતાજી, શ્રી ખેતરપાર દાદા, શ્રી પુડશા દાદાના જુહાર, પહેડી પ્રસાદ** ચૈત્ર સુદ ૧૦ ને **સોમવાર તા. ૧૫–૪–૨૦૧૯** થી ચૈત્ર સુદ ૧૩નો **બુધવાર તા. ૧૭–૪–૨૦૧૯** સુધીના આ ૩ શુભ દિવસનો કાર્યક્રમ આયોજીત કરેલ છે.

**"હૈયા મળશે હેત મળશે, મોં મિલાપનાં ચોઘડીયા મળશે.**
**સૌથી વિશેષની માતાજીનાં મંગલ આશિષ મળશે....**

**આ શુભ અવસરે સર્વે ભાવિકો તથા નિયાણી બહેનોને સહપરિવાર સાથે પધારવા ભાવભર્યું આમંત્રણ.**

**નોંધ : કૃપા કરી કાળા વસ્ત્રો પરિધાન કરશો નહી.**

બહોળી સંખ્યામાં પધારવા વિનંતી. આપના આગમનની અગાઉથી જાણ કરશો જેથી સ્થાનિકે સગવડતામાં સુગમતા રહે.

**નોંધ :** જુહાર સાથે જે કોઇના બાળકોનાં નામકરણ વિધીના જુહાર કે નવા વર-વધુના છેડા-છેડીના જુહાર કરવાના હોય તો અગાઉથી જાણ કરશો તો આગળથી તૈયાર કરી શકાય.

એજ લી. **ધરમશી પરિવારના જય માતાજી... જય જિનેન્દ્ર....**

**શા. અશ્વીન કેશવજી ધરમશી - 9822469777** **શા. દીપેશ લક્ષ્મીચંદ મોમાયા - 9323003032**

# મૂઠી ઊંચેરો પરિવાર - ડૉ. હરીશ લાપસિયા પરિવાર



ડૉ. લાપસિયા આપણા વ્યક્તિ વિશેષ કે.ડી.ઓ. છે જેમણે સફળતાની વ્યાખ્યા પોતાની રીતે જ બનાવી છે અને ઉદાહરણીય રીતે પડકારોની સામે નિપૂણતાથી વિજય મેળવ્યો છે. જે તમારા માંની ગુણવત્તાને પ્રેરણા આપશે.

ડૉ. હરીશ લાપસિયા, MBBS, DCH છે. તેમણે ૪૦ વર્ષની પ્રેક્ટીસમાં ૧ લાખથી વધુ દર્દીઓને તપાસ્યા છે. તેમના પત્નિ ડૉ. શ્રીમતી ઉષા લાપસિયા, MBBS, DGO પણ અમ્બરનાથમાં બહુ માનિતા ડૉક્ટર છે. ડૉ. હરીશનો જન્મ ૧૯૭૪માં જલગામમાં થયો. B. J. Medical માંથી ૧૯૭૭ માં MBBS થયા. અને ૧૯૭૭માં GSMC Mumbai થી થયા છે. ૧૯૭૮થી અમ્બરનાથમાં મેડીકલ પ્રેક્ટીસ કરે છે.

ડૉ. ઉષા સાથે તેમના લગ્ન થયા અન તેમને ૨ સંતાન છે. ડૉ. વિજય અને ડૉ. મનિષ MD અને તેમને ૩ પૌત્ર છે. કોલેજના સમયમાં ઘણી પ્રવૃતિ કરી અને ૧૯૮૧માં ૪ બેડથી હોસ્પિટલ શરૂ કરી ૧૯૯૮માં હોસ્પિટલ ૩૫ બેડની થઇ.

અમ્બરનાથ મેડીકલ એસોશીયનના ૧૯૯૩/૯૪માં તથા ૨૦૦૫/૦૬ પ્રેસીડન્ટ હતા. (૧૯૯૯-૨૦૦૧) ઇન્ડીયન એસોશીયન ઑફ પેડિયાટ્રીસીયના ડોંબીવલી થી કરજત બ્રાન્ચના પ્રેસીડન્ટ હતા અને ૨૦૧૩-૧૪માં IMA અમ્બરનાથ-બદલાપૂરના પ્રેસીડન્ટ હતા.

૧૯૮૭ થી આજ સુધી લાયન્સ ક્લબના મેમ્બર છે. અમ્બરનાથ જૈન સંઘ સાથે જોડાયલા છે અને બે વખત સંઘપતિ બન્યા છે. ક.દ.ઓ. પેથ-લેબ, મુલુંડના ટ્રસ્ટી છે.

૨૦૧૮માં કચ્છ નલિયામાં ૪થા કે.ડી.ઓ. સંમેલનમાં સ્પીકર તરીકે ઇન્વાઇટ થયા હતા. અમ્બરનાથ અને થાણા જીલ્લામાં ઘણી મેડીકલ કોન્ફરન્સ કરી છે.

૨૦૦૩મા થાણામાં ૩ દિવસની Maha Pedicon માં સહ-સંસ્થાપક સેક્રેટરી હતા. ૧૨૦ થી વધુ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સ એટેન્ડ કરી હતી.

અમ્બરનાથ મ્યુનીસીપાલીટીની ક્રિકેટ ટીમના કમાન હતા. Wild Life અને Bird Photographi પ્રેમી છે. નેશનલ વાઇલ્ડ લાઇફ રીઝર્વ ઇન્ડીયા, કેનિયા સાઉથ આફ્રીકામાં રહ્યા હતા.

તેઓ તથા તેમના પત્નિ રોજ નિયમિત યોગાની કસરત કરે છે. અમ્બરનાથ યોગા બ્રાન્ચના વાઇસ પ્રેસીડન્ટ છે. અમ્બરનાથ ગૌરવ પુરસ્કારથી સન્માનિત થયા છે. રોટરી ક્લબ ઑફ અમ્બરનાથ દ્વારા લાઇફ ટાઇમ અચીવમેન્ટ એવોર્ડ મળ્યો છે. તેઓ હંમેશા બીજાને મદદરૂપ થવામા માને છે.

હુબલીમાં ૧૯૫૧માં ડૉ. ઉષા લાપસિયાનો જન્મ થયો હતો. ૧૯૭૪માં GMC નાગપુરથી MBBS પાસ થયા અને DGO, GSMC. ૧૯૭૪માં મુંબઇથી ૧૯૭૭માં પાસ થયા. ૧૯૭૮ થી અમ્બરનાથમાં પ્રેક્ટીસ કરે છે. તેઓ ધાર્મિક છે અને ૧૫ અઠાઇ તથા વર્ષિતપ કરેલ છે. તેમની હૉસ્પિટલમાં ૧૫૦૦૦ થી વધુ બાળકોની ડીલવરી કરાવી છે.

ડૉ. વિજય લાપસિયા હાલ ન્યુયોર્કમાં માઉન્ટ સીનાઇ સ્કુલ મેડીસીન વિભાગામાં એસોશીયેટ પ્રોફેસર છે. માઉન્ટ સીનાઇ હૉસ્પિટલના Nephrology વિભાગમાં ફિઝિસીયન ડૉ. ની સેવા આપે છે અને માઉન્ટ સીવાઇ ડાયાલીસીસ સેન્ટરના મેડીકલ ડાયરેક્ટર છે. ઉપરાંત તેઓ એક્યુટ કીડની ઇન્જરી, ક્રીટીકલ કેર નેફ્રોલોજી, ડાયલીસીસ તથા દરદીની સલામતી અને ગુણવતામાં ખાસ રસ ધરાવે છે.

ડૉ. વિજય લાપસિયાએ ૨૦૦૦માં નવી મુંબઇમાં પદ્મશ્રી ડી. વાય. મેડીકલ કૉલેજ માંથી મેડીકલ ડીગ્રી અને ઇન્ટર્નશીપ કરી હતી. પછી કે.ઇ.એ.મ. અને જી.એસ. મેડીકલ કૉલેજ મુંબઇમાં રેસીડન્ટ ડૉ. રહ્યા હતા. ઓક્ષફર્ડ યુનિવર્સીટી પ્રેસ દ્વારા પ્રકાશન કરેલ પુસ્તક 'કીડની પ્રોટેક્શન'ના અડીટર રહ્યા.

ડૉ. વર્ષા વિજય લાપસિયા કેમિસ્ટ્રીમાં B.Sc કરી મુંબઇ યુનિવર્સીટીમાંથી MBA કર્યું. હાલ ન્યુયોર્કની Comcast NBC યુનિવર્સીટીની Fortune 100 Co. માં Talent Acquisition મેનેજર તરીકે કામ કરે છે.

ડૉ. મુનિષ લાપસિયા, MBBS, MD. (ક્રીટીકલ કેર) Sugarland Houston Texas માં મેથોડીસ્ટ હૉસ્પિટલમાં Intengivist Critical Care તરિકે કામ કરે છે.

શ્રીમતી જેસિકા મુનિષ MBBS, MD. તેણીએ Health Care Industry Mead Johnson માં કામ કર્યું છે. New York રૂતગર, યુનિવર્સીટીમાંથી BA (Hon) કરી. ન્યુજર્સીની Kelley's યુનિવર્સીટી MBA કર્યું હતું.

**લાપસિયા પરિવારને 'પ્રકાશ સમીક્ષા'ની શુભેચ્છા**

## '' રફબુક ''

દફતર માં જે નોટ બુક બધા જ વિષયો સંભાળી લેતી હોય તે રફબુક છે , વર્ગ માં જે જે વિષય ના શિક્ષક ભણાવા આવે ને વિદ્યાર્થી રફબુક માં જેવા તેવા અક્ષરે , આડી અવળી લીટીમાં ઝડપથી લખી લે. ઘરે આવી જે તે વિષય ની નોટ માં વ્યવસ્થિત લખી લે છે, તેને નથી ખબર રફબુક ની કિંમત. તેને તો માત્ર ને માત્ર વ્યવસ્થિત લખાયેલી ફેર બુકની જ કિંમત છે . ઘર માં આ જ સ્થિતિ છે. પરિવાર નાં સૌથી જવાબદાર વ્યક્તિની, ખાસ કરી ને માતાની હાલત પણ આ રફબુક જેવી જ છે, અણસમજુ પરિવારજનોએ અજાણતાંજ તેને રફબુક બનાવી દીધી છે.

શાળા એ જતા - કોલેજ જતા - નોકરીએ જતા - દુકાને જતા - સારા નરસા અવસરે બહાર જતા - પોતાના પરિવારજનનો દરેક સમય સાચવવો - નાસ્તાનો ડબ્બો - પાણીની બોટલ - જમવાનો ડબ્બો ભરવો , અને તે માટે બધું બનાવવું તે પણ બધા ની પસંદ પ્રમાણે . . . આ રોજિંદા કાર્ય હસતા હસતા કર્યે જ જાય છે , બધા ના બહાર ગયા પછી અસ્ત વ્યસ્ત બનેલા ઘરને વ્યવસ્થિત કરવા સદાય તત્પર . . .

બહાર જતા પરિવારજનો ઘર કેવું અસ્ત વ્યસ્ત બનાવી જાય છે ! ! ! પાછા આવે ત્યારે કેવું વ્યવસ્થિત ! ! ! શાંતિ ને ખુશીની પ્રતીતિ કરાવે તેવું અદભુત વાતાવરણ પણ રફબુક જ સર્જે છે , તો શું એટલું પણ કોઈ નથી વિચારતું કે આ ચમત્કાર એક માતા જ કરી શકે, યાદ કરો શાળાના એ દિવસો... ફેર બુક ના હોય તો ચાલે પણ દફતર માં રફબુક તો ખપે જ અને તે રફબુક સાથે કેવા કેવા છબરડા કર્યા - આડા અવળા ચિત્તર ચિતર્યા - ગડબડીયા અક્ષરે લખ્યા ભણતરના જ્ઞાન - પાના ફાડી નાવડી ને ગુબ્બારા બનાવ્યા, વાળી - ચોળી ને હાલ બેહાલ કર્યા છતા પણ ફેરબુક બનાવવા માટે કેવી કામ લાગી એ રફબુક ? કોઈ પણ જાતની ફરિયાદ કર્યા વગર ! ! !

હવે યાદ કરો તમારું વર્તમાન. . . તને ખબર ન પડે - તને નહિ સમજાય - તને ન આવડે - અપમાનિત કરી - હડધૂત કરી - તરછોડી - પ્રેમથી ભરેલા દિલ પર આવા વાક્યોના ચાબખા મારી કરી દીધું દિલ ને ચિત્તર પિત્તર , તો પણ પોતાના ગણતર ના આધારે જે તમારા ભણતર કરતા અનેક ઘણું વધારે કિંમતી છે, તમારી જિંદગીની ફેર બુક વ્યવસ્થિત બનાવી રહી છે, મિત્રો ક્યારેય વિચાર્યું છે કે માતા, જેને તમે રફબુક બનાવી દીધી છે તે જો ના હોત તો તમારા જીવન રૂપી ફેરબુક પણ ન જ હોત ! ! !

**- ઝયોતિકા અશોક મેહતા,** કલીકટ- કેરળ


Form IV

(See rule 8)

Statement about ownership and other particulars about CDO PRAKASH SAMIKSHA.

| | | |
|---|---|---|
| 1. Place of Publication | : | C/o. Raichand R.Nagda, 13 A, 29/41, Tamarind Lane, Rajabahadur Compound, Near Stock Exchange Bldg, Fort, Mumbai - 400 001. |
| 2. Periodicity of publication | : | Fortnightly |
| 3. Printer's Name | : | Smt. Damayanti Dashrath Rajbhar Partner, The New Millenium Printers |
| Nationallty | : | Indian |
| Address | : | The New Millenium Printers, 314, Mathurdas Mill Compound, N.M.Joshi Marg, Lower Parel, Mumbai - 400 013 |
| 4. Publisher's Name | : | Raichand R.Nagda. |
| Nationality | : | Indian |
| Address | : | 13 A, 29/41, Tamarind Lane, Rajabahadur Compound, Near Stock Exchange Bldg, Fort, Mumbai - 400 001. |
| 5. Editor's Name | : | Raichand R.Nagda. |
| Nationality | : | Indian |
| Address | : | 13 A, 29/41, Tamarind Lane, Rajabahadur Compound, Near Stock Exchange Bldg, Fort, Mumbai - 400 001. |
| 6. Name & Address of Owner | : | C.D.O.PRAKASH SAMIKSHA SAMITI C/o. Raichand R.Nagda,13-A, 29/41,Tamarind Lane, Rajabahadur Compound, Near Stock Exchange Bldg, Fort, Mumbai - 400 001. |

I, Raichand R.Nagda, hereby declare that the particulars given above are true to the best of my knowledge and belief.

Date : 05-03-2019

sd/-

Raichand R.Nagda.

Signature of Publisher

## શ્રી કુલીનકાંત નારાણજી મોમાયા (વરાડિયા)ને આદરાંજલિ



શ્રી કુલીનકાંત નારાણજી મોમાયા (વરાડિયા) તા. ૩-૨-૨૦૧૯ના પૂના મધે અરિહંત શરણ પામ્યા. ઘણા વર્ષો સુધી તેઓ શ્રી વરાડિયા જૈન દેરાસર અને સાધરણ મહાજન ફંડસ ટ્રસ્ટના ટ્રસ્ટી રહ્યા. વરાડિયા ગામના સરપંચ તરીકે પણ ઘણી સેવાઓ આપી. વર્ષો સુધી ગામના ઘણાં નાના-મોટા કામો કર્યા. સદ્‌ગતના માનમાં તા. ૪-૨-૨૦૧૯ના વરાડિયા ગામે બંધ પાળ્યો.

માદરે વતન કચ્છમાં કાંઇ કરવું જોઇએ એ માટે પૂ. પિતાશ્રી નારાણજી શેઠે કચ્છ-મોથારા રોડ ઉપર ૩૦૦ એકર ઉપરનો એક સળંગ પ્લોટ શ્રી નાયક શેઠ પાસેથી લઇ શ્રી મોમાયા ખેતી કેન્દ્રની સ્થાપના કરી. શ્રી કુલીનભાઇએ ખેતીવાડીના કામમાં ઝંપલાવ્યું. અધ્યતન ટેકનોલોજીથી ખેતીવાડીનું કામ શરૂ થયું. હાઇબ્રિડ બાજર, ઘઉં, કપાસ અને શાકભાજી ઉગાડતા એનાથી ઘણાં નાના-મોટા ખેડૂતોને લાભ થયો. આનાથી આજુબાજુના ખેતમજુરોને રોજગારી મળતી. કચ્છમાં અવાર-નવાર દુકાળ પડતો. પાંચ કુવાઓનું બોરીંગ કરાવેલ. છેલ્લે ઘાસચારો ઉગાડી ઘણાં જનાવરોને ચારો મળતો. વર્ષો સુધી ખેતીવાડીનું કામ કર્યું. પણ નસીબે યારી ન આપી અને ધારી સફળતા ન મળી. એ દરમ્યાન પિતાશ્રીએ સાઉથમાં મે. ખીમજી વિશ્રામ એન્ડ કુંપનીના ભાગીદારો જોડે શ્રી કરૂર મીલ્સ લી. લીધી અને એનો ચાર્જ કુલીનભાઇને આપ્યો.

કુલીનભાઇનું બાળપણ તીરપૂર શ્રી જેઠાભાઇ ગોવિંદજી જોડે રહ્યું. એમને તામીલ ભાષાની સારી જાણકારી હતી તેનો વિશેષ લાભ કરૂરમાં મળ્યો. કરૂર મીલ્સ લી. ના CEO તરીકે વર્ષો સુધી રહ્યા. ૭ યુનીયન અને ૬૦૦ મીલ-મજુરો પાસેથી કેમ કામ લેવુ તેની કળા કુલીનભાઇમાં હતી. રાત-દિવસ સખત મહેનત કરી પણ મીલ નુકશાનીમાં ચાલવા લાગી. ખીમજી વિશ્રામના ચન્દ્રસિંહ હંસરાજ મિરાણી (બાબાશેઠે) પણ ઘણી મહેનત કરી. નસીબે અહીંયા પણ યારી ન આપી. તે દરમિયાન પીતાશ્રી નારાણજીભાઇનું અવસાન થયું. કુલીનભાઇ પાછા માદરે વતન કચ્છમાં આવ્યા. વરાડિયા ગામમાં વસ્તી ઓછી હોવાથી એ તબીયતના કારણે છેલ્લે ભૂજ-માધાપર રહેતા. અને નિવૃત જીવન જીવી ફક્ત સમાજસેવાના કામો કરતા. એમને દરેક વસ્તુની જાણકારી હતી. કચ્છમાં ક્યાં પણ નાના-મોટા ઝઘડા થતા તો માણસો એક-જ વાત કરતા ''હલો કુલીન શેઠ વટે - પાંજો નિકારણ થીંધો'', એટલી એમની ધાક હતી.

વર્ષો પહેલાં કચ્છમાં પહેલું શ્રી અખીલ ભારત અચલગચ્છ સંઘનું અધિવેશન ભદ્રેશ્વરમાં ભરાયું ત્યારે શ્રી નારાણજીભાઇ પહેલા પ્રમુખ હતા. એમની સાથે કુલીનભાઇએ પણ ઘણાં નાના-મોટા ધાર્મિક કામો કર્યા. આજે પણ કચ્છમાં ઘણાં સાધુ-સાધ્વીઓ યાદ કરે છે.

શ્રી માટુંગા કચ્છી મૂર્તિપૂજક જૈન સંઘ-માટુંગાના કાયમી ટ્રસ્ટી હતા. શ્રી નારાણજી શામજી મહાજન વાડીનો ગ્રાઉન્ડ તથા પહેલો માળ બંધાયો ત્યારે પિતાશ્રી સાથે ઘણી મહેનત કરી. ખાખી ડ્રેસ એમનો ડ્રેસ કોડ હતો. કચ્છ હોય કે કરૂર એમણે ખાખી ડ્રેસ છોડ્યો નહીં. He was a man in Khakhi with humble heart. એમના નિધનથી કુટુંબે એક મોભી ગુમાવ્યો અને સમાજે એક મુક-સેવક. પ્રભુ એમના આત્માને પરમશાંતી આપે એજ અભ્યર્થના.

**- પૃથ્વીરાજ નારાણજી મોમાયા,** માટુંગા

---

## જ્ઞાતિ ગૌરવ



શ્રી નવીનભાઈ હીરજીભાઈ દંડ ગામ લાલા હાલ વેરાવળ અત્રે વેરાવળ (ગીર સોમનાથ) શહેરમાં આપણી જ્ઞાતિના ફકત ત્રણ કુટુંબો વસે છે તે પૈકી શ્રી નવીનભાઈ હીરજીભાઈ દંડએ વેરાવળ શહેરને પોતાનું કર્મક્ષેત્ર બનાવી અનેક સેવાકિય કાર્યો કરે છે તેઓ શ્રી અનેકવિધ ધાર્મિક તથા સામાજિક સંસ્થાઓમાં જોડાયેલ છે અત્રેના શ્રી સંઘના લગભગ ૩૦ વર્ષથી પ્રમુખ છે. કોલેજ પાંજરાપોળ તથા બીજી અનેક ધાર્મિક સંસ્થાઓમાં ટ્રસ્ટી છે. અત્રેની ૫૦ વર્ષ કરતા વધારે જુની પાંજરાપોળની કાયાપલટ કરી સુંદર તથા ગૌવંશ માટે સગવડતાસભર બનાવેલ છે. તેઓ અત્રેના શાંતિનાથ જીનાલય તથા શાંતિ નાથજી યાત્રિક ભવનના મુખ્ય ટ્રસ્ટી છે.

વિશેષમાં તેઓશ્રી અત્રેની અગ્રણી બેંક ''થી વેરાવળ મર્કન્ટાઇલ કો-ઓપરેટિવ બેન્ક લિમિટેડ'' મા ઘણા વર્ષોથી હોદેદાર છે. તેઓની આગેવાની હેઠળ બેંકની અકલ્પનિય પ્રગતિ થયેલ છે ગયા બે વર્ષ માં ચાર નવી શાખાઓ ખોલેલ છે તથા રાષ્ટ્રીય કક્ષાએ પ્રતિષ્ઠિત Blue Ribbon એવોર્ડ બેંક ને હાલ મળેલ છે જે તેઓની આગવી સૂઝ ને આભારી છે તેઓ શહેરમાં એક આગવી ઓળખ ધરાવે છે, જ્ઞાતિ માટે ખરેખર ગૌરવપુર્ણ બાબત છે.

*With Best Compliments from*

**BLUE MOON GROUP**

REAL ESTATE CONSULTANTS | INVESTMENT CONSULTANTS | INTERIOR DESIGN | TAX ADVISORS | ACCOUNTING SERVICES

TILAK SHAH
**PARSHWANATH**
ENTERPRISE PVT. LTD.
**99309 82061 / 91672 44022**
tilakshah60@yahoo.co.in
Veeran Shah - 99304 75442

CONTACT FOR
**Buying, Selling or on Leave & Licence of Flats, Shops, Bunglows, Plots etc. anywhere in Mumbai including Sion, Matunga, Wadala, Dadar, Mulund & Thane.**

AVANI YASHWIN
**HAPPY IN THE HEAD STUDIO**
HAIR CUTS • COLOUR • STYLING • MAKE UP
**98196 22325**
happyintheheadstudio@gmail.com

ADDRESS
**Shop No. 1, B Wing, Mangal Kunj Bldg., Junction of 32 and 36 Road, National College Lane, Off Linking Road, Bandra (W), Mumbai - 400 050**

।। શ્રી શાંતિનાથાય નમો નમઃ ।।

## સાંધવનગરે શ્રી શાંતિનાથાય દાદાની જિનાલયની મહાસુદ ૧૩, તા. ૧૬-૨-૨૦૧૯ના ૧૫૩મી ધ્વજા મહોત્સવ ઉજવાયો

શિતલ છાયામાં અને પ.પૂ. મુનિરાજ શ્રી મુક્તિરત્ન સાગરજી મ.સા.ની શુભનિશ્રામાં તા. ૧૫-૨-૨૦૧૯ના રાત્રે પ્રભુની તેમજ મહાકાળી માતાજીની ભાવના ભણાવવામાં આવેલ. તા. ૧૬-૨-૨૦૧૯ના ૧૫૩ ધ્વજા મહોત્સવ ઉજવાયો. વિધિવિધાન માટે કેવલભાઇ સાવલા સંગીતકાર કિશોર સંગ્રારના સથવારે સત્તરભેદી પૂજા ભણાવવામાં આવેલ. પૂજાનો લાભ આખા દિવસની સાધર્મિક ભક્તિનો લાભ તેમજ પેડા પ્રભાવના અ.સૌ. મીનાબેન  મુકેશ ખીમજી દંડ (વાપી) (લગ્નની ૨૫મી વર્ષગાંઠ નિમિત્તે) લાભ લીધેલ. કાયમી ધ્વજાના દાતાશ્રીઓએ ધ્વજા ચડાવવાનો લાભ લીધેલ.

ધ્વજા મહોત્સવમાં કલ્પેશ મોતા, લહેરીન ખોના, કમલેશ વિકમશી, તરૂણભાઇ ધરમશી, દિપક મોમાયા, તેજપાળ ધરમશી, ખીમજી લોડાયા, નલીયાથી મહેશ નાગડા, મંજલથી નારાણજી દંડ, મંગલ મોતા, ગાંધીધામથી હરીન છેડા, લાલાથી બાબુભાઇ દંડ, સાંધવના નવિનભાઇ પટેલ, રસીકભાઇ લોડાયા, નવિનભાઇ લોડાયા, પ્રકાશભાઇ લોડાયા, પ્રદિપ ખોના, મયુર લોડાયા, નેણશી ખોના, મુકેશ દંડ, ખુશાલ પટેલ, નેમીન ખોના, બ્રિજેશ પટેલ, પંકજ ડાઘા, રાજેશ પટેલ, રાણપર મહાજન, મુંબઇ, ગાંધીધામ, અંજાર, ભુજથી ૧૨૫ જણની સંખ્યામાં પધારેલ. જીવદયા બે દિવસની તા. ૧૫-૨/૧૬-૨ ના નીલો ઘાસચારો અજીત નવિન લોડાયા-અમેરિકાના લગ્નદિન નિમિત્તે દેવેને લોડાયા, કિષ્ણા નાગડા - બદલાપુરવાળા તરફથી નાખવામાં આવેલ. દરેક ભાગ્યશાળીને ૧૫૦ રૂા નું સંઘપૂજન થયેલ.

### રૂા. ૧૧૦૦/-ના સંઘ પૂજનનો લાભ લીધેલ ભાગ્યશાળીઓ

૧) શેઠશ્રી ચાંપશી માણેકજી લોડાયા, ઘાટકોપર, ૨) શેઠશ્રી શામજી નરશી દંડ, મુલુંડ, ૩) માતુશ્રી વિમલાબેન ખીમજી દંડ, વાપી, ૪) અ.સૌ. રસીલાબેન માણેકજી લોડાયા, મુલુંડ, ૫) માતુશ્રી વિમલાબેન ઠાકરશી પટેલ, મુલુંડ, ૬) માતુશ્રી નિર્મલાબેન નવીનચંદ્ર લોડાયા, મુલુંડ, ૭) અ.સૌ. મીનલ પ્રદિપ ખોના, આદિપુર, ૮) માતુશ્રી મણીબાઇ કુંવરજી મોતા, ડોંબીવલી, ૯) માતુશ્રી જમકુબાઇ લાલજી પટેલ-મુલુંડ, ૧૦) શ્રી રસીકભાઇ દેવરાજ લોડાયા, મુલુંડ, ૧૧) શ્રી વિરચંદ મેઘજી ખોના, ડોંબીવલી, ૧૨) શ્રી પ્રકાશ માણેકજી લોડાયા, થાણા, ૧૩) શ્રી અજીત નવીન લોડાયા, અમેરિકા, ૧૪) માતુશ્રી જ્યોત્સ્નાબેન દામજી દંડ, ભાંડુપ, ૧૫) લક્ષ્મીચંદ કુંવરજી નાગડા હ. મયુરભાઇ, થાણા, ૧૬) શ્રી નવિનભાઇ પીતામ્બર પટેલ, કલકત્તા.

### રૂા. ૫૦૦/-ના સંઘ પૂજનના લાભ લેનાર ભાગ્યશાળીઓ

૧) અ.સૌ. જયશ્રી જવેરચંદ ખોના, ડોંબીવલી, ૨) દેત, જીનત હરીન છેડા, જસાપર, ૩) સરલાબેન રામજી ખોના, ડોંબીવલી, ૪) મણીબાઇ કુંવરજી પીર, સુથરી, ૫) જીલનાબેન તેજપાલ ધરમશી, લાલા, ૬) કુંવરજી મણશી લાલકા, વારાપધર, ૭) કાંતાબેન ખીમજી લોડાયા, લાલા.
સર્વે પરિવારોની ખૂબ ખૂબ અનુમોદના

**લી. પ્રવિણ મોતા,** ડોંબીવલી

## જ્ઞાતિ ઈતિહાસ : મારા વિચારો અને અવલોકન - ભાગ ૧

**- પ્રવીણ ધરમશી,** સુરત

ધર્મ (જૈન, બ્રાહ્મણ, વૈષ્ણવ..), વતન (દેશ, રાજય, જિલ્લો, તાલુકો, ગામ..) અને કોમ (નાત, જાત, જ્ઞાતિ, પંથ, ફિરકા..) આ શબ્દો કોઈ ચોક્કસ માનવ સમૂહને જોડવા માટે વપરાય છે અને તે સમૂહ, સમુદાય કે સંગઠનને જોડી રાખવા માટે કારણરૂપ પણ બને છે. પણ આ ત્રણ શબ્દોના કારણે ઉત્પન્ન થયેલી ભાવનાને કારણે સમગ્ર **વિશ્વમાં હંમેશાં અશાંતિ, (તણાવ, શીતયુદ્ધ, યુદ્ધ, લડાઈ, તકરાર કે ટકરાવ) ભૂતકાળમાં રહ્યો છે, આજે પણ છે અને ભવિષ્યમાં પણ રહેશે, જે મોટા ભાગે કાં તો અસ્તિત્વ માટે અથવા વર્ચસ્વ માટે હોય છે.** અસ્તિત્વમાં મુખ્યત્વે પોતાના ધર્મ, ભૌગોલિક ક્ષેત્ર, સંસ્કૃતિ કે સ્વમાનનું રક્ષણ ગણી શકાય, જ્યારે વર્ચસ્વમાં કુદરતી સંપત્તિ, પ્રદેશ કે સંસ્થા પર કબ્જો, સત્તા, માલિકી, હકુમત કે હક્ક મુખ્ય ગણી શકાય.

ઈતિહાસ એ બાબતનું સાક્ષી છે કે ૧૫મી સદી થી ૧૭મી સદીમાં પંજાબ અને રાજસ્થાનમાં તે સમયના વિધર્મી શાશકોએ ધર્મ પરિવર્તન કરાવવા માટે અન્ય ધર્મીઓ પર બહુજ અમાનવીય, અમાનુષી, નૃશંશ, બર્બર, ઘાતકી અને ક્રૂર અત્યાચાર કર્યા હતા. **આટલા બધા વિશેષણો પણ તેમની ક્રૂરતા, બર્બરતા કે અત્યાચારોનું વર્ણન કે ચિત્ર ઉભું કરવા અસમર્થ છે.** જેની સામે પંજાબમાં ગુરુ તેગબહાદુર સાહેબ, ગુરુ અર્જુનસિંહદેવ સાહેબ, ગુરુ ગોવિંદસિંહ સાહેબ જેવા બહાદુરોએ અને રાજસ્થાનમાં રાણા પ્રતાપ જેવા વીરોએ સામનો કરેલ. અકબર સામેની લડાઈમાં રાણા પ્રતાપને **ઓશવાળ જૈન ભામાશાએ** પોતાની સંપૂર્ણ મૂડી આપી દીધેલ. આ વિધર્મી શાસકોના અત્યાચાર અને સીતમ એટલા બધે અમાનવીય, અમાનુષી અને ક્રૂર હતા જેમાં વ્યક્તિના હાથ, પગ કે શીશ કાપી નાખવું. જીવતા આગમાં ફેંકી દેવું, ગરમ તેલમાં ફેંકી દેવું કે હિંસક પ્રાણીઓને તેમના પર છોડી દેવા, જેવા જગન્ય કૃત્યો ઉદાહરણ તરીકે આપેલ છે, અને જેમાં સ્ત્રીઓ, બાળકો કે વૃધોને પણ માફી આપવામાં નહિ આવતી.

**આવા ક્રૂર અને અમાનવીય સત્તાધીશો સામે જ્યારે શીખ અને રાજપૂત જેવી વીર અને લડાયક કોમ પર ટક્કર નહીં જીલી શકી તો અહિંસાને જીવનમાં અપનાવેલ, ધર્મભીરુ, ભીરુ અને વૈશ્ય એવા ઓશવાળ જૈન સમુદાય ને સ્થાનત્યાગ સિવાય અન્ય કોઈ વિકલ્પ જ નજર નહિ આવેલ હશે તેથી બહુ મોટી સંખ્યામાં ઓશવાળો રાજસ્થાન છોડીને અન્ય સલામત સ્થળોએ વસયા.** જ્ઞાતિના સિંધ પ્રદેશના વસવાટ સંબંધે ખાસ વાંચવામાં નથી આવ્યું, શક્ય છે કે કદાચ ત્યાં પણ વિધર્મીઓની હેરાનગતિ સ્થળાંતર માટે કારણરૂપ હશે કારણ કે તે વિસ્તાર પણ વિધર્મીઓની વસતીથી ઘેરાયેલો છે.

આ પ્રારંભિક પ્રસ્તાવના સાથે હું આ લેખના શીર્ષકના વિષય પર વિસ્તારથી મારા વિચારો રજુ કરીશ. એ રીતે જોવા જતાં આ સંપૂર્ણ લેખ ઈતિહાસના બનાવો કે ઘટનાઓને તાર્કિક રીતે જોડવાનો મારો નમ્ર અને વ્યક્તિગત પ્રયાસ છે, બની શકે છે આ વિચારો કે તર્ક સર્વમાન્ય ના પણ હોય અને લેખથી જો કોઈ જ્ઞાતિજનની લાગણી દુભાઈ હોય તો મિચ્છામિ દુક્કડમ.

જન સંખ્યાની દ્રષ્ટિએ આપણી શ્રી કચ્છી દશા ઓશવાળ જૈન જ્ઞાતિની વસતી લઘુમતી નહીં, પણ અલ્પ સંખ્યક કોમમાં આવે એટલી ઓછી છે. એનો ઈતિહાસ અને ખાસ કરીને સ્થળાન્તરનો ઈતિહાસ ટૂંકમાં અહીં રજુ કરેલ છે. જે કોઈ એક ગોત્રનો નહીં પણ સમગ્ર જ્ઞાતિને એક સમૂહ તરીકે માનીને રજુ કરેલ છે. જુદા જુદા સામયિકો ના વાંચન અને ખાસ કરીને જ્ઞાતિના મુખપત્ર પ્રકાશ સમીક્ષામાં આવેલ કેટલાક લેખો પ્રમાણે આપણી જ્ઞાતિના વડીલોએ ભૂતકાળમાં ખુબ જ સંઘર્ષ અને સ્થળાંતર કરેલ છે જેની પાછળ મુખ્ય બે કારણોનો ઉલ્લેખ જોવા મળે છે. પહેલું કારણ, વિધર્મીઓની પરેશાની અને બીજૂં કારણ આજીવિકા માટે. આ બાબતનો પ્રકાશ સમીક્ષાના તાજેતરમાં પ્રસિદ્ધ થયેલ શ્રી રમેશભાઈ લોડાયાના લેખ 'ઓશવાળોનો ઈતિહાસ'માં પણ ઉલ્લેખ થયેલ છે. **આ સંઘર્ષ જેનું અંતિમ અને આંતયિક પગલું હતું. હિઝરત કે સામુહિક સ્થળાંતર, જે આપણી જ્ઞાતિના આગવા અસ્તિત્વ માટે અને આપણી ધાર્મિક અને સામાજિક પરંપરાનું રક્ષણ કરવા માટે હતું.** તેથી આપણી જ્ઞાતિએ પંજાબ, રાજસ્થાન અને સિંધમાંથી સમૂહ સ્થળાંતર કરેલ, અને અંતે છેલ્લી કેટલીક સદીઓથી કચ્છમાં સ્થિર અને સ્થાયી થઈ. મારા માનવા પ્રમાણે બહુ મોટી સંખ્યામાં જૈન ધર્મ પાળતા ઓશવાલોએ સમૂહ સ્થળાન્તર કરેલ હશે જેમાં દશા ઓશવાળ અને વિશા ઓશવાળ જ્ઞાતિઓ અંતે કચ્છમાં થોડી સ્થિર અને સ્થાયી થયી હોવાથી પોતાની આગવી ઓળખ માટે પોતાની જ્ઞાતિની આગળ કચ્છી શબ્દ લગાડીને એ ભૂમિનું ઋણ ચૂકવવાનું ઉત્તમ પગલું લીધેલ હશે. ઓશવાળોનો જે સમૂહ વાગડ વિસ્તારમાં સ્થાયી થયો, તેમણે તે વિસ્તારને પોતાની જ્ઞાતિની આગળ વાગડ શબ્દ લગાડીને એ ભૂમિનું ઋણ ચૂકવવાનું ઉત્તમ પગલું લીધેલ હશે. કદાચ આ રીતે કચ્છી દશા ઓશવાળ, કચ્છી વિશા ઓશવાળ અને વાગડ

વિશા ઓશવાળ જ્ઞાતિઓની રચના થયી હોવાનું માની શકાય. કારણ કે કચ્છમાં સ્થાયી થયા તે પહેલાં આ સમૂહો માત્ર દશા ઓશવાળ જૈન કે વીશા ઓશવાળ જૈન તરીકે જ કદાચ ઓળખાતા હશે. આ મારા પોતાના વિચારો અને અનુમાન છે જે તાર્કિક છે, અને જેને સાબિત કરવા ઐતિહાસિક દસ્તાવેજો કે પ્રમાણોનો કોઈ જ આધાર મારી પાસે નથી. (મોટા ભાગનો ઈતિહાસ આમ પણ લોકવાયકા પર આધારિત હોય છે અને ઘણે ભાગે વિવાદો ને વૈચારિક વિભીનતાથી ઘેરાયેલા રહ્યા છે.) વૈચારિક અને વહેવારીક ભિન્નતા હોવા છતાં પણ, આ ત્રણે કચ્છી ઓશવાળ જૈન જ્ઞાતિઓ ઘણા સ્થળોએ હળીમળીને અને સામુહિક રીતે સુંદર સામાજિક અને ધાર્મિક કાર્યો કરે છે. અહીં આપણી જ્ઞાતિ જેવી જ એક અન્ય અલ્પ સંખ્યક કોમ પારસીઓનો ઉલ્લેખ કરવો યથોચિત લાગે છે કે જેમણે પોતાના ધર્મની રક્ષા કરવા માટે **દેશ ત્યાગ** કર્યો અને તે વખતનું પર્સીયા (હાલનું ઈરાન) છોડીને હિન્દુસ્તાન ને પોતાના વતન તરીકે સ્વીકાર્યો, ઓશવાલોએ તો માત્ર **પ્રાંત, પ્રદેશ કે રાજ્ય છોડ્યું હતું.**

અહીં આ બાબતનો ઉલ્લેખ મને જરૂરી લાગે છે કે ઓશવાળ જૈનો માત્ર કચ્છ જ નહીં, પણ અન્ય સ્થળોએ પણ વિસ્થાપિત થઈને વસેલ છે. ગુજરાતના ભરૂચથી વાપી વિસ્તારમાં બહુ સારી એવી સંખ્યામાં ઓશવાળ જૈનો (દશા અને વીશા) વસે છે અને મોટા ભાગના આ ઓશવાળ જૈનોએ મૂળ વતન રાજસ્થાનથી સ્થળાંતર કરેલ છે. સુરતમાં તો શહેરના ખુબ જ મોંઘા, સિટી લાઈટ વિસ્તારમાં ઓસીઆઈ (ઓસીયાજી) કે સચ્ચિઆઈ માતાજીનું શિખરબંદ મંદિર છે, જેમને સૌ ઓશવાળોની આદ્ય દેવી માનવામાં આવે છે તે ઓસીયાજી માતાના શિખરબંદ મંદિરો બહુ ઓછા છે. સુરતમાં એમનું શિખરબંદ મંદિર એ હકીકતનું પ્રમાણ છે કે સુરતમાં સારી એવી સંખ્યામાં ઓશવાળ જૈનો વસે છે. **તે સમયમાં ધર્મપાલન એ અર્થઉપાર્જન કરતાં વધારે કે એટલું જ મહત્વનું માનવામાં આવતું. એટલે જ્યાં ઓશવાળ જૈનોની વસ્તી ઓછી હતી ત્યાં ઘરદેરાસર કે ગૃહદેરાસર સ્થાપીને પણ ધાર્મિક પરંપરા અને સંસ્કારનું જતન કરવાના પ્રયાસો પણ કરવામાં આવ્યા છે.**

આપણી જ્ઞાતિના સમૂહ સ્થળાંતરનું મૂળ અને મુખ્ય કારણ આપણા ધર્મ, પરંપરા અને સંસ્કૃતિનું રક્ષણ કરવાનું હતું. ત્યાર પછી કાળક્રમે, અંગ્રેજોના શાસનના કારણે અગાઉના વિધર્મી શાસકોનો પ્રભાવ અને જબરદસ્તી વટાળ પ્રવૃત્તિ ઓછી થઈ. આઝાદી પછી તો ધાર્મિક સ્વતંત્રતા અને સંસ્કૃતિની રક્ષા કરવા માટે સરકારી પીઠબળ મળ્યું, તેથી ધાર્મિક અસ્તિત્વની સમસ્યા ખતમ થઈ ગઇ. પણ કચ્છની રેતાળ અને ઉજ્જડ ભૂમિ પર જીવન નિર્વાહ માટે બહુજ મર્યાદિત તકો હતી તેથી થોડા થોડા કુટુંબોએ મુંબઈ અને અન્ય જગ્યાએ વ્યવસાય કે રોજગાર માટે કચ્છથી સ્થળાંતર કર્યું. **આ સામુહિક સ્થળાંતર નહીં હતું. પણ આ રીતે થોડા થોડા કરીને સમયાંતરે સારી એવી સંખ્યામાં કચ્છી જૈનો અન્ય સ્થળે વસ્યા જેથી હાલ કચ્છમાં જૈનોની વસ્તી બહુજ ઓછી થઈ ગયી છે અને આ પરિસ્તિથી કદાચ કાયમ રહેશે.**

આ સ્થાને એક અન્ય યથોચિત વાત જે થોડા વિષયાંતર સાથે પણ મને જરૂરી લાગે છે તે એ છે કે છેલ્લા બે ત્રણ દશકામાં ખાસ કરીને ગુજરાતના કેટલાક શહેરોમાં જૈનોની વસ્તીના વિસ્તારમાં યેનકેન પ્રકારે વિધર્મીઓ પોતાના વસવાટ કરે છે અને એવી પરિસ્થિતિનું નિર્માણ કરે છે કે જૈનો તેમજ હિંદુઓ પણ અન્ય સ્થાને જવા મજબૂર થાય છે. સુરતમાં જૈનોના રહેઠાણના અગાઉના કેટલાક વિસ્તારો જેમકે ગોપીપુરા, નાનપુરા, શાહપુર, નાણાવટ કે સગરામપુરા, અમદાવાદમાં પાલડી વિસ્તાર કે મુંબઈમાં મસ્જિદ બંદર વિસ્તાર એના ઉદાહરણ છે. કાશ્મીરમાંથી કાશ્મીરી પંડિતોનું સામુહિક દેશાંતર એ આઝાદી બાદની આવી જ ઘટના કહી શકાય.

આપણી જ્ઞાતિનું કચ્છમાં સ્થળાંતર અને સ્થિરતા મુખ્યત્વે આપણા ધર્મ અને સંસ્કૃતિના રક્ષણ માટે હતું, અને ધાર્મિક પ્રવૃત્તિનું કેન્દ્ર સ્થાન હંમેશાં જિનાલય કે દેરાસર રહ્યું છે તેથી કચ્છમાં આપણા કચ્છી ઓશવાળો દ્વારા સારા એવા પ્રમાણમાં જિનાલયો અને ઘરદેરાસર કે ગૃહદેરાસરોનું નિર્માણ થયું. શિખરબંધ જિનાલયનું નિર્માણ એ ખૂબ જ મુશ્કેલ અને સમયનો ભોગ માંગે તેવી પ્રવૃત્તિ હોવાથી સંગઠન ની જરૂરિયાત ઉભી થઈ અને એ રીતે **સંઘ સંસ્થા** અસ્તિત્વમાં આવી. આજે પણ સમગ્ર દેશમાં મોટા ભાગના દેરાસરોનો કારભાર કે વહીવટ જૈન સંઘ જ કરે છે. પણ અહીં આપણે કચ્છી ઓશવાળો જરા અલગ તરી આવ્યા, કારણ કે કચ્છમાં આપણી જ્ઞાતિનું સ્થળાંતર અને સ્થિરતાનો ઉદ્દેશ મુખ્યતવે આપણા **ધર્મ ઉપરાંત સંસ્કૃતિનું રક્ષણ કરવા માટે હતું.** તેથી દેરાસરની ધાર્મિક પ્રવૃત્તિ ઉપરાંત અન્ય પ્રવૃત્તિઓ કરવાની જરૂર પડી જે આપણી સંસ્કૃતિનું રક્ષણ, સંરક્ષણ, સાતત્ય, સંવર્ધન, પ્રસાણ અને પ્રચાર કરી શકે જેના માટે એક એવી વ્યવસ્થા કરવાની જરૂરિયાત ઉભી થઈ જે બહુહેતુક હોય અને ધાર્મિક ઉપરાંત સામાજિક અને સમાજ ઉપયોગી કે સમાજના ઉત્કર્ષ માટે ધાર્મિક સમાચારી પ્રમાણે કામ કરે. આ હેતુઓ પાર પાડવા જે સંસ્થા કે વ્યવસ્થા બની તેને મહાજન નામ આપવામાં આવ્યું અને આ રીતે મહાજન સંસ્થા અસ્તિત્વમાં આવી.

# સંતાનો યુવાન થાય ત્યારે...




૨૦૧૮નું વર્ષ વીત્યું. જોતજોતામાં વર્ષો પૂરાં થાય છે, જોતજોતામાં જીવન પૂરાં થાય છે. જીવનનો અંતિમ તબક્કો સામે આવીને ઊભો રહે ત્યારે ઘણીવાર આપણે તેને માટે તૈયાર નથી હોતા.

૬૨ વર્ષના મધુબહેને તેમની નાની બહેન સીમા પાસે હૈયું ઠાલવતાં કહ્યું, 'સંતાનોના જન્મ પછી હું બધું ભૂલી તેમના લાલનપાલનમાં પરોવાઈ ગઈ હતી. જીવનમાં ખૂબ સાર્થકતા અને ભરપૂરતા લાગતી હતી, પણ એક દિવસ તેઓ મોટાં થયાં અને પોતાની જિંદગી જીવવા લાગ્યા. એવી જિંદગી, જેના કેન્દ્રમાં હું ન હતી. એવું નથી કે તેઓ મારું ધ્યાન નથી રાખતાં, પણ હવે તેમને મારી જરૂર નથી. લાગે છે કે મારી બહુ પરવા પણ નથી. તેમની બદલાયેલી અગ્રિમતાઓ અને જીવનશૈલીમાં ગોઠવાવાનો પ્રયત્ન કરું છું, પણ મઝા નથી આવતી. મારા જ ઘરમાં જાણે હું અજાણી બની ગઈ છું.'

મહેશભાઈ બોલ્યા, 'મોટી બહેન, હું તમારું દર્દ સમજું છું, પણ તમારે વિચારવાની રીત બદલવાની જરૂર છે. સંતાનો મોટાં થાય એટલે તેમની જીવનશૈલી અને અગ્રિમતાઓ બદલાય જ. તેમાં તમારે અસલામતી અનુભવવાની જરૂર નહીં. સંતાનો યુવાન થયાં છે, તેમને દુનિયામાં પોતાનું સ્થાન બનાવવાનું છે. આજની સ્પર્ધાત્મક જીવનશૈલીમાં તેમને કેટલાં સમાધાનો, કેટલા સંઘર્ષો કરવા પડે છે, કેટલી શક્તિ નાખવી પડે છે તે વિચાર્યું છે? પરિવર્તનોથી દુઃખી થવા કે ફરિયાદો કરવાને બદલે તેમને જરૂર હોય ત્યારે મદદરૂપ થાઓ અને પોતાના શોખ, મિત્રો અને પ્રવૃત્તિઓનો આનંદ લો તે વધારે સારું નહીં?' એવું ન હતું કે અંજનાબહેન આ જાણતા ન હતા. પણ તેમની મુશ્કેલી એ હતી કે તેઓ એ સમજી શકતા ન હતા કે પ્રેમની સીમા ક્યાં પૂરી કરવી, કઈ હદ પછી અલિપ્ત થઈ જવું અને પોતાની જાતનું, પોતાના સમયનું ચોક્કસ શું કરવું.

સુધા મૂર્તિનું નામ કોણ ન જાણતું હોય? તેમણે પોતાના સ્વાનુભવની વાત કરતાં લખ્યું છે, 'મારી દીકરી તરુણાવસ્થામાં પ્રવેશી ત્યારે તેનામાં હું મારી જાતને જોવા લાગી હતી. જિંદગીના એ સુંદર વર્ષો ઝડપથી વીતી ગયાં અને તેનાં લગ્ન થયાં. તે સાસરે ગઈ ત્યારે જાણે મારા અસ્તિત્વનો એક હિસ્સો મારાથી હંમેશ માટે વિખૂટો પડી ગયો હોય તેવી પીડા થઈ. તે સાસરેથી આવતી ત્યારે હું આનંદથી છલકાઈ જતી. પણ હું જોતી કે તેની અગ્રિમતાઓ બદલાઈ ગઈ છે. પતિ, સાસરિયા, તેની પોતાની કારકિર્દી, બાળકો – તે પોતાના સંસારમાં વધુ ને વધુ ગૂંથાતી ગઈ અને હું ખૂબ દુઃખ સાથે તેને મારાથી દૂર ને દૂર થતી જોઈ રહી. ત્યાર પછી દીકરો અમેરિકા ભણવા ગયો. આ વખતે હું મનથી થોડી તૈયાર હતી. છતાં ખાલી ઘર ખાવા ધાતું. તે લખતો, 'મા, તારા હાથનું ખાવાનું યાદ આવે છે.' અને હું રડી પડતી. એ ભણીને પાછો આવ્યો, પરણ્યો અને બીજા શહેરમાં સ્થિર થયો. તે આવે ત્યારે હું જાતજાતની વાનગીઓ બનાવીને ખવડાવતી, પણ હવે તેની પસંદગી બદલાઈ હતી. તેની વાતો બદલાઈ હતી. દીકરીને તેનું વિશ્વ હતું, દીકરાને તેનું. આ વિશ્વોમાં મારી જગ્યા મને મળતી ન હતી. આ બાજુ પતિ સખત વર્કોહોલિક હતા. મારું ખાલીપણું મારે જ ભરવાનું હતું. મેં કમર કસી. જાતજાતના વર્ગો, જાતજાતની પ્રવૃત્તિઓ, સમાજસેવા બધું કર્યું, પણ જ્યાં સુધી પ્રેમ અને અલિપ્તતાનું સંયોજન હું ન શીખી, મને ચેન પડ્યું નહીં.'

આગળ તેઓ લખે છે, 'આપણે બીજાને ખૂબ શિખામણે આપીએ છીએ, પણ જ્યારે આપણાં સંતાનો પોતાનું આકાશ શોધવા ઊડી જાય છે ત્યારે હાકાબાકા થઈ જઈએ છીએ. આપણ પણ એટલું જ કરવાનું છે કે કોઈપણ જાતની ખલેલ કર્યા વિના તેમની જિંદગી જીવવા દેવી, અને પોતાની જાત પર મહેનત કરી શોધી કાઢવું કે હવે મારે શું કરવું છે.'

હું મારાં વયસ્ક સંતાનોને પૂરેપૂરો પ્રેમ આપું છું, કેમ કે તેમ  કર્યા વિના હું રહી શકું નહીં. પણ મેં તેમના તરફથી તેનો એવો જ પ્રતિસાદ મળે તેવી અપેક્ષા છોડી દીધી છે. તેઓ જે જિંદગી જીવે છે એ તેમની પસંદગી છે. તેને હું સ્વીકાર અને આદરની નજરે જોઉં છું અને અભિપ્રાય બાંધવા કે ટીકા કરવાનું ટાળું છું. પરિવર્તન ઘણી વાર મોટાં, ગળે ન ઊતરે તેવાં પણ હોય છે, પણ હું તેમને પોઝિટીવલી જોઉં છું. મેં જોયું છે કે જ્યારે આપણો પ્રેમ જકડી રાખવાનું ને પકડી રાખવાનું છોડે છે, ત્યારે આપણને અને આપણાં સંતાનોને ખૂબ હળવાશ, રાહત અને આનંદનો અનુભવ થાય છે.

જ્યારે સંતાનો દૂર થાય ત્યારે સમજી લેવું કે આપણે હવે વધારે પુખ્ત થવાનું છે. એક તરફ તેમની ગેરહાજરીથી છવાઈ જતો સન્નાટો અને શૂન્યાવકાશ, બીજી તરફ વૃદ્ધત્વની તકલીફો. આ બંને સાથે એક દિવસ પનારો

પડવાનો જ છે. સંતાનો દૂર થાય ત્યારે પરિસ્થિતિને સમજપૂર્વક સ્વીકારીએ અને સાથે રહેતા સંતાનોને ખોટા લાગણીવેડા, જીદ અને આગ્રહથી મૂંઝવીએ નહીં. પૂરો પ્રેમ રાખીએ, પણ અલિપ્ત અને આત્મનિર્ભર રહીએ. તેમને અનુસરવાનું મન થાય તેવું ઉદાહરણ બનીએ. મારા ઘણા મિત્રોએ આ કર્યું છે. 'સંતાનો પર પૂરો પ્રેમ વરસાવે છે સાથે પોતાની જાતને પણ વિકસાવે છે. સંવેદનશીલતાનું આ સ્વરૂપ મને ખૂબ આકર્ષે છે.'

મારી મિત્ર કાલિન્દીના જીવનમાં તેના સંતાનો સિવાય કશું ન હતું. તેણે તેમને ભણાવવા અને સેટલ કરવામાં જાત નિચોવી નાખી હતી. તેણે એક વાર કહ્યું હતું, 'મારાં સંતાનો તરુણાવસ્થામાં પ્રવેશ્યાં ત્યારે મેં મારી જાત સાથે એક વાયદો કર્યો હતો કે જ્યારે તેમને પાંખો આવશે ને તેઓ પોતાનું આકાશ શોધવા ઈચ્છશે ત્યારે હું તેમના પગની બેડી નહીં બનું, બનીશ તો તેમની પાંખો નીચેની હવા બનીશ. કારણ કે હું જાણુ છું કે પ્રેમ માત્ર પકડી રાખવાનું નામ નથી, પ્રેમ એટલે છોડવાની ક્ષણ આવે ત્યારે છોડી દેવા તૈયાર હોવું'.

એક વિદેશી માતાએ પોતાની યુવાન દીકરી પર પત્ર લખ્યો છે, 'તું જીવનની દોર પર પોતાનું સંતુલન રાખવા મહેનત કરી રહી છે તે જોઈ મને આનંદ થાય છે. તારી સફળતા માટે હું પ્રાર્થના કરું છું. બસ, એક વાત યાદ રાખજે. સરકસમાં ઊંચાઈ પર થતાં ખેલ વખતે નીચે મજબૂત જાળી રાખવામાં આવે છે, જેથી ખેલાડીઓ નિર્ભર રહે, સલામતી અનુભવે. હું તારી એ જાળી છું.'

એવા લોકોને જોઈ ખૂબ દયા આવે છે જેઓ સંતાનો યુવાન થાય તેની રાહ તો જોતા હોય છે, પણ સંતાનો યુવાન થાય ત્યારે પોતે કેવી ગરિમાપૂર્વક પ્રૌઢ અને વૃદ્ધ બનવું તે વિચારવાનું ભૂલી જાય છે. કેવા સુંદર શબ્દો છે : **પ્રૌઢ એટલે પ્રૌઢિ પામેલો, પરિપક્વ અને વૃદ્ધ એટલે વૃદ્ધિ પામેલો, વિકસિત.** ૨૦૧૯ નું વર્ષ શરૂ થયેલ છે ત્યારે આપણે આ શબ્દોના અર્થ ફરી એક વાર યાદ કરી લઈએ.

**– સોનમ પરીખ** 'જન્મભૂમિ' માંથી સાભાર


કલા – કસબ અને કલરનો અનોખો સમન્વય

જ્યોતિ

સિલ્ક સાડી એમ્પોરીયમ

*Sachi Jari maate real nam*

૨૮, ગની મેન્શન, અરોરા થિયેટર પાછળ,
માટુંગા (સે.રે.), કિંગ્સ સર્કલ, મુંબઈ–૪૦૦ ૦૧૯.

**Tel.: 2404 3995 / રવિવારે બંધ Sunday Closed**

**Originally at Zaveri Bazar since 1976**


॥ શ્રી ગણેશાય નમઃ ॥ ॥ શ્રી મોમાઇ માતાયે નમઃ ॥

## લાલા (અબડાસા) મધે મોમાય ગોત્રના શ્રી મોમાઈ માતાજીની પુનઃ પ્રતિષ્ઠા

સહર્ષ જણાવવાનું કે શ્રી મોમાઇ માતાજીની અસીમ કૃપાથી લાલા (અબડાસા) મધે **મોમાય ગોત્રના શ્રી મોમાઇ માતાજી સ્થાનકના નુતનીકરણ** બાદ પુનઃ પ્રતિષ્ઠાનો કાર્યક્રમ **તા. ૨૬–૪–૨૦૧૯ શુક્રવાર થી તા. ૨૮–૪–૨૦૧૯ રવિવાર** ચૈત્રવદ ૭ (સાતમ), ૮ (આઠમ) અને ૯ (નવમ) એમ ૩ દિવસનો કાર્યક્રમ રાખવામાં આવેલ છે. તો આ શુભ પ્રસંગે લાલા (અબડાસા) મધે શ્રી મોમાઇ માતાજીને નમતા સૌ ભાવિકો તથા નિયાણી બહેનોને સહકુટુંબ પધારવા ભાવભર્યું આમંત્રણ છે.

### કાર્યક્રમની રૂપરેખા

**તા. ૨૬–૪–૨૦૧૯ શુક્રવાર**
ચૈત્રવદ ૭ (સાતમ)
**દેહ શુધ્ધી, ગણપતિ પૂજન, મુર્તિ ક્ષમાધિવાસ અને સાયં આરતી**

**તા. ૨૭–૪–૨૦૧૯ શનિવાર**
ચૈત્રવદ ૮ (આઠમ)
**સ્થાપિત દેવોનું પૂજન, મુર્તિ નગરયાત્રા જલયાત્રા, વરૂણ પૂજન, અગ્નિ પૂજન, ધાન્યાધિવાસ અને આરતી**

**તા. ૨૮–૪–૨૦૧૯ રવિવાર**
ચૈત્રવદ ૯ (નવમ)
**નૂતન મંદિર, પ્રાસાદવાસ્તુ, મુર્તિ પ્રતિષ્ઠા, પુર્ણાહુતિ અને આરતી**

**આ ત્રણ દિવસના શુભ કાર્યક્રમમાં કાળા વસ્ત્રો પહેરીને નહીં આવવા કાળજી લેશોજી.**

**સ્થાનિકમાં વ્યવસ્થા સાચવવા અગાઉથી જણાવવા મહેરબાની કરશોજી.**

**–: સંપર્ક :–**

**રાજુ મોમાયા** (લાલા) – **94263 10001** **દિપક મોમાયા – 98331 34888**

**વિજયાબેન મોમાયા** (ભોઇમાં) નલિયા – **99793 26640**

## ચમકેં કચ્છજા તેજસ્વી તારા... – રશ્મિન ખોના, મુંબઈ

મેકણ થ્યો મહંત જેં રણમેં પાણી પીરાયા – જગડુ શ્રેષ્ઠી અનંત જેં ડુકારકે મારે હટાયો
પિતાંબર પડછંડ જેં વેદાંત જો નાલો ગજાયો – સુંદર સૌદાગર જેં બ્રિટનકે નાચ નચાયો
ફતે મહંમદ બલવીર જેં સોરઠમેં કિલ્લો બંધાયો – લાખો થ્યો દાતાર જે મરૂ ભૂમિ જીતી લાયો
અબડો હો અડભંગ જે સુમરીયેંજા શીલ ભચાયો – લખપતજી મહારાવ જે વ્રજભાષા શિક્ષણ ઠાયો
રામસંગજી મહાલમ જેં તોપ ભંડારકે રચાયો – મેઘજી શેઠ અંજાર હિંદુ આધર્મ ભચાયો

| | |
|---|---|
| (માંડવી) | શ્યામજી ક્રાંતિકાર જેં યુરોપ કે ખૂબ ધ્રિજાયો |
| (નલીયા) | શેઠ નરશી નાથા દર્શેકે સંગઠિત કરે આત્મ ગૌરવ શીખાયો |
| (કોઠારા) | કેશવજી નાયક વડા શેઠ થૈ પંચમ જ્યોર્જ કે મેમાણ ભનાયો |
| (તેરા) | એમ. પી. ભવાનજી અરજણ કંડલા પોર્ટજો સપનું સાકાર ભનાયો |
| (છાડુરા) | નથુભાઈ શિવજી દંડ જીવદયાજા ભેખધારી તેંલા ધુલિયામેં પેલો મંડળ ભનાયો |
| (રે. મંજલ) | ભીમશી માણેક આગમ પ્રગટ કરે ધર્મજો જ્ઞાન ફેલાયો |
| (જખૌ) | ખીમજી હીરજી કાંયાણી કચ્છધણી કે પ્રજા ધર્મ સમજાયો |
| (સાંયરા) | લખમશી હીરજી મૈશેરી સ્મોલ કોર્ટજા જજ્જ થૈ નાં કમાયો |
| (વારાપધ્ધર) | ઈશ્વરલાલ ગુલાબચંદ લોડાયા હાઈકોર્ટજા જજ્જ થૈ નાં કમાયો |
| (સાંયરા) | ડૉ. પુનશી હીરજી મૈશેરી મુંબઈ મહાનગરપાલીકામેં નાતજો ડંકો વજાયો |
| (બાંઢીયા) | ડૉ. બી. એન. મૈશેરી માટુંગા જો નિયોજીત વિકાસ કરાયો |
| (સુથરી) | ખેતા ખીંયશી ધુલ્લા જેં છપ્પનીયેંજે ડુકારમીંજા ભચાયો |
| (નલીયા) | દિનેશ કુસુમકાંત ખોના (ભાટે) સૈન્યમેં ફરજ તેં રૈ આયો |
| (સુથરી) | વિશનજી ત્રિકમજી લોડાયા જેં 'સર નાઈટહુડ'જો ખિતાબ પાયો |
| (છાડુરા) | ગોવિંદજી ખીમજી દંડ જે 'રાવસાહેબ'જો ખિતાબ પામેલાયો |
| (સુથરી) | રતનશી ખીંયશી ખોના હિકડો મેણું વિમાન ઉડાઈ ભાગલેં ટાણે સેંકડો જાન ભચાયો |
| (સુથરી) | કુંવરજી જેઠા ધરમશી 'લાલ બાગજો રાજા'જી સ્થાપના કરી હિંદુએજા સંગઠન ભનાયો |
| (પરજાઉ) | મહેન્દ્ર ગોવિંદજી લાલકા આઈ.જી.પી. થૈ ખૂબ પંકાયો |
| (વરાડિયા) | રમેશ ભવાનજી મોમાયા એરફોર્સમેં રૈ ફરજ બજાયો |
| (જખૌ) | ગુલાબચંદ લખમશી નાગડા (ભાટે) લશ્કરમેં રઈ સેવા બજાયો |
| (રાણપર) | કરમશી કુંવરજી વિકમશી શ્રી મહાવીર જૈન ચારિત્રરત્નાશ્રમજા સેક્રેટરીરે સ્કુલ-હાઈસ્કૂલ ને કોલેજ કરાયો. |
| (સુથરી) | શ્રેષ્ઠી વાલજી લધા જેં છન્નુજે ડુકાર મીંજા પાર કરાયો તેન ડુકારજોં |
| (સુથરી) | તેન ડુકારજોં દામજી જેઠાજી એળી વ્યવસ્થા જે 'રાજરત્ન' બિરૂદ પાયો |
| (મંજલ રે.) | હંસરાજ કામદાર દિલ્હી, મદ્રાસ ને હૈદ્રાબાદમેં અતિથિ ગૃહ ઊભા કરે યાત્રિકેં કે કમ આયો |
| (મંજલ રે.) | વેલજી કાનજી દંડ અગ્નીગેરીમેં કપ્પાજે ખેડુએકે સદા ઉંચા ડીના ભાવ જેંસે કલેક્ટર ''કોટન કિંગ'' જો ખિતાબ ડેરાયો |
| (જખૌ) | માણેકજી પરબત શેગાંવ સુધરાઈને સેકસરીયા કોલેજ જે કારોબારી જો સભ્યપદ દીપાયો |
| (જખૌ) | હીરજી હંસરાજ શાહ ધમતરીમેં જન સેવાજા કૈં કમ કરે પિંઢજી શાન વધારાયો |
| (જખૌ) | હીરાચંદ ભવાનજી મોમાયા જખૌ જે વિકાસલા સ્વપ્નશિલ્પી થૈ સજી જીંદગી ભોગ ડે લાયો |
| (તેરા) | ધનજી કાનજી દંડ ખામ ગામમેં હિંદુસભાની પ્રમુખને મ્યુનિસિપાટીલીજીઝ કાઉન્સીલર નિમાયો |
| (તેરા) | ચાંપશી ધનજી દંડ ખામગામમેં ન્યુ વીરા હાઈસ્કુલ ને જી.એસ.કે. કોલેજજો ખણી ભાર સેવા બજાયો |
| (તેરા) | ડૉ. તિલકચંદ કુરપાર નાગડા આરોગ્યમેં સજે ખામગામકે સેવા ડૈ લોકપ્રિય થેં લાયો |

(તેરા) ડૉ. લક્ષ્મીચંદ નરપાર નાગડા ખામગામજે શિક્ષણ ક્ષેત્રે ને ડૉક્ટરીમેં જશ કમાયો

(તેરા) લાલજી તેજપાર મોતા રેલ્વે યુઝર્સ કન્સલ્ટેટીવ જા સભ્ય રૈ રેલ્વેજી સેવા સુધારાંયો

(નલીયા) રાયચંદ પીતાંબર નાગડા ખંડવામેં માનવસેવા જો ડંકો વજાયો

(નલીયા) પાસુભાઈ શિવજી લોડાયા અમલનેરમેં ખૂબ સેવા ડે પિંઢજો નાં ચમકાયો

(નલીયા) દેવશી વીરજી ખોના જન્મભૂમિ ખગોળ સિદ્ધિ પેલો પંચાંગ કઢી જ્યોતિષ વિદ્યા નિભાયો

(નલીયા) રાયમલ હીરજી નાગડા કુરુદવાડીમેં કલેક્ટર કેબિનેટજા સભાસદ ને બારસી હૉસ્પિટલજો ટ્રસ્ટપદ દીપાયો

(નલીયા) મુરજી નરશી લાલકા બારસીમેં નગરપાલિકાજા સભ્ય, સ્કુલ બોર્ડજા ચેરમેન ને ગુજરાતી શાળાજો મંત્રીપદ શોભાયો

(કોઠારા) ગોવિંદ જીવરાજ લોડાયા અનંતનાથ ટ્રસ્ટજે રક્ષણલા લૉ કમિશનજો ખરડો પિંઢજે ચાતુર્યસે પાછો ખેંચાંયો

(કોઠારા) જવેરચંદ વિશનજી ધરમશી બીજાપુરમેં ક્યાં જનસેવા ને વરી કોઠારા પાંજરાપોળ કે આર્થિક સહાય ડેરાંયો

(બાયઠ) નરશી લધાભાઈ પોલડિયા હુબલી જે કોલેરામેં ધવા ભનાઈ ધવા ખારાઈ ને કૈકેંજી જના ભચાંયો

(નલીયા) વીરજી લધાભાઈ લોડાયા નલીયા અને મુંભઈમેં શિક્ષણ ક્ષેત્રે ને આરોગ્ય ક્ષેત્રે જભરો યોગદાન ડે લાંયો

(રવા) કુલીનકાંત ભોજરાજ લોડાયા ''ગ્રામ્ય-શિલ્પી'' થૈ કચ્છમેં ગ્રામ ઉધ્ધારજી ધુણી ધુખાંયો

(લાલા) મણિલાલ શિવજી નાગડા ખીડકીયામેં સરપંચ થૈ નળ પાણીને લાઈટું વિજાય ખરી સેવા બજાંયો

(વરાડિયા) જેઠુભાઈ ગોવિંદજી મોમાયા તીરપુરમેં આવાસ કોલોની ને કોલેજ લા કે કમ કરે જશ કમાંયો

(વરાડિયા) નારાણજી શામજી મોમાયા માટુંગામેં વાડીલા મુખ્ય દાન ડે મધ્ય મુંભઈમેં પિંઢજો નાં ચમકાંયો

(વરાડિયા) નરશી જેઠાભાઈ દંડ મલકાપુર જયું શાળાઉંને કોલેજ, વરી બુરહાનપુરજે હૉસ્પિટલમેં દાન ડે અમર કીર્તિ કમાંયો

(વારાપધ્ધર) લાલજી હંસરાજ લાલકા ગદગમેં નજીવી પૈસેંસે કે ગરીબેંકે મેણે જા મેંણા સુધી જમાડી પુણ્ય કમાંયો

(વારાપધ્ધર) લાલજી મેઘજી લોડાયા અહિંસાજા પૂજારી થૈ દક્ષિણ ભારત ફેર્યા ને હૈદ્રાબાદમેં ''જીવરક્ષા મંડળ'' ભનાંયો

(વાંકુ) મેઘજી વેલજી મોતા વાંકુમેં ૭૫ જીતરા અમરચરખા ખાદી કેન્દ્રકે ડૈને મહિલાયેં કે કમ ડેરાંયો

(સુજાપુર) ગોવિંદજી વરસનજી સાંયા નાતજ્યું શૈક્ષણિક સંસ્થાઉ ઉપરાંત પ્રિમિયર ને માનવ મંદિર સ્કૂલેંજી-૫ સેવા બજાંયો

(સુથરી) રાયચંદ જેઠાભાઈ દંડ મુંભઈમેં ફલુ થ્યો હો તેર જભરી કરે સારવાર ઘણે માડુએંજા જીવ ભચાંયો

(સુથરી) ઠાકરશી રામજી ભાટે કંડલા બંદરજા ચીફ ઈંજીનીયર તે કુધરતી કંડલા બંદર કરે ને વડો વિકસાંયો

## ચમકે કચ્છજા હેવરજા તેજસ્વી તારા...

(કોઠારા) અરવિંદ ધનજી લોડાયા ત્રિરંગો ઝંડો જીવંત લગે એલો રાષ્ટ્રચિન્હ ભનાંયાં

(કોઠારા) પ્રબોધ હીરાચંદ મુનવર અજોડ માનવસેવા કરે, જેંસે સજે કચ્છમેં ખૂબ નાં કમાંયા

(રાયધણજર) કુલીનકાંત ચાંપશી લુઠિા ''માનવ જ્યોત''મેં રૈ માનવતાજી પ્રવૃત્તિજા પૂજારી થૈ ખૂબ સેવા કરે નાં ચમકાંયાં

(સુથરી) પદમશી લધુભાઈ સોની મુંભઈમેં કૉલેજ કે જભરો ડે ઉચ્ચ શિક્ષણ મેં જ્ઞાન ગંગા વહાયાં

(કોઠારા) ખીમજી ઘેલાભાઈ ખોના મુલુંડજી નાગરિક સમાજા સ્થાપક પ્રમુખ રૈ વરીં કંજુમર સોસાયટીજા પેલા પ્રમુખ થૈ સેવા બજાયો

(કોઠારા) શિવજી તેજપાર ગોવિંદજી લોડાયા ચાલીસગામમેં મ્યુનિસિપાલીટીજા પ્રમુખ થૈ નગર કે ઓચોં આણ્યો

(કોઠારા) ભવાનજી શિવજી લોડાયા ચાલીસગામમેં મ્યુનિસિપાલીટીજા નગર સેવક થૈ નગરકે વિકસાંયો

(કોઠારા) ઠાકરશી ભવાનજી ધરમશી ખામગામમેં મ્યુનિસિપાલીટીજન નગર સેવક રૈ જન સુવિધાઉં વધારાંયો

(કોઠારા) કુંવરજી નરશી લોડાયા માનવસેવાજા ભેખધારી થૈ કોઠારેજો ભૂકંપમેં ભંધ થેલ ધવાખાનું ફેરી ચાલ કિરાંયો

(જખૌ) લાલજી ઘેલાભાઈ માડણ શિયાડ રાયપુરમેં મ્યુનિસિપાલીટીજા ઉપપ્રમુખ રૈ શહેર કે આધુનિક ભનાંયો

(જખૌ) હીરજી હંસરાજ તેજપાર (શાહ) શિયાડ ધમતરીમેં મ્યુનિસિપાલીટીજા ઉપપ્રમુખ થૈ નગર ઉદ્ધાર કરાંયો

| | |
|---|---|
| (જખૌ) | જવેરચંદ કુંવરજી શિયાડ જખૌમેં બિનહરીફ ૩૦-૩૦ વરેં સુધી સરપંચ રૈ સેવાસેં નાં કમાંયો |
| (તેરા) | પદમશી તેજપાર માડણ ખોના ખામગામમેં મ્યુનિસિપાલીટીજા નગર સેવક થૈ સેવાસેં જશ કમાંયો |
| (તેરા) | ભવાનજી કુરપાર નાગડા ખામગામમેં ડો ડો વરેં સુધી નગર સેવક રૈ સેવાસેં પિંઢજો નાં ચમકાયો |
| (તેરા) | કલ્યાણજી ખેતશી નાગડા તેરેમેં સરપંચ થૈ ગામજી ઉન્નતિ-પ્રગતિલા સેવા બજાંયો |
| (વરાડિયા) | દામજી આણંદજી વિકમશી ખામગામમેં મ્યુનિસિપાલીટીજા નગરસેવક થૈ સુધારા વધારા કે કરાંયો |
| (વારાપધર) | ગુલાબચંદ ભવાનજી કાનજી લોડાયા ધુલીયામેં મ્યુનિસિપાલીટીજા પ્રમુખ થૈ ધુલીયા કે અગ્યા આણ્યા |
| (વારાપધર) | કેશવજી રતનશી કરમશી નાગડા વારેપદ્ધરમેં ૩૦-૩૦ વરેં સુધી સરપંચ રૈ ગામજી જબ્બરદસ્ત સેવા બજાંયો |
| (સાંયરા) | લાલજી (ઉર્ફે મગનભાઈ) લધાભાઈ મોમાયા સાંયરેમેં ડૉ. વરે સુધી સરપંચ રૈ પાણી ને ટેલીફોન ડેરાય ગામજી પ્રગતિ કરાંયો |
| (સુજાપુર) | લક્ષ્મીચંદ વિશનજી છેડા સુથરી - રોહા - સુખપર ને રવાપરમેં તલાટી સહમંત્રી તે ખરી ફરજ બજાંયો |
| (સુથરી) | રતિલાલ ઘેલાભાઈ દંડ (કારાણી) દોંડાઈચા વરવાડા મ્યુનિસિપાલીટીજા પ્રમુખ થૈ નગરજી સેકલ પલટાંયો |
| (સુથરી) | વિશનજી (ઉર્ફે વેલજી) રતનશી લોડાયા સુથરીમેં ૧૩ વરેં સરપંચ રૈ લાઈટ-પાણી-રોડ ને ટેલીફોનજી સગવડ ડૈ અમૂલ્ય સેવા બજાયો |
| (સુથરી) | સંત લોડાયા વીરોભાને પતોભા માડુએંજી ભલાઈજા નેક કમ કરે ''ભલારા દાદા'' જે નાલે પ્રખ્યાત થૈ રાંયો |
| (તેરા) | ભાણજી દેવજી ખીમજી ખોના ખામગામમેં 'નેશનલ હાઈસ્કુલ' ને 'મંગલ કાર્યાલય' કે વડો દાન દૈ પિંઢજે વડીલેંજા નાં તેં તેં કામય કરાંયો |
| (સાંધવ) | થોભણ દેવજી પૂંજા દંડ સાંધવમેં ડૉ. રાવ ને વરી વીઝીટલા ધોળે કે રખી સાંધવ ને આજુબાજુ ગામેલા ધવાખાનું ચાલુ કરાંયો |
| (સાંધાણ) | વેલજી આણંદ મૈશેરી સને ૧૯૧૦ મેં બાળ ને વૃધ્ધ લગ્ન પ્રથા ને વરી કન્યા વિકણેજી પ્રથા નાબૂદ કરાંયો |
| (સાંધાણ) | નરેન્દ્ર વેલજી પૂંજા ધરમશી કચ્છ સ્ટેટ ટાણે વા આસિસ્ટન્ટ સેક્રેટરી ને ગુજરાત રાજ્ય થે પુવા વા કાયદા નાયબ સચિ વ. હેની હોદ્ધેં તેં ર્યા ને વરી ૧૯૫૬ જે અંજાર ભૂકંપ મેં સારી કામગીરી બજાંયો |
| (સાંયરા) | કાંતિલાલ વાલજી મોમાયા (કે. વી. શાહ) વા ગુજરાત ઈલેક્ટ્રીસીટી બોર્ડજા એજ્યુકેટીવ ઈન્જીનીય જેંસે સાંયરેમેં સને ૧૯૭૭/૭૮ મેં લાઈટું વિજાય ગામકે રોશની ડેરાંયો |
| (કોઠારા) | રતનશી જેઠાભાઈ ખોના જે સાંગલીમેં શિક્ષણ ક્ષેત્રે ગુજરાતી હાઈસ્કુલ ને મહિલા કોલેજ અને રેઠાણલા રતનશી નગર ભનાંયો |
| (કોઠારા) | કલ્યાણજી જેઠાભાઈ ખોના જે કરાડમેં પાંજરાપોળ ઊભી કરીને અબોલ જીવેંજી સેવા બૈ માનવ સેવા પણ કરે લાંયો |
| (કોઠારા) | માણેકજી રતનશી ખોનાજી માનવ સેવાજે કારણે ઈનીકે, મહારાષ્ટ્ર શાસન 'દલીત મિત્ર' ભનાયો |

### ચમકેં કચ્છજ્યું તેજસ્વી તારલીયું...

| | |
|---|---|
| (સાંયરા) | માનબાઈ પદમશી લોડાયા તા. ૧૪-૪-૧૯૪૪ જે ડીં ૪ વગેં થીંધલ ધડાકેમેં નિરાધાર બાઈયેંકેં વાડીમેં જમાડ્યો |
| (વારાપધર) | જયવંતીબેન ગુલાબચંદ ભવાનજી લોડાયા ધુલીયામેં મ્યુનિસિપાલીટીજા પ્રમુખ થૈ ખરી સેવા બજાંયો. |


**જાહેરાતો મોકલવા માટે સંપર્ક**

મુકેશ લોડાયા - **022-2508 4463 / 64 / 65**
મોબાઈલ **98211 54326** (સવારે ૧૧ થી સાંજે ૭)
ઉદયન લોડાયા - **98210 04296 / 87796 47886 / 022-2264 2495** (સાંજે ૫ થી ૭)

**શ્રી મહાવીર એમ્બ્રોઈડરી**
**રાજ નીકેતન બિલ્ડીંગ, ભંડારકર રોડ,પોસ્ટ ઑફીસની સામે, માટુંગા. ફોન : 2402 5070 / 86522 39537**
**સાચી જરીના ઘરચોળા તેમજ સાચી જરીની સાડીઓ સારા ભાવે વેંચાતા લઈશું.**
સોમવાર બંધ



### વ્યક્તિ વિશેષ : અકાઉન્ટની સીમાને પાર...

# શ્રી જતિન જયચંદ લોડાયા

**(નલિયા/મુંબઈ)**

**શ્રી જતિન** C. A. Institute ના ફેલો-મેમ્બર છે અને ૨૩ વર્ષ અનેક વિશ્વ સંસ્થાઓમાં વિવિધ અનુભવ લીધો છે જેવી કે Price Waterhouse, City Bank, KPMG India અને USA, P & O Nedlloyd, Standard Chartered Bank વગેરેમાં. ઉપરાંત તેમણે સ્ટેટ ઓફ કોલોરાડો USA, DISA અને FAFD, ICAI માંથી અને ISB હૈદરાબાદમાંથી AMP.

૪૪ વર્ષની ઉંમરે તમેણે કોરપોરેટ જગત છોડી દેવાનો અને બીજી પ્રાથમિકતાઓ પર ધ્યાન આપવાનો નિશ્ચય કર્યો, એમાં પ્રવાસ અને ફોટોગ્રાફીનો લગાવ પણ સાથે હતો. તેને હાલ પાંચ વર્ષ થયા. આજ સુધી તેમણે ૨૮ દેશોનો પ્રવાસ કર્યો છે. કામ તેમને ક્યાંય સુધી લઈ ગયું, જેમકે USA, Hong Kong, Thailand, Malaysia, UAE, Bangladesh, Nepal, Sri Lanka વગેરે.

Mahendra Adventure સાથે તેમણે ૧૩ રોડ ટ્રીપ કરી છે. (તેમના શ્રીમતી નીતા સાથે પાર્ટીસીપન્ટ તરીકે અને ક્યારેક તેમના પ્રમાણિત ફોટોગ્રાફર તરીકે) આમા પાંચ તો International Border પાર કરીને નેપાલ, ભૂતાન, મ્યાંમાર, થાઈલેન્ડ અને તિબેટ (ચીન).

તાજેતરમાં ઈંડીયન નેવીની ટ્રીપ (મુંબઈથી લડાખ સ્પીતિ અને પાછા મુંબઈ) માટે ઓફીસીયલ ફોટોગ્રાફર તરીકે નિમાયા હતા. ૩૩ દિવસની ખડતલ, એડવેંચર ભરપૂર ટ્રીપ હતી. બે વર્ષ પહેલા મહેન્દ્ર એડવેંચરના ભાગ તરીકેની રોડ ટ્રીપમાં તેમની પત્ની સાથે ડ્રાઈવ કરીને શ્રીનગરથી કન્યાકુમારી ગયા હતા.

તાજેતરમાં એક મોટા કોરપોરેટ હાઉસે તેમના વિવિધ CSR ઈવેન્ટ રેકોર્ડ કરવા તેમની ફોટોગ્રાફી સર્વીસનો લાભ લીધો હતો. ઉપરાંત વિન્ટેજ અને ક્લાસીક મોટરોની તસ્વીરો લેવાનું કામ લીધું હતું જેમાંની કેટલીક તો સિંગાપોરના Rewind - મેગેઝીનમાં છપાઈ હતી. તેમણે Mahendra Adventure Events માં દરમ્યાન લીધેલી વિવિધ Automotive મેગેઝીનમાં છપાઈ હતી. કાલા-ઘોડા ફેસ્ટીવલમાં, ઉપરાંત મારૂતી-સુઝુકી દ્વારા ઓટો-કાર ઈવેન્ટમાં તથા VCCCI દ્વારા થયેલ વિન્ટેજ અને ક્લાસીક કાર ઈવેન્ટમાં પણ તેમને એવોર્ડ અને સન્માન પ્રાપ્ત થયા હતા.

NCPA માં 23-25 Nov. 2018 ના ફોટોગ્રાફી પ્રદર્શન (બીજા ચાર સાથે) યોજેલ તેમના પ્રવાસ અને ફોટોગ્રાફી જે સામાજીક અસર કરે છે તેનું પ્રેઝન્ટેશન પણ આપેલ.

આ ક્ષેત્રના નવા પ્રોફેશનલોને માર્ગદર્શન સાથે Soft-Skill ની તાલીમ પણ આપે છે. હાલમાં આર્થિક જ્ઞાન ક્ષેત્રમાં તાલિમા તથા વિદ્યાર્થીઓ જે નજીકના ભવિષ્યમાં ગ્રેજ્યુએશન પૂરૂ કરવાના છે તેમને ટ્રેનીંગ આપવાનું શરૂ કર્યું છે. જ્ઞાતિને લગતી વાતમાં ૨૦૧૩ થી લોન અરજીની રીવ્યુ પેનલમાં છે. એમણે અનેક ટેક્નીકલ વર્કશોપમાં ભાગ લીધો છે. ICAI-CA ના પેપર લખવામાં, સ્ટડી સર્કલ્સ, CTC, IBA, IMC, Marcus Events વગેરેમાં પણ ભાગ લીધો છે.

WA-PSની શુભેચ્છા.

(jatinlodaya@gmail.com; 9820791228

## જ્ઞાતિના આગામી આયોજન

- **જીવીસી સંઘ :** ૧૦-૩-૨૦૧૯ શાહપુર માનસ મંદિર દર્શન
- **ગોએરસમા :** ૨૧/૨૨-૩-૨૦૧૯ બંને ગામના ધ્વજા મહોત્સવ અને મહાજન, ટ્રસ્ટની ચૂંટણી
- **ભાંડુપ :** ૬-૪-૨૦૧૯ મોતા પરિવારોના કુળદેવી અંબાઇ માતાની સમુહ પહેડી
- **મુલુંડ :** ૫-૫-૨૦૧૯ કોઠારા, ચામુડા માતાને નમતા મૈશેરી પરિવારોની પહેડી.



## ક.દ.ઓ. નારી કાર અને બાઈક રેસમાં પણ આગળ

# કુ. ગોપિકા બીરેન ધરમશી (હુબલી)

B.E. (Industrial & Production Engineer)

ક.દ.ઓ. નારીઓ આજે અકલ્પનીય સીમાઓમાં પ્રવેશી ચૂકી છે. હુબલીની કુ. ગોપિકા બીરેન ધરમશી કાર અને બાઈકની રેશમાં ઘણી આગળ વધી ચૂકી છે. તે એક એન્જીનીયર છે અને અનેક સંમેલનોમાં ભાગ લીધો છે. ઉપરાંત તેણી Freelance Wall Artist અને J. K. Tyre Motor Sports માટે Graffitist Intern (દિવાલચિત્રણ) પણ છે.

મોટર સ્પોર્ટ્સમાં તેની અનેક સિધ્ધીઓ પર નજર કરીએ:

(૧) યેલાપૂરમાં નવેમ્બર ૨૦૧૫માં અગીયારમી મોટો-સ્ટેજ રેલી થઈ હતી તેમાં ૪૩ જણાએ ભાગ લીધો હતો અને તેમાં ભાગ લેનાર તે એકમાત્ર Female હતી.

(૨) ફેબ્રુઆરી ૨૦૧૬માં ચેન્નાઈમાં (MMRT) ની મદ્રાસ મોટર રેસ ટ્રેકમાં Honda Ten Racing Academy દ્વારા કન્ડક્ટ થયેલ Certified Level-1 મોટર સ્પોર્ટ્સ ટ્રેનીંગમાં તેણે ભાગ લીધો હતો.

(૩) ફેબ્રુઆરી ૨૦૧૬માં (MMRT) ચેન્નાઈમાં Indian National Motorcycle રેસીંગ ચેમ્પીયનશીપની લેડીઝ કેટેગરીમાં તે Select થઈ હતી (બીજા ૧૧ સાથે)

(૪) મહિલાઓ માટેની પ્રથમ National Racing ચેમ્પીયનશીપ February 2016 માં ભાગ લીધો અને ૮માં સ્થાને આવી હતી.

(૫) મે ૨૦૧૬ માં કોઈમ્બતુરમાં Formula Junior Racing Series (Round 2) 165 CCની લેડીઝ કેટેગરીમાં ભાગ લીધો અને બીજા ક્રમે આવી હતી.

(૬) બેલ્જીયમમાં મે ૨૦૧૬માં KTM Orange Day સ્ટ્રીટ રેસીંગમાં ભાગ લીધો હતો અને ફરી ૪૮ ભાગ લેનારમાં એકમાત્ર Female Rider હતી.

(૭) Bullet 350 CC બાઈક પર કર્ણાટકના ઉચ્ચતમ શિખર સુધી રાઈડ પૂરી કરવામાં સફળ રહી હતી. સાથે સાથે બેલૂર, હેલબીડૂ અને ચીકમંગલૂર પણ ૨૦૧૭ જાન્યુઆરી ૧૪ અને ૧૫ ના (૨ દિવસમાં ૭૦૦ કિ.મી.) રાઈડ કરી.




(૮) મોટર સ્પોર્ટ અને Off-Rallies માં એક્ટીવ ભાગ લેવા બદલ BVBCET માં ૨૪ માર્ચ ૨૦૧૭ માં થયેલ National Tech-Fest, PLEIADES 2K-17 માં સ્પેસીયલ કેટેગરીમાં Best Outgoing Student નો એવોર્ડ પ્રાપ્ત થયો હતો.

(૯) ૪ જૂન ૨૦૧૭ માં, Denissions - હુબલીમાં થયેલ KTM Orange Day માં ભાગ લેનાર ૫૩ હરીફોમાંથી તે એકલી Female હતી.

(૧૦) SAE (સોસાયટી ઓફ ઓટોમોબાઈલ એન્જીનીયર્સ) માં સ્ટુડન્ટ ફોર્મ્યુલા અને રેસ-કાર ફોર્મ્યુલા બનાવવાની હતી. આ કરવામાં કોલેજમાં ટીમને ૧૦ મહિના લાગ્યા. મુખ્ય Event નોઈડામાં Buddh Int. Circuit માં July 2017 માં થયો. ભારતભરમાંથી ૧૮૦ ટીમોએ ભાગ લીધો હતો. તેમની ટીમ તેમાં ચોથા ક્રમે રહી હતી.

(૧૧) જૂન ૨૦૧૬ માં M-Baja Event માં ભાગ લીધો (જે ઉપર મુજબની સરખીજ હતી).

(૧૨) ૩૦ જુલાઈ ૨૦૧૭માં Automobile Sketching & Styling ની વર્કશોપમાં ભાગ લીધો હતો જે Launch Pad Academy દ્વારા સંચાલિત થઈ હતી.

(૧૩) The Bikemi (Association of Women Bikers India) દ્વારા માર્ચ ૨૦૧૮માં Women's Day નિમિત્તે તેની બાઈક એડવેન્ચર માટે ખાસ નોંધ લેવાઈ હતી.

(૧૪) Breast Cancer Awareness માટે થયેલ એપ્રિલ ૨૦૧૮માં 4W રેલી - Times Women's Drive માં બેંગલોરથી ગોવા તેણે માર્ગદર્શક તરીકે ભાગ લીધો હતો.

(૧૫) સપ્ટે. ૨૦૧૮માં કોઈમ્બતુરમાં Kari Motor Speedway માં J K Tyre Motor Sports દ્વારા






સંચાલિત J K Tyre રેસીંગ ચેમ્પીયનશીપ Round-2 માં Gear-Head તરીકે Select થઈ હતી. આમાં એન્જીન અને પરફોર્મન્સ ટ્યુનિંગ Formula-3 Race Cars સાથે કામ કરવાનું હતું.

(૧૬) ઓક્ટોબર ૨૦૧૮માં Race-Operations માટે Select થઈ. Motor Sports દ્વારા સંચાલિત Round-3 J K Tyre Nation Racing ચેમ્પીયનશીપ જે Race Track માં બનતા ટેક્નીકલ બનાવ બાબત હતી.

(૧૭) Yellapur Adventure Club દ્વારા સંચાલિત 15th Moto Stage Rally માં ભાગ લીધો હતો અને રેલીના 75% પૂરા કર્યા. ઉત્તર કર્ણાટકના ગાઢ જંગલોમાં રેલી હતી. ૨૪ હરીફોમાં એક જ Female હરીફ હતી અને જંગલોમાં એકલીજ હંકારી ગઈ હતી.

★ Motor Sports ની ઉપરાંત :

કોલેજમાં ડાન્સ-સ્ટુડીયોની દિવાલો પર Paintings કરવાની અને કલા બતાવવાની પણ તેને તક મળી હતી અને આજ સુધી ૨૧ દિવાલોમાં Paintings કરી છે.

★ તેમની બીજી કલા છે Ambidexterity (બન્ને હાથથી એક સાથે લખવાનું) ઉપરાંત Mirror Image લખવું તેમજ ઉંધુ પણ લખવું.

Facebook : **Gopika Dharmshi**

Instagram : **gopika_dharmshi**


।। શ્રી ગોડીયા પાર્શ્વનાથાય નમઃ ।।

## શ્રી રાપર ગઢવારી – નાની સિંધોડી જૈન સંઘ
## ધ્વજા મહોત્સવ ૨૦૧૯

### શ્રી ૧૨૭ મો ધ્વજા – ત્રિહાનિકા મહોત્સવ

**ભારતભરમાં વસતાં રાપર ગઢવારી - નાની સિંધોડી ગામવાસીઓ તથા નિયાણી બેનોને સપરિવાર શ્રી ૧૨૭ મા ધ્વજા મહોત્સવમાં પધારવા ભાવભર્યું હાર્દિક આમંત્રણ છે.**

**પ્રથમ દિવસ** : જેઠ સુદ ૮ સોમવાર **તા. ૧૦–૬–૨૦૧૯** બપોરના ૨.૩૦ કલાકે **શ્રી પાર્શ્વ પદમાવતી પુજન**

**દ્વિતીય દિવસ** : જેઠ સુદ ૯ મંગલવાર **તા. ૧૧–૬–૨૦૧૯** સવારના ૯.૦૦ કલાકે **શ્રી સ્નાત્ર પૂજન**
બપોરના ૨.૩૦ કલાકે **શ્રી પ્રભુજીના અઢાર અભિષેક**

**તૃતિય દિવસ** : જેઠ સુદ ૧૦ બુધવાર **તા. ૧૨–૬–૨૦૧૯** સવારના ૯.૦૦ કલાકે **શ્રી સત્તરભેદી પૂજન**
સવારના ૧૧.૧૫ કલાકે **આનંદ અને ઉલ્લાસભર્યા વાતાવરણમાં ધ્વજારોહણ**

**વિધીકાર : શ્રી કેવલભાઈ સાવલા** **સંગીતકાર : શ્રી કિશોરભાઈ સાંગાર**

**સંપૂર્ણ ત્રિહાનિકા ધ્વજા મહોત્સવના લાભાર્થી પરિવાર**
**માતુશ્રી સોનબાઈ વિશનજી લખમશી નાગડા પરિવાર હસ્તે અ.સૌ. પ્રવિણાબેન હીરાચંદ નાગડા પરિવાર**
**શ્રી નાની સિંધોડી ખાતે મહોત્સવ**
**તા. ૧૦-૬-૨૦૧૯ સવારના શ્રી હનુમાનજી ધ્વજારોહણ તા. ૧૧-૬-૨૦૧૯ સવારના શ્રી રામદેવ પીર ધ્વજારોહણ**



રચયિતા: જયકાંત મોતા

ઘાટકોપર (તેરા) ૯૮૧૯૬ ૨૮૩૮૨

## ધર્મ સંદેશ - ૧૩૫



**ઊભી ચાવીઓ -**

[૧] ૧૦૮ પાર્શ્વનાથમાંના એક (૪); [૨] તપસ્વીઓની પૂછાય ? (૨); [૩] — ફઈની ટુંક શત્રુંજય ઉપર છે (૩); [૪] ભાદરવા સુદ — નો પર્યુષણની પુર્ણાહુતી થાય (૩); [૮] — લક્ષ રાખો અને ધર્મને હંમેશા સાથે રાખો (૧); [૧૦] ચંદ્ર એ વાસુપૂજ્યનાં — છે (૩); [૧૧] ભગવાનને ચડાવાતા એક પુષ્પ (૩); [૧૨] એક કષાય (૨); [૧૪] જેનામાં ચક્રવર્તી કરતાં અળધુ બળ હોય (૪); [૧૫] — એ અસાર છે (૩); [૧૬] — મણીભદ્ર વીરનું સ્થાનક (૫); [૧૮] બે સાધર્મિક એકબીજાને શું સંબોધન કરે (૫); [૨૦] આ સોળ છે (૨); [૨૨] સદ્દ્ચારિત્ર (૨); [૨૩] આરતીના — (૨); [૨૪] પવિત્ર (૩); [૨૫] રંગે રમે આનંદે રમે, આજ દેવ — રંગે રમે (૩); [૨૬] ભગવાનના — હોય (૨); [૨૭] શત્રુંજય ઉપર કેટલી ટુંક છે (૨)

(ઉકેલ અન્યત્ર)

**આડી ચાવીઓ -**

[૧] શત્રુંજય પહાડ ઉપર — પીરની દરગાહ છે (૪); [૩] શ્રાવકે જમતી વખતે ઓછું ખાવારૂપ — તપ કરવો જોઇએ (૪); [૫] પાપનો ઉદય જીવનમાં ઘણુંબધું — કરી નાખે (૩); [૬] તિર્થંકરોના કુલકલ્યાણકો કેટલા ? (૨); [૭] ગુરૂ મહારાજ સાંજે મળે ત્યારે — વંદામિ બોલાય (૪); [૯] બિહારનું મહાવીર સ્વામીનું એક તીર્થ (૫); [૧૩] શત્રુંજયની પંચતિથિના આગામમાં જીવત સ્વામી ભગવાન છે (૩); [૧૫] સુપાત્ર દાનના પ્રભાવે — મરીને શાલીભદ્ર બન્યો (૩); [૧૭] સાધુઓનું એક ઉપકરણ (૩); [૧૯] બધી સતીઓમાં સૌથી પુણ્યશાળી (૩); [૨૧] તીર્થંકરના હાથે ચરિત્ર કોને મળ્યું (૪); [૨૨] મુંબઈના આ પરામાં અભિનંદન સ્વામીનું જિનાલય છે (૨); [૨૩] ઘણીવાર ૧૦૮ આરતીના — કરવામાં આવે છે (૨); [૨૪] ફાગણી તેરસના શત્રુંજયની તળેટીમાં યાત્રાળુઓ માટે — રખાય છે (૨); [૨૫] આબુમાં આવેલ તીર્થ (૪); [૨૬] આ પ્રભુનું જન્મ સ્થળ ચંદ્રપુરી છે (૨); [૨૭] પુજાના અંગો કેટલાક (૨); [૨૮] આ તીર્થમાં સાસુવહુના દેરા છે (૨); [૨૯] ૧૦૮ માંના એક પાર્શ્વનાથ (૩); [૩૦] રાજસ્થાનમાં આવેલ મહાવીર પ્રભુનું તીર્થ (૪);

## કચ્છી કસબ - ૧૩૫



**આડી ચાવીઓ -**

[૧] બડાઈ મારવી (boasting) (૩); [૨] લગ્ન (marriage) (૨); [૩] જેમતેમ (by any how) (૪); [૪] લાલ રંગ (red colour) (૨); [૫] દીકરી (daughter) (૩); [૬] નાખવું (to put) (૨); [૭] અજાણ્યા (stranger) (૨); [૯] તારું (yours) (૨); [૧૦] પરોઢિયે (early morning) (૩); [૧૨] ઓગળી જવું (to melt) (૩); [૧૬] નહીં તો (otherwise) (૩); [૧૯] બાળક (child) (૩); [૨૧] ચાખવું (to taste) (૨); [૨૨] લગ્નમાં પોંખવાની એક સામગ્રી (used in marriage ceremony) (૩); [૨૪] રાખે છે (do you keep) (૩); [૨૫] પુત્રવધુઓ (daughters-in-laws) (૨); [૨૮] જેવું તેવું (anything) (૪); [૨૯અ] જીદ્દી (stubborn) (૩); [૩૧] કેમ (why) (૩); [૩૨] જમવાનું નોતરૂં (invitation for food) (૩)

(ઉકેલ અન્યત્ર)

**ઊભી ચાવીઓ -** [૧] ચીરો (cut) (૨); [૨] મકાન પાછળની જગ્યા (space behind building) (૩); [૩] ચહેરાનું મળવું (same kind of face) (૪); [૫] ન્યાય (justice) (૨); [૬] બેઠો (have sitted) (૨); [૮] ભેળવીને ગંદુ કરવું (made dirty by churning) (૪); [૧૦] તપેલી (pan) (૨); [૧૧] સગવડતા (facility) (૨); [૧૩] ઘણું બધું (too much) (૨); [૧૪] કેવી રીતે (how) (૧); [૧૫] રસ (interest) (૨); [૧૭] દિવસ (day) (૧); [૧૮] સગવડતા (facility) (૨); [૨૦] થકવી નાખવું (become tired) (૩); [૨૧] સીધું (keep on right side) (૨); [૨૩] વજન ઉપાડી શકે તેવો (of carrying capabilities) (૪); [૨૫] અટક (surname) (૨); [૨૬] રાખ્યું (to keep) (૨); [૨૭] બીજું (another) (૨); [૨૯] ગોતવું (to find out) (૨); [૩૦] તરવરીયો માણસ (restless person) (૩); [૩૩] તક (chance) (૨); [૩૪] પક્ષપાત કરવો (to give favour) (૪); [૩૫] દબાઈ ગયેલું (dumped) (૨); [૩૬] લાડકા (papmpered) (૩); [૩૭] સુકું (dry) (૨)

# મનને તરોતાજા કરી દેતું વિશાખાપટનમ

વિશાખાપટનમનો દરિયાકિનારો આમાંનો એક અફલાતૂન બીચ છે. નવાઈ એવી પણ ખરી કે બીચના શોખીનો આ વાતથી પૂર્ણપણે જ્ઞાત નથી. ખાસ કરીને આપણી તરફના. એટલે જાણવામાં આનંદ છે કે આખરે કઈ ખાસિયતો વિશાખાપટનમનાં બીચને આકર્ષક બનાવે છે. લેટ્સ સી.

શહેરની હદમાં અને તે પણ માત્ર અડધા કલાકની ડ્રાઈવ પછી ભરપૂર કુદરતી સૌંદર્ય ધરાવતા દરિયાકિનારા બીજે ક્યાં જોવા મળશે ? ૫૦૦ ફૂટ ઊંચા પર્વત પરથી પણ તમે બીચનું વિહંગાવલોકન કરી શકો છો. ડોલ્ફિન નોઝ હિલ પર આવેલી પ્રાચીન દીવાદાંડી અને ત્યાંથી શહેર તેમજ બીચના દર્શનનો અનુભવ લેવા જેવો છે.

**આર. કે. બીચ :** વિશાખાપટનમનો મુખ્ય બીચ છે રામકૃષ્ણ બીચ એટલે આર.કે. બીચ બે દાયકા પૂર્વે દરિયાકિનારાની આ રેતાળ જમીન પર ભાગ્યે જ સ્થાનિક લોકોના પગની છાપ પડતી હતી. હવે પરિસ્થિતિ સમૂળગી બદલાઇ ગઈ છે. આજે એવી સ્થિતિ છે કે આ બીચ પર રોજ સવારે જોગિંગ કરવા માનવમેદની ઉભરાય છે. સર્ફિંગના શોખીનોને આ બીચ જરૂર ગમશે સન, સી અને સેન્ડનો અનુભવ લીધા પછી સહેલાણીઓ નજીક આવેલું ડચ કબ્રસ્તાન જોઇ શકે છે. દરિયાકિનારા પર એક આંટો જરૂર મારવો. આસપાસના નાળિયેરીનાં વૃક્ષો, દરિયામાંથી વાતો મંદ આહ્લાદક પવન આ અનુભવને ચિરસ્મરણિય બનાવે છે.

**ઋષિકોંડા બીચ :** વિશાખાપટનમથી માત્ર આઠ કિલોમીટર મુસાફરી કરતા ઋષિકોંડા બીચ પહોંચી જવાય છે. પૂર્વના સાગરતટનું રત્ન ગણાતા ઋષિકોંડા બીચ પર વોટરસ્પોર્ટ્સ પ્રેમીઆએ જરૂર જવું. અહીં વિન્ડસર્ફ તેમ જ જેટસ્કીઇંગ કરતા ઘણા શોખીનો જોઇ શકાશે. જોકે અહીંનું સૌંદર્ય આખા વરસ દરમિયાન સહેલાણીઓને લોહચુંબકની જેમ આકર્ષે છે. હોળીને દિવસે રંગો અને ગુલાલોની ઊડતી છોળો વાતાવરણને રંગીન બનાવે છે.

**ભીમલી બીચ :** વિશાખાપટનમની સફર દરમિયાન ભીમલી દરિયાકિનારા પર એક લટાર મારવા જેવી છે. ગોસ્થાની નદીના મુખ પાસે આવેલો આ બીચ સલામત છે. પરિવાર સાથે લોન્ગ ડ્રાઈવ માણવા વિશાખાપટનમથી ૨૪ કિલોમીટરની ડ્રાઈવ કરવામાં મોજ પડી જશે. શહેરમાં ભાગ્યે જ જોવા મળે એવાં છાપરાવાળાં નાનાં ઘરો તેમ જ પ્રાચીન ડચ બંગલા આ સ્થળના ઐતિહાસિક ભૂતકાળની ઝાંખી કરાવે છે. સોળમી સદીનું એક ડચ કબ્રસ્તાન અને અઢારમી સદીની દીવાદાંડી તેમ જ ગૌતમ બુદ્ધ, પાંચ પાંડવો અને ડાયનાસોરની પ્રતિમાઓ અહીંનાં મુખ્ય આકર્ષણ ગણાય છે.

**કલિંગપટનમ બીચ :** વામસધારા નદી અને બંગાળની ખાડીને મળતી જોવાની તક અહીં મળશે. પ્રાચીન પોર્ટને ટુરિસ્ટ આકર્ષણ બનાવવામાં આંધ્ર પ્રદેશ ટુરિઝમે કોઈ કસર બાકી રાખી નથી. સ્થાનિક લોકો કલિંગપટનમ બીચની વીકએન્ડ વેકેશન તરીકે પસંદગી કરે છે.

**થોટલકોંડા બીચ :** તેલુગુમાં થોટલકોંડા એટલે ખડકોનો સમૂહ. આંધ્ર પ્રદેશના પુરાતત્ત્વ ખાતાએ ૧૯૮૮-૧૯૯૩માં કરેલા ખોદકામ દરમિયાન અહીં ૨,૦૦૦ વરસ જૂનું હિનયાન બૌદ્ધ સંકુલ મળી આવ્યું હતું. સંકુલની દક્ષિણમાં બૌદ્ધ વિહારોને પાણી પૂરું પાડતું જળાશય છે. ઈતિહાસ શોખીનો થોટલ કોંડા જવીનું ચૂકતા નથી.

**જાણવા જેવું :**

- એવું માનતા નહીં કે આ શહેરમાં માત્ર દરિયાકિનારા જ છે. ભારતના સૌથી મોટા શહેરામાં પાંચમું સ્થાન ધરાવતા વિશાખાપટનમમાં દરિયાકાંઠા ઉપરાંત ગુફાઓ, હિલ સ્ટેશનો, મ્યુઝિયમ જેવાં ઘણાં આકર્ષણો છે. દરિયાકાંઠાની શીતળ લહેરોમાં વેકેશન માણવાની મજા અલગ જ છે.
- આંધ્ર પ્રદેશને દિલ ખોલીને માણવા માટે લાંબા વેકેશનની યોજના બનાવવી. નિરાંતની પળોમાં મોજ માણવાની મજા તો અનુભવે સમજાય.
- વિશાખાપટનમની ખરી મજા માણવા શિયાળની મોસમ શ્રેષ્ઠ છે.
- વિશાખાપટનમના પાંચમી સદીમાં એનો આખો પ્રદેશ કલિંગનો સભ્યનો એક ભાગ હતો.
- વિશાખા ઉત્સવ તેમ જ લુમ્બિની ફેસ્ટિવલ જેવા ઉત્સવો અહીંની સંસ્કૃતિની ઝાંખી કરાવે છે.
- હૈદરાબાદના આંતરરાષ્ટ્રીય એરપોર્ટથી આંધ્ર પ્રદેશ પૂરા વિશ્વ સાથે સંકળાયેલું છે તિરુપતિ, વિશાખાપટનમ, રાજમુન્દ્રી તેમ જ વિજયવાડા હવાઈમથકો પણ સેવામાં હાજર છે.
- રેલવેના વિશાળ નેટવર્કને કારણે આંધ્ર પ્રદેશ ટ્રેનમાં પહોંચવું પણ આસાન છે.
- બજેટ અનુસાર આ શહેરમાં વિવિધ પ્રકારની હોટેલ્સ મળી રહે છે.

સમાચાર સંચય — સંસ્થા સમાચાર | જ્ઞાતિ સમાચાર | વતન સમાચાર

**જ્ઞાતિને સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

## શ્રી ક.દ.ઓ. મહિલા મંચ ખામગામ – શેગાંવ

શ્રીમતી પ્રવિણા દંડના અધ્યક્ષપદે લોટસ ગ્રુપ અને જાશ્મીન ગ્રુપ દ્વારા વિવિધ કાર્યક્રમોનું આયોજન ૧૩-૧-૨૦૧૯ના કરવામાં આવેલ. ચતુર્થ સમસ્ત મહાજન સંમેલનમાં ડીજીટલ નારી વીશે શ્રીમતી ગીતીકાબેન વીકમશી દ્વારા સરળ અને આગવી શૈલીમાં સમજણ આપવામાં આવી. આજે આધુનીક ટેક્નોલોજીની મદદથી ઘરે બેઠા નારી સશક્ત બનીને સમાજમાં પોતાની એક ઇમેજ અને આવડતનું પણ કરી શકે છે એનું સુંદર માર્ગદર્શન આપેલ. કચ્છ નલીયા સમસ્ત મહાજન મીટીંગમાં ત્યાં શું થયું એના વીશેની જાણકારી પણ મળી. એમનું સ્વાગત સૌ. લીનાલી લોડાયા અને નીની નાગડાએ કર્યું. સૌ. પ્રીતી નાગડા અને સૌ. સોનમ વીકમશીએ બેચ મોમેન્ટો રૂપે પહેરાવેલ. શાલ અને શ્રીફળથી સન્માન સૌ ટીનબેન લોડાયા અને હર્ષા નાગડાએ કર્યું. આ કાર્યક્રમનું સંચાલન અને શાલની ઘડી કેવી રીતે કરવી એનું પ્રત્યક્ષ ડેમો સૌ. હર્ષા નાગડાએ આપેલ.

જાશ્મીન ગ્રુપ તરફથી મકર સંક્રાતિ નીમિત્તે હલ્દી-કંકુ, તીલગુડ એ સંક્રાંતની ભેટ બધાજ સદસ્યોને આપવામાં આવી. શ્રીમતી પ્રવીણા દંડ દ્વારા સીલ્કના દોરાની વિવિધ બંગડીઓ આકર્ષક રીતે કેમ બનાવવી તેનુ ડેમોન્સ્ટ્રેશન બતાવવામાં આવ્યું. ગેમ્સમાં વિવિધ પ્રશ્નો પ્રવિણા દંડ અને હેતલ નાગડા દ્વારા પૂછાયા જેમાં સૌથી વધારે જવાબો સૌ સીમા લોડાયાએ આપેલ. બધાને ઇનામો પ્રીતી નાગડાના હસ્તે દેવામાં આવ્યા.

અંતમાં સંક્રાત નીમીત્તે મહારાષ્ટ્રીયન વેશભૂષામાં આવેલામાં પ્રથમ સૌ. લીનાલી લોડાયા અને દ્વીતીય સૌ. ગીતા દંડ રહેલ. ન્યુયર નીમીત્તે ઇવનીંગ ગાઉનના બેસ્ટ લુકમાં પ્રથમ સૌ. તૃપ્તી લોડાયા રહેલ સરસ તૈયાર થઇ આવવા માટે સૌ હેતલ લોડાયા સૌ. કુંજન લોડાયા અને સૌ. પુષ્પાબેન મોમાયાને પણ પ્રોત્સાહન આપવામાં આવેલ. લોટસ ગ્રુપનું સંચાલન સૌ. હેતલ નાગડાએ કરેલ. આભાર પ્રદર્શન સૌ. સોનમ વીકમશી એ બંન્ને ગ્રુપનું મળીને કરેલ.

## શ્રી જૈન દેરાસર અલાપ્પુઝા

શ્રી વાસુપૂજ્ય સ્વામી જિનાલયની ૨૫મી વર્ષગાંઠ અને ૨૬મી ધ્વજારોહણ પ્રસંગે ત્રીહાનીકા મહોત્સવ ૧૨-૧૩-૧૪ ફેબ્રુઆરી ૨૦૧૯ના ઉજવેલ વિધિકારક શ્રી પ્રકાશભાઇ જયંતીભાઇ કોચીન અને સંગીતકાર શ્રી નીતીનભાઇ જૈન એન્ડ પાર્ટી મુંબઇ પધારેલ. ત્રીહાનીકા મહોત્સવ માં ભાગ લેવા મુંબઇ, બેંગલોર, ચેન્નાઇ, કલીકટ, કોચીન તેમજ અન્ય સ્થળોથી ભાવિકો પધારેલ. ધ્વજા ચડાવવાનો લાભ શ્રીમતી ભાનુબેન કાનજી શાહ (ધ્રોળ) પરિવાર મદ્રાસ વાળાએ ૧૩૧૧૩૧ મણમાં લીધેલ.

## પરબ શક્તિ સંજીવની સોસાયટી

પરબ શક્તિ સંજીવની સોસાયટી દ્વારા આગામી ૨૯ તથા ૩૦ માર્ચ, ૨૦૧૯ ના રોજ; તેમના, છેલ્લા બે દાયકાથી લોકપ્રિય વાર્ષિક અનાજ તથા મસાલા વિતરણ પ્રકલ્પનું આયોજન, પરમ કેશવ બાગ, નવરોજી લેન, ઘાટકોપર (પશ્ચિમ) ખાતે કરવામાં આવ્યું છે. શ્રી લખ – લક્ષ્મી લુઠીયા વિવિધલક્ષી જન સહાય ફંડની પ્રેરણાથી, આ ઉપક્રમમાં ક.દ.ઓ. જ્ઞાતિની મહિલા સાહસિકો દ્વારા બારેય માસ ભરવા યોગ્ય શુદ્ધ અનાજ, મસાલા, સુકવણી, હાથે બનાવેલી ખાદ્ય વસ્તુઓ તથા ઘરગથ્થુ ઉપયોગની વસ્તુઓ હોલસેલ ભાવે રાખવામાં આવનાર છે. બન્ને દિવસે વિતરણનો સમય સવારે ૧૦ થી સાંજે ૬.૩૦ કલાક સુધીનો રહેશે. થેલી-થેલા સાથે લાવવા ખાસ વિનંતી.

## ઐતિહાસિક સામુહિક દીક્ષા
## સમસ્ત જૈન જગતમાં ભારે ઉત્કંઠા

મુંબઇના આંગણે પ્રથમ જ વખત થઇ રહેલી ૪૪ સામુહિક દીક્ષાએ સમસ્ત જૈનોમાં ભારે ઉત્કંઠા જગાવી છે.


લગ્નસરાની સાડીઓમાં કેડીઓ જ્ઞાતિનું વિશ્વસનીય નામ

**અવસર સારીઝ**

* સાચી/ટેસ્ટેડ કસબ અને જીંક કસબ સાડીઓ, ચણીયા ચોલી.
* રીયલ/ટેસ્ટેડ ઘરચોળા, બોર્ડરો, પાનેતર, બાંધણીઓ તથા ફેન્સીવર્ક સાડીઓ

૧ રૂપલ અપાર્ટમેંટ, દાદાસાહેબ ફાળકે રોડ, સાધના હોટલની સામે, દાદર (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૧૪. ફોન : 022-24164239

સંપર્ક : દિનેશ દેઢિયા - 92234 25676

બોરીવલીના ચીકુવાડી વિસ્તારમાં યોજાઇ રહેલા આ મહોત્સવમાં ૫૦,૦૦૦ જેટલા ભાવિકો ઉપસ્થિત રહેશે. જ્યારે ૬૦૦ જેટલા શ્રમણ-શ્રમણી નિશ્રા પ્રદાન કરશે એમ જણાવતાં આયોજક આધ્યાત્મ પરિવારના વડા હીતેશભાઇ મોતાએ માહિતી આપી હતી કે આ દીક્ષાર્થીઓનું ઝારખંડના મુખ્ય પ્રધાન રઘુબરદાસ,મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડનવીસ તથા ગુજરાતના મુખ્ય પ્રધાન વિજય રૂપાણીએ અભિવાદન કર્યું છે.

માર્ચ ૯ સુધી ૧૩ દરમિયાન યોજાઇ રહેલા આ મહોત્સવમાં દીક્ષા પ્રદાતા સૂરશાંતિના ચરમ શિષ્યરત્ન જૈનાચાર્ય પૂ. જિનચંદ્ર સૂરીશ્વરજી મહારાજ અને તેમના શિષ્ય રત્ન જૈનાચાર્ય પૂ. યોગ તિલક સૂરીશ્વરજી મહારાજ છે.

## કચ્છ સરહદે કડક કરાયેલી સલામતી વ્યવસ્થા

ભારત-પાકિસ્તાન વચ્ચે તંગદિલી ઉગ્ર બનતા કચ્છ સરહદે સલામતી વ્યવસ્થા મજબૂત બનાવવામાં આવી છે. સરહદે સલામતી દળો વધારા આવ્યા છે તેમજ કાંઠા પટ્ટીમાં ચોકસી વધારાઇ છે જ્યારે દરિયાઇ સીમા અને ક્રીક વિસ્તાર સીલ કરી દેવાયા છે. વાહનોની અવરજવર ઉપર પણ જાપ્તો વધારવામાં આવ્યો છે.

## પાકિસ્તાની ડ્રોન

કોઠારા પાસે નૂંધાતડ નજીક વાયુદળે તોડી પાડેલા ડ્રોનનો કાટમાળ મળી આવ્યો છે. નાની સાઇઝનો આ ડ્રોન સરહદ પાર કેવી રીતે પહોંચ્યો તેની તપાસ થઇ રહી છે. ત્યારે એવી શંકા વ્યક્ત થઇ રહી છે કે આ ડ્રોનનું સંચાલન અબડાસાના કોઇક સ્થાનેથી થઇ રહ્યું હતું.

## ભુજ દાદર એક્સપ્રેસ

ભુજ-દાદર એક્સપ્રેસમાં નવા સુધારેલી સગવડોવાળા કોચ જોડાતા થઇ ગયા છે. 'પ્રોજેક્ટ ઉત્કૃષ્ટ' હેઠળના નવા કોચ વાળી પ્રથમ ટ્રેઇન કચ્છ આવી ગઇ છે. વળતી ટ્રેઇનને સાંસદ વિનોદ ચાવડા વિદાય આપશે.

## સ્વાઇન ફલુમાં ઉછાળો

તાજેતરમાં માવઠાના પરિણામે કચ્છના હવામાનમાં ભેજનું પ્રમાણ વધતાં સ્વાઇન ફલુના કેસોમાં પણ ઉછાળો નોંધાયો છે.

મુંદરા, ભુજ, આદિપુર, રાપર, અંજાર વગેરે તાલુકામાં કેટલાક કેસ નોંધાયા છે. અત્યાર લગી કુલ ૧૪૪ થી વધુ લોકો સ્વાઇન ફલુમાં સપડાયા હોવાનું જણાય છે.

## ચાડવા રાખાલમાં મગર-વસ્તી વધી

ચાડવા ડુંગરની તળેટીમાં કચ્છના રાજઘરાના આરક્ષિત વિસ્તારમાં આવેલા ડેમમાં મગરની વસ્તીમાં નોંધ પાત્ર વધારો થયો છે.

## શેઠ વર્ધમાન કલ્યાણજી ટ્રસ્ટ ભદ્રેશ્વર દ્વારા પાંજરાપોળોને સહાય

વર્ધમાન કલ્યાણજી ટ્રસ્ટ-વસઇ જૈન તીર્થ ભદ્રેશ્વરના ટ્રસ્ટી મંડળે અબડાસાની કોઠારા, જખૌ, નલિયા, તેરા અને સુથરીની પાંજરાપોળો સહિત કચ્છના અન્ય કેન્દ્રોને કુલ રૂા. ૧૧.૯ લાખની રકમ જીવદયા ફંડમાંથી પ્રદાન કરી છે એમ ટ્રસ્ટના મેનેજીંગ ટ્રસ્ટી શ્રી પદમશીભાઇ લાલકાએ જણાવ્યું હતું.

## ખટિયાને જળસંચય એવૉર્ડ

લખપત તાલુકાની ખટિયા ગ્રામ પંચાયતને જળ સંચય ક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરી માટે તૃતીય રાષ્ટ્રીય જળસંચય એવૉર્ડ કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરીના હસ્તે એનાયત કરાયો હતો.

## ૨૨૦૦૦ નવા મતદાર

કચ્છમાં આગામી ચૂંટણીઓ માટે મતદાર યાદીમાં ૨૨૦૦૦ જેટલા નવા મતદાર ઉમેરાતાં કુલ મતદાતા સંખ્યા ૧૪,૬૭,૧૮૭ની સપાટીએ પહોંચી છે.

## નર્મદા યોજના હેઠળ કચ્છ માટે રૂા. ૮૯૨ કરોડ

નાણાકીય વર્ષ ૧૯-૨૦ દરમિયાન નર્મદા યોજના હેઠળ કચ્છ માટે ગુજરાત બજેટમાં રૂા. ૮૯૨ કરોડ ફાળવવામાં આવ્યા છે. આ કામોમાં નહેરનું બાંધકામ, પાઇપ લાઇન, તથા ત્રણ પંપિંગ સ્ટેશનનો સમાવેશ થાય છે.

## ધ્રોળ પરિવારની ૧૪મી સમૂહ પહેડી

કચ્છ ગોધરા તથા કોટડી મહાદેવ પુરીના શ્રી ધ્રોળ


**સાડીઓના અનુભવી શાંતીભાઈને મળો...**
પારસી વર્ક, કસબ વર્ક, જીક કસબ, પીટા વર્ક,
મોચી ટાકો, બટ કસબ, ફુલહારી, ધારવાડી,
હાથ વર્ક અને મશીન વર્કની સાડીઓ અને
ચણીયાચોળી રેડી સ્ટોકમાં મળશે.
તેમજ ઓર્ડરથી બનાવી આપવામાં આવશે.
તમારી જુની સાડીઓને ઓલ્ટર કરી આપશું.
**સોનલ આર્ટ**
**Mob.: 99678 41792**
'શિવમ', ડી-૨૦૧, રઘુનાથ નગર, વાગલે એસ્ટેટ,
રોડ નં. ૯, શિવસેના ઓફીસની સામે, થાણા-૪૦૦ ૬૦૪.

પરિવારના કુળદેવી શ્રી સચ્ચા માતાજી શ્રી વાચ્છરાદાદાજી ની ૧૪મી સમૂહ પહેડી ૨૮-૪-૨૦૧૯ રવિવારના રોટરી ક્લબ હૉલ, સુવિધીનાથ જૈન દેરાસર ગલ્લી, માનપાડા રોડ, ડોંબીવલી (ઇસ્ટ) મધે ૪ થી ૯ યોજવામાં આવેલ છે. ધ્રોળ પરિવારના સર્વે ભાવિકો નિયાણી બહેનો સહપરિવાર સાથે પધારવા ભાવભર્યું આમંત્રણ છે.

## વડોદરા સમાચાર

તા.૨૭-૧-૨૦૧૯ના શ્રી મહાકાલી માતાજીની દશમી મહાપૂજન સમુહ પહેડી વડોદરા ખાતે પ.પૂ.મોતીસાગરજી યતિ મ.સા. ની શુભ નિશ્રામાં ઉજવાઈ.

તા.૧૩-૨-૨૦૧૯ના શ્રી કોઈમ્બતુર ક.દ.ઓ.જ્ઞાતિ મહાજનના અગ્રણી શ્રી કાંતીભાઈ વોરા તથા સહકાર્યકર્તા વડોદરા પધાર્યા હતા. તેમના સ્વાગતમાં વડોદરા સંઘના કારોબારી સભ્યો, મહિલા મંડળ તથા યુવા મંચના પદાધીકારી ઉપસ્થીત હતા. ઉપરોકત ગેટ ટુ ગેધર પ્રસંગમાં કોઈમ્બતુર મહાજન વતી સમસ્ત મહાજનના ચતુર્થ સંમેલનને સફળ બનાવનાર વડોદરા ના શ્રી નિશીથ આનંદીલાલ દંડ, ફોરમ દિનેશ લોડાયા, ચંદ્રેશ દિનેશ નાગડા, નિમેશ કિશોર ધુલ્લા અને વિણાબેન સમીત ખોનાનું ચાંદિના સીકકા વડે બહુમાન કરવામાં આવ્યુ. શ્રી કાંતીભાઈ વોરાનું બહુમાન વડોદરા સમાજ તરફથી કરવામાં આવ્યુ.

તા.૧૭-૨-૨૦૧૯ના વડોદરા ખાતે ઉજવાઈ, વડોદરામાં વસતા સચ્ચા માતાજીના ૫૦૦ જેટલા ભાવિક ભકતોએ દર્શન-ગરબા-પ્રસાદનો અનેરો લાભ લીધો. પહેડીનો સંપુર્ણ લાભ લેનાર ચિ. હીયા મોહિત લોડાયા ની જન્મ ખુશાલી નિમિત્તે શ્રી કિશોર કલ્યાણજી લોડાયા -તેરા હાલ આણંદ પરિવારે લીધો. પહેડીનું સફળ આયોજન સર્વશ્રી કિશોર ધુલ્લા, ધનજી ગડા, ખુશાલ ગડા, હસમુખ ગડા અને અનિલ ગડાએ સુંદર રીતે કર્યુ.

શ્રી ક.દ.ઓ. જેન સમાજ વડોદરાની બહેનો શ્રીમતી ગુણવંતીબેન લોડાયા, શ્રીમતી ઉષાબેન લોડાયા, શ્રીમતી દમયંતીબેન લોડાયા, હંસાબેન લોડાયા ભારતીબેન નાગડા, અને વિજયાબેન ધુલ્લા ની રોહિણી તપની તપસ્યા પુરી થતા તેની ઉજવણી શ્રી વાસૂપૂજય સ્વામિના ચાર કલ્યાણક ભૂમિ ચંપાપુરીમાં ઉજવવાનું નકકી કરતા અર્હમ ટુર્સ સાથે ૧૧ ભાવિકો એ શ્રી સમેતશિખરજીની યાત્રા ૧-૧-૨૦૧૯ ના શરૂ કરી, ઋજુવાલીકા, રાજગૃહી,લછવાડ, છત્રીયકુંડ, કુંડલપુર, માં સેવા-પુજા સાતે ચંપાપુરી અને પાવાપુરીમાં સ્નાત્રપુજા પણ ભણાવી.

## કચ્છમાં કચ્છ એકમ દ્વારા સમૂહ લગ્નોત્સવ

શ્રી કચ્છી દશા ઓશવાળ જૈન કચ્છ એકમ, સમૂહ લગ્ન ટ્રસ્ટ દ્વારા જ્ઞાતિનો આગામી સમુહલગ્ન ૨૬-૫-૨૦૧૯ રવિવાર કચ્છમાં યોજાશે. ફોર્મ કચ્છ એકમ કાર્યાલય તથા કચ્છ એકમના સભ્યો પાસેથી મળી શકશે. ફોર્મ ભરી ૩૧-૩-૨૦૧૯ સુધી મોકલવાના રહેશે.

સમૂહ લગ્નમાં જોડાવા ઇચ્છુક પાર્ટીઓએ કચ્છ એકમ કાર્યાલય ગાંધીધામ મહેશ લાલકા મો. ૯૮૨૫૨૮૭૫૫૫ અથવા લહેરચંદ ખોના મો. ૯૮૨૫૧૩૮૧૦૩નો સંપર્ક કરવા વિનંતી.

## શ્રી ક.દ.ઓ. એકતા મહિલા મંડળ - ગાંધીધામ

૧૩ ફેબ્રુઆરીના રોજ સામાન્ય સભાની સાથે સ્નેહમિલન અને વેલેન્ટાઇન ડે થીમ સ્પેશલ વાનગી સ્પર્ધા, કવિતા અને શાયરી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.

મંડળના પ્રમુખ શ્રી મીનાબેન લાલકાએ બધાનું સ્વાગત કર્યું હતું. કાર્યક્રમનું સંચાલન મંડળના ઉપપ્રમુખ દિપ્તીબેન ધરમશીએ કર્યું હતું.

વાનગી સ્પર્ધાના વિજેતાઓ ૧) જ્યોતિબેન નાગડા, ૨) દિપાલીબેન નાગડા. શાયરી અને કવિતાના વિજેતાઓ ૧) રૂચીતા નાગડા, ૨) નિલમબેન લાલકા, ૩) અલ્પાબેન મોતા. થીમ આધારિત ડ્રેસ વિશેષ ઇનામના વિજેતા ૧) અલ્પાબેન મોતા, ૨) આજંલ ધરમશી, ૩) ભક્તિ લોડાયા.

મંડળના ખજાનચી લિપિકાબેન મૈશેરીએ આખા વર્ષ દરમિયાન મંડળની પ્રવૃત્તિનું ટુંકમાં વર્ણન કર્યુ હતું. ભાવિની દંડે (સેક્રેટરી) આભાર વિધી કરી હતી. જજીસને મોમેન્ટો દ્વારા સન્માનિત કરવામાં આવ્યા હતા. દિપ્તીબેન લોડાયા, ચેતનાબેન મોતા અને મૃદુલાબેન નાગડાએ સભ્યોનું રજીસ્ટ્રેશન કર્યું હતું.

## ક.દ.ઓ. નાગપુર મહિલા મંચ

૧૬-૨-૨૦૧૯ મહિલા મંચની મિટીંગ સૌ. અંજના સી પટેલ (મોતા)ને ત્યાં રાખવામાં આવી હતી. ચતુર્થ સંમેલનમાં જે ઠરાવો પાસ કરવામાં આવ્યા હતા એની અને એમાં આપણો કેટલો સાથ આપી શકીએ એની પણ વિચારણા કરવામાં આવી. પુલવામામાં આપણા જે જવાનો શહીદ થયા છે એમને મૂક શાંતિ પાઠ દ્વારા શ્રધ્ધાંજલિ આપી મિટીંગ પૂરી કરવામાં આવી.

## સુજાપુર નગરે ૧૩૭મો ધ્વજા મહોત્સવ

અજિતનાથ જિનાલયે ૧૦-૨-૨૦૧૯ પધારેલ ગામવાસીઓ તથા આમંત્રિતોની પધરામણીએ આયોજેલ શ્રી અજિતનાથ દાદા જિનાલયની ૧૩૭ મી ધ્વજા મહોત્સવે સર્વે ભાવિકોની સાથે પ.પૂ.મુનિશ્રી મુક્તિરત્ન સાગરની નિશ્રામાં તથા વિધિકાર શ્રી કેવલભાઈ સાવલા પ્રખ્યાત ગાયક શ્રી કિશોરભાઈ સાંગાર તથા સાથી સંગીતકારોની સથવારે ૧૮ અભિષેક સહ સત્તરભેદી પૂજા અને ધ્વજાના લાભાર્થી માતુશ્રી મણીબેન વર્ધમાન શામજી ખોના (સુજાપુર-પવઈ) પરિવાર દ્વારા ૧૩૭મી ધ્વજા લહેરાવવામાં આવેલ.

સંપૂર્ણ દિવસના સાધર્મિક ભક્તિના લાભાર્થી શા હંસકુમાર શામજી દંડ, સુથરી-મૂલુંડ હસ્તે વૃષભ-નિકિતા જયમન ખોના, સુજાપુર-પવઈ પરિવાર, પ્રભુજીના ગર્ભ ગૃહની વિવિધ ફૂલોથી-સ્વદ્રવ્ય સજાવટની માનદ પ્રભુસેવા સૌજન્ય અ.સૌ. ભદ્રાબેન લહેરચંદ દંડ, પરજાઉવાળા તરફથી તેમજ કાર્યક્રમ માટે મંડપ-સજાવટ માતુશ્રી ખેતબાઈ લખમશી મોતા પરિવાર,નલિયા મે. શાહ મંડપ ડેકોરેટર્સ. અન્ય ખર્ચ શ્રી હિરાચંદ વિશનજી શાહ, હંસકુમાર લક્ષ્મીચંદ છેડા તથા લેરીન વર્ધમાન ખોના દ્વારા પ્રાપ્ત થયેલ.

## અર્હમ ગ્રુપની બહેનોનો યાત્રાપ્રવાસ

'અર્હમ ગ્રુપ'ની દસ બહેનો જેમાં માલતીબેન જયંત સોની, પ્રભાબેન પદમશી સોની, જયાબેન સોની, હર્ષાબેન રિતેન સોનાવાલા, લતાબેન મણિકાંત મોમાયા, સ્નેહાબેન અશોક મોતા, દમયંતીબેન ચાંપશીભાઈ લોડાયા, ગીતાબેન વિનોદ ડાઘા, નીતાબેન અને કલ્પનાબેન ધરમશી ૫ ફેબ્રુઆરીના જામનગર થઈ લાલપર-ભલારા દાદા સ્થાનકે દર્શન યાત્રા અને ધર્મપ્રવાસ માટે ગયા હતા. પેડી-થાળ, આરતી-પૂજા સૌ કરી  સૌહૃદયથી પ્રફુલ્લિત થઈ ગયા હતા. આવું ધર્મમય વાતાવરણ પ્રાકૃતિક માહોલ જાણે હિલ સ્ટેશનનો અનુભવ કરાવતો હતો.

તા.૫ થી તા.૧૦ ફેબ્રુઆરી સુધીના દિવસો લાલપુર ઉપરાંત દ્વારકા, બેટ દ્વારકાની મુલાકાત લીધી. ઐતિહાસિક ધાર્મિક યાત્રા સ્થળ વિશાળ ઘૂઘવતો દરિયો જાણે સ્વર્ગની નજીક હોઈ એવી અનુભૂતિ થઈ. હિંદુ ધર્મના આ પવિત્ર મંદિરોમાં દર્શન કરી સૌ આનંદ અનુભવ્યો.

એક દિવસ જામનગર શહેરની પંચતીર્થ કરી દર્શન-પૂજામાં વ્યતિત થઈ ગયા. ત્યારબાદ હાલારની પંચતીર્થીનો લાભ લીધો જેમાં ભરૂડીયા, રંગપુર, નાની-મોટી ખાવડી, દલતુંગીના જિનાલયમાં દર્શન અને ભક્તિનો લાભ લીધો.

## (ભૂતકાળની બારીએથી)
## અમરાવતીથી ૯૩ વર્ષના અનુભવ વૃધ્ધ વડીલ શ્રી હિરજીભાઇ કુંવરજી જીવાણી

અમારા દાદાને પાંચ દિકરા અને એક દિકરી, એમાં મારા પિતાજી મોટ હતા. દાદાજીએ તેમને જુદા રહેવા, અને દસ હજાર કોરીનું કરજ ચુકવવા જણાવેલ અમારા પિતાશ્રી જાપાનની સુઝુકી કું માં રૂની ખરીદી માટે સાહેબો સાથે ગામે ગામ ફરતા હતા. સુઝુકી કંપનીને સાકરમાં નૂકશાની થતા કર્મચારીઓને બે મહિનાનો પગાર આપી છૂટા કર્યા. પિતાશ્રીએ થોડો સમય નેણશી દેવશી કાથાવાલામાં નોકરી કરી પછી નાંદગાંવ અમારા મોટા મામા શામજી આણંદજી જીની ચલાવતા હતા તેમણે આડતનું કામ શરૂ કર્યું એટલે પિતાજીને નાંદગાંવ બોલાવ્યા.

અમારા પરિવારમાં આર્થિક તકલીફને કારણે મોટા ભાઇને મુંબઇ મોકલ્યા મુંબઇમાં નાના મામા કામ કરતા હતા. તે રૂની પેઢી લાલજી રામજીની શેલુમાં જીનપ્રેસ હતી ત્યાં નોકરીએ રહ્યા. પાંચ વર્ષ પછી ૧૯૪૨માં હું પણ તેમની સાથે મુંબઇ આવ્યો. અહીં ચાંપશી આણંદજી દંડને મળ્યા. તેમણે કહ્યું થોડા દિવસ નાંદગાંવ જઇને ડેઇનીંગ લઇ આવો. રૂની પેઢી હીરજી ભારમલ અમારા મામાને રૂની ગાંસડીની ખરીદી માટે જણાવેલ ઔરંગાબાદ-જાલના જઇ રૂા. ૪૦ નગના હિસાબે ૧૩૦૦ ગાંસડી ખરીદી કરી વેગનો મારફત માણેકજી માડણ ટ્રાંસપોર્ટ-મનમાડ ગોડાઉનમાં મોકલી પછી ઇકો દ્વારા મુંબઇ મોકલાવી અને હું પણ મુંબઇ ગયો. હીરજી ભારમલ શેઠે કહ્યું હમણાં દેશમાં જાઓ સીઝન શરૂ થાય ત્યારે આવજો પણ મેં કહ્યું મારે અહીંજ રહેવું છે તો એમણે રૂા. ૩૦ના પગારે નોકરીમાં રાખ્યો. સેલ્સમેન મેઘજીભાઇ સાથે નમૂના ફરતો પછી ગોડાઉન કીપરનું કામ સંભાળ્યું. પેઢીમાં સુવાનું અને ૧૩ રૂપિયામાં વીશીમાં જમવાનું તથા બે રૂપિયા બીજો ખર્ચ થતો. રૂના નમૂના લઇ રૂબી મિલની ઓફિસે પહોચાડતા જેના આઠ આના મળતા. મસ્જિદ સ્ટેશન પર મુંગદાળના ભજિયા, ચા-નાસ્તો કરી પેઢીએ આવી જતા.

૪૫ વરસની નોકરી પછી રિટાયર્ડ થયા. કું. તરફથી અમરાવતી રહેવા મોકલ્યા. અહીં મિલોને વેચેલો માલ સ્ટોક રહેતો હતો. મુંબઇથી ઓર્ડર મળતા ટ્રકમાં માલ રવાના કરતા. સીઝનમાં કચ્છ ૪૦ ગામોમાં ફરતા, પંજાબમાં ૩૫ ગામો ફર્યા. ઉપરાંત મરાઠાવાડા, વિદર્ભ, મધ્યપ્રદેશ, આંધ્ર, કર્ણાટક તથા સૌરાષ્ટમાં અનેક ગામોમાં ફર્યા. રીટાયર થયા પછી આડતિયા ફરામજી દોટીવાલામાં ત્રણ વર્ષ કામ કર્યું. હાલમાં અમરાવતીમાં પરિવાર સાથે નિવૃત જીવન ગાળું છું.

**નવા/બદલાયેલા સરનામા/ફોન –** (પુરું નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

| | |
|---|---|
| **અશોક લાલજી લાલકા**<br>(PS 3840) | એ-૧૪૦૧, શાંતિ હાઈટ્સ કો.હા.સો., સેક્ટર ૧૧, પ્લોટ ૨, ૩, ૯બી અને ૧૦, કોપરખૈરને, નવી મુંબઈ-૪૦૦ ૭૦૯. મો.: ૦૯૯૨૦૪૨૧૪૪૪ / ૦૯૩૨૨૩૨૧૪૪૪ |
| **અશોક રતીલાલ શાહ (લોડાયા)**<br>(PS 2512) | બી-૧૫૦૬, દૈવત બિલ્ડીંગ, વૈશાલી નગર પાસે, કલ્પનગરી, બાલરાજેશ્વર રોડ, મુલુંડ (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૮૦.<br>મો. : અશોક - ૦૯૮૬૭૪૭૫૭૯૭ / ૦૮૭૭૯૨૩૦૪૬૧<br>મો. : જયપ્રભા - ૦૯૩૨૦૪૭૫૭૯૭ / ૦૯૭૬૯૬૫૭૦૦૬ |
| **શાંતિલાલ ભવાનજી ગોસર**<br>(PS 6712) | બી-૩, શ્રીનાથજી સોસાયટી, જુનુ ધુલે હાઈવે, જૈન પાઈપ રોડ, દુધ ફેડરેશનની સામે, જલગામ - ૪૨૫ ૦૦૧. મો.: ૦૭૫૦૭૨૫૪૦૦૭ |
| **ગુલાબચંદ કેશવજી લોડાયા**<br>(PS 3350) | પાંચમે માળે, ૫૦૩, સિધ્ધિવિનાયક એપાર્ટમેન્ટ, પ્લોટ નં. ૨૩, માનપાડા રોડ, રવિકિરણ સોસાયટી પાસે, ડોમ્બીવલી (ઈ)-૪૨૧ ૨૦૧. મો.: ૦૯૮૭૦૫૫૩૨૦૫ |
| **હેમંત હીરાલાલ જીવાણી**<br>(PS 4152) | PA-44, વર્ધમાન નગર, ભુજોડી અને માધાપરની વચ્ચે, ભુજોડી-૩૭૦ ૦૨૦, કચ્છ. મો.: ૦૯૮૨૫૨૧૪૩૬૫ |
| **જવેરચંદ ભાણજી ડાઘા**<br>(PS 3591) | ૪૦૧, અમી વૃંદાવન કો.હા.સો., દેવીદયાલ ગાર્ડન પાસે, બીપીએસ ક્રોસ રોડ નં. ૪, મુલુંડ (વે.), મુંબઈ-૪૦૦ ૦૮૦. મો.: ૦૯૮૨૦૫૭૬૨૦૧ - જવેરચંદ |
| **જવેરચંદ કેશવજી લોડાયા**<br>(PS 1154) | બી-૭૦૫, ૯મે માળે, દત્ત કૃપા બિલ્ડીંગ, દત્ત કૃપા મંદિરની બાજુમાં, વિલેજ રોડ, ભાંડુપ (વે.), મુંબઈ-૪૦૦ ૦૭૮.<br>મો.: ૦૯૮૩૩૬૩૦૬૦૦ / ૦૯૯૬૭૧૫૨૮૧૫ |
| **જયંતીલાલ જેઠાભાઈ મૈશેરી**<br>(PS 6770) | કે.ડી.ઓ. જૈન સંઘ (ભાટે વાડી), લાયન ગલી, પારોલા - ૪૨૫ ૧૧૧.<br>મો.: જયંતીલાલ - ૦૯૩૨૨૮૦૨૨૨૫ |
| **ખુશાલચંદ લક્ષ્મીચંદ ખોના**<br>(PS 6188) | શ્રીજી નાસ્તા સેન્ટર, શૉપ નં. ૮૮, બી-વિંગ, કટીરા કોમ્પલેક્સ, આરટીઓ સર્કલ, ભુજ - ૩૭૦ ૦૦૧, કચ્છ. મો.: ૦૯૨૦૦૨૬૧૮૦૬ |
| **સુનીલ મેઘજી મોતા**<br>(PS 6158) | ૫૨૯, નક્ષત્ર, ગ્રેટર બ્રજેશ્વરી, આઈડીએ સ્કીમ નં. ૧૪૦, સાકર કુંજની સામે, (માડી ધામ), ઈન્દોર - ૪૫૨ ૦૧૮. (એમ.પી.) મો.: ૦૯૪૨૫૯૯૩૨૯૦ |
| **યશ રવીકાન્ત ગોસર**<br>(PS 7365) | એ-૩૦૨, અલાયન્સ નિસર્ગ લીલા સોસાયટી, શેડગે વસ્તી, શંકર કલત નગર, વાકડ, પુણે - ૪૧૧ ૦૫૭. મો. : ૦૯૦૨૨૨૭૪૧૦૧ |
| **વીરચંદ દામજી મોતા**<br>(PS 7366) | ૧-૬-૨૬, આવાસરબ, બી-૧૦૭, જુનુ મરાઠી નગર, ચૈતન્યપુરી, હૈદરાબાદ - ૫૦૦ ૦૬૦. મો.: ૦૯૦૩૨૧૧૯૭૫૪ |

## જીવનચક્ર

### જન્મ

| | | | | |
|---|---|---|---|---|
| ૨૮-૦૯-૧૮ | કારંજા | અંશ, અમર લલીત ગોશર | બારોઈ | પુત્ર |
| ૧૩-૦૨-૧૯ | કલ્યાણ | અમાયરા, કિંજલ જયેશ મૈશેરી | કોઠારા | પુત્રી |
| ૨૦-૦૨-૧૯ | ઘાટકોપર | મોહી, પ્રાચી અંકુર કમલેશ સાંયા (શાહ) | સુજાપર | પુત્રી |
| ૨૬-૦૨-૧૯ | કોઈમ્બતુર | નિધાન, કૃતિ જીનેશ પ્રદીપ લોડાયા | સાંયરા | પુત્ર |

### સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૨૩-૦૨-૧૯ | ભાંડુપ | રોનક ચંદ્રકાન્ત મેઘજી મોમાયા | વરાડીયા | - |
| | ડોમ્બીવલી | સ્નેહા દિનેશ કલ્યાણજી નાગડા | જખૌ | - |
| ૦૪-૦૩-૧૯ | ખાંડેશ્વર | નિમિત ઉત્તમ ખેતશી મોમાયા | સાંયરા | ૩૨ |
| | મુલુંડ | જુહી પિયુષ ગુલાબચંદ મોમાયા | વરાડીયા | ૨૭ |

## આંતરજ્ઞાતિય સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૧૯-૦૨-૧૯ | જામનગર | નિખિલ જયેશ ભગવાનદાસ અદલાજ | જામનગર | ૩૦ |
| | જામનગર | અંજલી વિમલ ચંદુલાલ લોડાયા | મોટી ખાવડી | ૨૪ |

## લગ્ન

| | | | | |
|---|---|---|---|---|
| ૩૦-૧૨-૧૮ | ખામગામ | વિક્રમ વિજય નવીનચંદ્ર નાગડા | નલિયા | ૨૮ |
| | કોચીન | પૂજા મહેન્દ્ર માણેકજી લોડાયા | સાંયરા | ૨૭ |
| ૨૮-૦૧-૧૯ | કાંકરોલી | ધર્મેશ માણેકજી ધનજી દંડ | લાલા | - |
| | મુલુંડ | એકતા રાજેન્દ્ર આણંદજી ધરમશી | સુથરી | - |
| ૨૩-૦૨-૧૯ | વિક્રોલી | શ્રેયસ બંકીમચંદ્ર દામજી ધરમશી | ભરૂડીયા | - |
| | જામનગર | આરતી જતીન કાનજી દંડ | ભરૂડીયા | - |

## આંતરજ્ઞાતિય લગ્ન

| | | | | |
|---|---|---|---|---|
| ૨૪-૦૨-૧૯ | ડોમ્બીવલી | ચિંતન મુકેશ ભવાનજી લોડાયા | મોટી સિંધોડી | ૨૮ |
| | ડોમ્બીવલી | કિંજલ ખુશાલ લાલજી સંગોઈ | ગુંદાલા | ૨૭ |

## આંતરજ્ઞાતિય છૂટાછેડા

| | | | | |
|---|---|---|---|---|
| ૧૮-૧૨-૧૮ | સાંગલી | હિતેન દિલીપ લખમશી ખોના | ગોરખડી | ૨૯ |
| | મુલુંડ | કાજલ નિતીન ઠક્કર | સાંધવ | ૨૪ |

## મરણ

| | | | | |
|---|---|---|---|---|
| ૨૧-૦૧-૧૯ | મુલુંડ | પુષ્પાબેન ચીમનલાલ મોમાયા | વરાડીયા | ૭૩ |
| ૦૬-૦૨-૧૯ | ચેન્નાઈ | મીનાબેન પ્રવીણ ડાઘા | વરાડીયા | ૭૩ |
| ૦૮-૦૨-૧૯ | માંડવી | કાન્તીલાલ પદમશી આણંદજી દંડ | લાલા | ૭૬ |
| ૧૦-૦૨-૧૯ | મસ્જીદ બંદર | નવલબેન મુલજી ખીંયશી લોડાયા | આરીખાણા | ૭૮ |
| ૧૮-૦૨-૧૯ | વલસાડ | કુમુદ સંજય ચાંપશી દંડ | સાંધવ | ૩૬ |
| ૧૮-૦૨-૧૯ | માંડવી | જવેરીબેન જેઠાભાઈ લીલાધર લોડાયા | કોઠારા | ૮૦ |
| ૨૦-૦૨-૧૯ | પાલીતાણા | દિલીપભાઈ કુંવરજી ધરમશી | ભરૂડીયા | ૬૨ |
| ૨૬-૦૨-૧૯ | ગોરેગામ | પ્રીતિબેન પ્રવિણભાઈ મોતા | કુઆપધર | ૬૪ |
| ૨૬-૦૨-૧૯ | બેંગલોર | ધનલક્ષ્મી નરેન્દ્ર લાપસીયા | દલતુંગી | ૬૭ |
| ૨૭-૦૨-૧૯ | સેંધવા | સુશીલ પદમશી ગોશર | ગોએરસમા | ૬૪ |
| ૨૮-૦૨-૧૯ | સોલાપુર | મણીલાલ ડૂંગરશી લોડાયા | કોઠારા | ૮૪ |
| ૦૧-૦૩-૧૯ | નાગપુર | હરીશ પદમશી લોડાયા | નલિયા | ૬૭ |
| ૦૨-૦૩-૧૯ | રાયપુર | રતનબેન શરદ મોમાયા (ચક્ષુદાન કરેલ છે) | વરાડીયા | ૬૯ |
| ૦૩-૦૩-૧૯ | ડોમ્બીવલી | રંજનાબેન જેતસી વેરશી લોડાયા | મોટી ખાવડી | ૭૯ |
| ૦૫-૦૩-૧૯ | ગોરેગામ | મણીલાલ ત્રિકમજી દેવજી ડાઘા | દલતુંગી | ૭૮ |

## ધર્મ સંદેશ - ૧૩૫ નો ઉકેલ

આડી ચાવીઓ -
(૧) અંગારશા (૩) ઉણોદરી (૫) તારાજ (૬) પાંચ (૭) મત્થએણ
(૯) ક્ષત્રિય કુંડ (૧૩) મહુવા (૧૫) સંગમ (૧૭) પોંજણી (૧૯) સુલસા
(૨૧) રાજીમતી (૨૨) શીવ (૨૩) દીવા (૨૪) પાલ (૨૫) દેલવાડા
(૨૬) ચન્દ્ર (૨૭) નવ (૨૮) કાવી (૨૯) ભુવન (૩૦) ઓસીયાજી

ઊભી ચાવીઓ -
(૧) અંતરીક્ષ (૨) શાતા (૩) ઉજમ (૪) પાંચમ
(૮) એક (૧૦) યક્ષિણિ (૧૧) ડમરુ (૧૨) રાગ
(૧૪) વાસુદેવ (૧૫) સંસાર (૧૬) મગરવાડા
(૧૮) જયજીનેન્દ્ર (૨૦) સતી (૨૨) શીલ (૨૩) દીવા
(૨૪) પાવન (૨૫) દેવીઓ (૨૬) ચક્ષુ (૨૭) નવ

## કચ્છી કસબ - ૧૩૫ નો ઉકેલ

આડી ચાવીઓ -
(૧) વઢ (૨) વિચોણી (૩) અણસાર (૫) નિયાં (૬) વેટ્ટે (૮) જોગળેતો
(૧૦) પેણી (૧૧) જોગ (૧૩) બોરો (૧૪) કીં (૧૫) મન (૧૭) ડીં
(૧૮) જોગ (૨૦) થકાય (૨૧) ચતો (૨૩) ભરજલો (૨૫) નોખ
(૨૬) રખે (૨૭) બ્યો (૨૯) લભો (૩૦) તોરકો (૩૩) મોકો
(૩૪) ભરામણ (૩૫) લેલો (૩૬) ચાગલા (૩૭) સોકો)

ઊભી ચાવીઓ -
(૧) વડાઈ (૨) વિયાં (૩) અટ્ટેગટ્ટે (૪) રતો (૫) નિયાણી
(૬) વેજો (૭) નોલો (૯) તોજો (૧૦) પેરોજો (૧૨) ગરેતો
(૧૫) મથલો (૧૬) નકા (૨૧) ચખ (૨૨) જરોલ
(૨૪) રખેતો (૨૫) નોરૂં (૨૮) જોકોતોકો
(૨૯-અ) ભોઘીલો (૩૧) કોભલા (૩૨) જેમણ

## ભાવપૂર્ણ શ્રધ્ધાંજલિ



### સૌ. મીના પ્રવીણ ડાગા

વરાડીયા-ચેન્નાઈ

દેહધારણ : તા. ૧૪-૦૬-૧૯૪૬
દેહવિલય : તા. ૦૬-૦૨-૨૦૧૯

ભવચક્રની સફરનો આ પડાવ (શરીરયાત્રા) સફળ રહ્યો
''સફળતા'' બે અર્થમાં કે ભાસમાન સત્ય (શરીર)થી
અંતીમ સત્ય (આત્મા) સુધીના પ્રવાસમાં
યોગ્ય માર્ગદર્શનના કારણે,
થોડા પગલા યોગ્ય દિશામાં ભર્યા.

ભવિષ્યમાં આ યાત્રા ''અંતીમ સત્ય''ના દર્શન
(સ્વાનુભવ) થાય ત્યા લગી ચાલુ રહેશે.

વિશ્વમાં સમસ્ત જીવોનુ મંગલ થાય.
બધા મુક્તી પામે એવી મંગલ ભાવના...

**શોકાતુર**

સ્વ. કસ્તુરબાઇ દામજી વેલજી ડાગા (વરાડીયા) સમસ્ત પરિવાર
માતુશ્રી હીરબાઇ રામજી વેલજી ડાગા (વરાડીયા) સમસ્ત પરિવાર
સ્વ. ખેતબાઇ મુરજી નરસી લાલકા (નલીયા) સમસ્ત પરિવાર
સ્વ. પ્રભાવતી ચીમનલાલ જેઠાભાઇ (વરાડીયા) સમસ્ત પરિવાર

| | |
|---|---|
| પતી | : પ્રવીણ દામજી ડાગા (ચેન્નાઇ) |
| વેવાઇ | : શ્રીમતી વિજયાબાઇ મણીલાલ નાગડા (નલીયા) |
| વેવાઇ | : શા. લક્ષ્મીચંદ ચાંપશી દંડ (લાલા) |
| વેવાઇ | : શા. રમેશભાઇ જેઠાભાઇ નાગડા (નલીયા) |
| પુત્રવધુ-પુત્ર | : સૌ. ચેતના અતુલ ડાગા (ચેન્નાઇ) |
| દીકરી-જમાઇ | : સૌ. અનીતા ગીરીશ દંડ (અમદાવાદ) |
| દીકરી-જમાઇ | : સૌ. મિતા ધર્મેશ નાગડા (કોચીન) |
| પૌત્રી-જમાઇ | : સૌ. શ્રુતિ હેમાંગ અજીતભાઇ મહેતા (બેંગલોર) |
| દૌહીત્રીવધુ-દોહીત્ર | : સૌ. કૃપા રૂષભ ગીરીશ દંડ |
| પૌત્રી-દોહીત્ર અને દૌહીત્રી | : ચી. તૃપ્તી અતુલ, ધ્રુવ ધર્મેશ, શ્વેતા ગીરીશ |

## માસિક પુણ્યતિથિએ ભાવપૂર્ણ શ્રધ્ધાંજલિ



### માતૃતુલ્ય પુષ્પાબેન દામજી લોડાયા

સ્વર્ગવાસ : તા. ૦૮-૦૨-૨૦૧૯

આસમાનથી ખરી પડ્યો તેજસ્વી તારો
કદી ભુલાય નહીં હસમુખો ચહેરો તારો
લડાખ જેવી દેવભૂમિ પર લુંટાયો
અકાળે અમારો લાખેણો ખજાનો
હવે નહીં મળે અમને આવો સંગ મજાનો

આપની આત્મા જ્યાં પણ હોય
જલ્દી મોક્ષગામી બને...

**મે. હંસરાજ વિશનજી એન સન્સ્**
**તથા**
**કર્મચારી ગણ**



CDO Prakash Samiksha R.N.I.No. MAHGUJ/1998/04640 Postal Regd. No. MCS/217/2018-2020
Date of Publication every month 5th & 20th
Posting : 8/9 & 23/24 of Every Month Posted at Mumbai Partika Channel Sorting Office, Mumbai - 400 001

# પ્રથમ પુણ્યતિથિએ સ્મૃતિ વંદના



જન્મ :
તા. ૦૨-૦૩-૧૯૪૮

અરિહંત શરણ :
તા. ૦૭-૦૩-૨૦૧૮

## સ્વ. શ્રી નરેન્દ્રભાઈ જીવરાજભાઈ મોમાયા (શાહ) - ગામ : નલીયા

ચંદન જેવું જીવન જીવીને સુખ અમ સહુને દઈ ગયા,
બાળપણ થી અંત સુધી તનતોડ મહેનત કરી અમોને સુખનો સાગર સોંપી ગયા.
આપની હયાતી અમારી હુંફ હતી, આપની છત્રછાયા અમારૂં પ્રેરણાબળ હતું.

સ્નેહભર્યા સંસ્મરણો સાચવીશું જીવનભર સાચા જતનથી
પ્રભુ આપના પુનિત આત્માને પરમશાંતી આપે એવી પ્રાર્થના.

યાદ સ્વરૂપે સદા આપનું સાંનિધ્ય પ્રાપ્ત કરનાર.

**આપના પરિવારજનો**

| | | |
|---|---|---|
| ધર્મપત્ની | : | ગં.સ્વ. નયનાબેન નરેન્દ્રભાઈ મોમાયા (શાહ) |
| માતુશ્રી | : | સ્વ. કમલબાઈ જીવરાજ ભવાનજી મોમાયા |
| માતુશ્રી | : | સ્વ. જેવંતીબેન જેઠાભાઈ લોડાયા પરિવાર |
| સાસુ-સસરા | : | સ્વ. લીલાવંતીબેન મુલચંદભાઈ છેડા પરિવાર (સુજાપર-નાંદેડ) |
| પુત્ર-પુત્રવધુ | : | અ.સૌ. યોગીતાબેન અભયભાઈ મોમાયા (અંજાર) |
| પુત્ર-પુત્રવધુ | : | અ.સૌ. પ્રમીતાબેન મેહુલભાઈ મોમાયા (ગુન્ટુર) |
| પુત્ર-પુત્રવધુ | : | અ.સૌ. યામીનીબેન ભરતભાઈ મોમાયા (અંતરજાળ) |
| પૌત્ર-પૌત્રી | : | ચિ. મોહિત, વૈભવ, હર્ષ, અક્ષયા, હિતાંશી |

If undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA**
**C/o. Madhu Entertainment & Media Ltd.,**
A/704, Remi Bizcourt, Plot No. 9, Shah Indl. Estate,
Off Veera Desai Road, Andheri (W), Mumbai-400 053.

To,

Printed, Published & Edited by : **RAICHAND R. NAGDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA SAMITI** and Printed at **THE NEW MILLENNIUM PRINTERS,** 314, Mathuradas Mill Compound, N.M. Joshi Marg, Lower Parel, Mumbai - 400 013. and Published from 13A, 29/41, Tamarind Lane, Rajabahadur Compound, Fort, Mumbai - 400 001.